णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક સંગ્રહ : ૧૯

# આગમોદ્ધારકની અમૃતવાણી

દેશનાકાર : પૂ. આગમોદ્ધારક-આચાર્યપ્રવરશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

—: પ્રકાશક :—

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સુરત.

વીર સં૦ ૨૪૯૫ વિક્રમ સં૦ ૨૦૨૫ આગમોદ્ધારક સં૦ ૨૦

: પ્રાપ્તિસ્થાન :

જૈન આનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

મૂલ્ય રૂ. ૨-૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આ પુસ્તક પ્રકાશનમાં દ્રવ્યસહાયકો

૫૧) પૂ. આગમોદ્ધારક **આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. **ની** શુભપ્રેરણાથી સુરત નિવાસી અમરચંદ ફકીરચંદ ઝવેરીના સુપુત્ર અનિલકુમાર તથા પુત્ર–વધુ વીણાબેન તરફથી

૫૧) અમરચંદ ફકીરચંદ ઝવેરીના સુપુત્ર મહેન્દ્રકુમાર તથા પુત્રવધુ મિનાક્ષીબેન તરફથી.

૩૧) જીવણચંદ લક્ષ્મીચંદ ઝવેરીના ધર્મપત્ની કોકીલા-બેનના શ્રેયાર્થે તેમના સુપુત્ર અક્ષયકુમાર તરફથી.

૧૦૧) **પૂ. આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મ. ના શિષ્ય મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ. ની શુભ પ્રેરણાથી નિર્મલાબેન બાલુભાઈ વીરચંદ ઝવેરી તરફથી હ. મંગીબેન ફુલચંદ કલ્યાણચંદ

૫૧) **પૂ. ઉપાધ્યાયજી ક્ષમાસાગરજી** મ. ના પ્રશિષ્ય મુનિરાજશ્રી શશિપ્રભસાગરજી મ. ની પ્રેરણાથી લસુંદ્રા ગામ નિવાસી શ્રી જૈનસંઘ તરફથી.

૫૧) સુરત નિવાસી માણેકચંદ ડાહ્યાભાઈ ચોકસીના સુપુત્રો ચંપકલાલ તથા જયંતીલાલભાઈ તરફથી.

૨૫) સુરત નિવાસી ઈશ્વરલાલ ફુલચંદ શાહ તરફથી.

૧૫૧) પૂ. મુનિરાજ શ્રી વસંતસાગરજી મ. ની શુભ–પ્રેરણાથી રાંદેર શ્રી જૈનસંઘ તરફથી.

૨૫) નગીનદાસ લક્ષ્મીચંદ શાહ રાંદેર તરફથી.

૨૫) ઈશ્વરલાલ લલ્લુભાઈ શાહ રાંદેર તરફથી.

૨૫) મગનલાલ જગજીવનદાસ શાહ હ. સાકરચંદ હીરાચંદ શાહ રાંદેર તરફથી.

૨૫) ડૉ. નવીનચંદ્ર ફતેચંદ મહેતા રાંદેર તરફથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય નિવેદન

અમારી આ 'જૈન પુસ્તક **પ્રચારક સંસ્થા** પૂર્વાચાર્યોના અને પરમતારક ગુરૂદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની કૃતિઓનું પ્રકાશન કરે છે, અને ભવિષ્યમાં પણ પૂર્વાચાર્યોની પૂ. ગુરૂદેવશ્રીની તેમજ તેવી શાસન ઉપયોગી બીજી આધુનિક કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના રાખે છે. તે પૈકી પૂ. ગુરૂદેવશ્રીએ આપેલા વ્યાખ્યાનનો સંગ્રહ **આગમોદ્ધારકની અમૃતવાણી** નામનો ગ્રંથ સંસ્થાના ૧૯માં રત્નતરીકે પૂ. ગુરૂદેવશ્રીના પ્રખર અનુરાગી મુનિરાજશ્રી **ગુણસાગરજી મહારાજ**ની પ્રેરણાથી બહાર પડે છે.

આનું સંશોધન કાર્ય આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ**ની પાસે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરનારા તથા આચાર્ય પદપર્યંતની તમામ અનુપમ પદવીઓ પ્રાપ્ત કરનારા તથા આચાર્ય પદપર્યંતની તમામ અનુપમ પદવીઓ પ્રાપ્ત કરનારા, વિદ્યાવ્યાસંગી, સંગીતના અભ્યાસી, નિરભિમાની અને આત્માર્થી સૌરાષ્ટ્રાન્તર્ગત મૂલીનગરમાં ચાતુર્માસ રહી સં. ૧૯૯૫માં મૂળીનરેશ શ્રી **હરિશ્ચંદ્રસિંહજીને** પ્રતિબોધ કરી અમારી પટહ વગડાવવા પૂર્વક વિ. સં. ૧૯૯૬માં અંજન શલાકા કરાવનારા તથા આગમોદ્ધારકશ્રીની પુનિત જન્મભૂમિ શ્રી કર્પટવાણિજ્ય (કપડવંજ) નગરમાં અંજનશલાકા તથા ગુરૂમૂર્તિ બિરાજમાન કરાવનારા, તથા વીસતીર્થંકર પરમાત્માના નિર્વાણથી પવિત્ર થએલા **સમેત–શિખરજી મહાતીર્થ**માં અનેક જિનબિમ્બોની અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનારા ( સં. ૨૦૧૭ મહા વદ ૭) તથા ૨૦મા **શ્રીમુનિસુવ્રતસ્વામિ**ના ચાર કલ્યાણકોથી પવિત્ર થએલી અને **શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્મા**એ જ્યાં ૧૪ ચાતુર્માસ કરી જ્યાંની પવિત્રતામાં અભિવૃદ્ધિ કરી છે, એવા પરપુનિત **રાજગૃહી–તીર્થમાં** નૂતન જિનાલયમાં મૂલનાયક **શ્રીમુનિસુવ્રતસ્વામિની** વિશાળકાય ભવ્ય જિનબિંબ વિગેરેની અંજન શલાકા પ્રતિષ્ઠા સં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૦૧૭માં કરાવીને કલકત્તા શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી **આગમોદ્ધારકશ્રીના ઉપદેશથી** બંધાએલ ૯૬ કેનીંગસ્ટ્રીટના જૈન શ્વે૦ મૂ૦ ગુ૦ ત૦ ઉપાશ્રયે વિશાળ સમુદાય સાથે ચાતુર્માસ પૂર્ણ કરી બંગાલ, બિહાર, ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશ વિગેરે તીર્થભૂમિની સ્પર્શના કરી સં. ૨૦૧૮માં મહારાષ્ટ્રાન્તર્ગત હિંગનઘાટમાં શ્રીમાન્ શેઠ બંસીલાલજી કોચરની આગ્રહભરી વિનતિનો સ્વીકાર કરી ચાતુર્માસ કરા સં. ૨૦૧૯માં જિનબિંબોની પ્રતિષ્ઠા અને ઉદ્યાપન મહોત્સવ કરાવનારા અનેક ચાતુર્માસોમાં આગમો તથા પ્રૌઢ ગ્રંથોની પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોને વાંચના આપનારા, પૂર્વાચાર્યોના સ્તોત્રો, સર્વજ્ઞશતક–સ્વોપજ્ઞવૃત્તિ તથા બાલાવબોધસહ, ગુરુતત્વપ્રદીપ, ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા વિગેરે અદ્વિતીય ગ્રંથોનું તથા આગમોદ્ધારકશ્રીના વિરચિત વિદ્વદ્ ભોગ્ય ન્યાયાવતારવૃત્તિ, વિંશતિવિંશિકાવૃત્તિ, ૧૬૦૦ પ્રશ્નોત્તરાત્મક તાત્વિકપ્રશ્નોતરાણિ વિગેરે અનેક ગ્રંથોનું સંપાદન કરનારા, તથા ઉદ્યાપન–ઉપધાન–વડીદીક્ષા–પદપ્રદાન–પ્રતિષ્ઠા વિગેરે અનેક શાસન ઉન્નતિના કાર્યો કરાવનારા આગમોદ્ધારકશ્રીના **અનન્ય–પટ્ટધર ગચ્છાધિપતિ આચાર્યભગવાન્ શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મહારાજશ્રી**ના પરમવિનયિ શતાવધાની ગણિવર્ય **શ્રી લાભસાગરજી મહારાજે** કરેલ છે.

આ પુસ્તકના પ્રકાશન કાર્યમ સહાયભૂત થનાર પૂ. મુનિરાજ શ્રી અરૂણોદયસાગરજી મ. શશિપ્રભસાગરજી મ. પુણ્યોદયસાગરજી મ. બાલમુનિ મહાબલસાગરજી મ. ના પણ અમો ઋણી છીએ.

અંતમાં આ વ્યાખ્યાનોના વાંચન–મનન દ્વારા ભવ્ય જીવો આરાધના કરો એજ અભ્યર્થના.

વિ. સં. ૨૦૨૫
શ્રી મહાવીર સ્વામી આદિ
૧૨૦ જિનપ્રતિમાનો પ્રવેશદિન
આસો સુદ ૧૦ (વિજયાદશમી)
ગોપીપુરા, સુરત–૨

લી.
**મદ્રાસી પાનાચંદ સાકેરચંદ**
**ચોકસી મોતીચંદ કસ્તુરચંદ**
**ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| **વ્યાખ્યાન-૧** | પૃ. ૧–૧૮ |
| શાસ્ત્રો સમજવાને બુદ્ધિ જોઈએ. | ૧ |
| ધર્મ કોને માટે છે ? | ૩ |
| કર્તવ્ય શું ? | ૪ |
| મનુષ્યપણું એ તમારી મૂડી છે. | ૬ |
| પરીક્ષક, વિદ્યાર્થીના કાર્યને આધીન છે. | ૬ |
| સદ્દગતિ અને દુર્ગતિ શી રીતે મળે છે ? | ૭ |
| મરણનો ભય રાખવો નકામો છે. | ૮ |
| મૃત્યુને આનંદનો સમય માનો. | ૯ |
| મરણ એ પણ એક જાતનો સમન્સ છે. | ૧૦ |
| કર્મની સત્તા પણ મર્યાદિત છે. | ૧૧ |
| આયુષ્ય ટકે કેવી રીતે ? | ૧૩ |
| ભણેલાએ તો ભુંડું કર્યું. | ૧૪ |
| તમારી દ્યાનત તપાસી જુઓ. | ૧૫ |
| ચાર રહ્યા પણ દસ ગયા. | ૧૬ |
| જ્ઞાની હોય તે શાનો વિચાર કરે ? | ૧૭ |
| **વ્યાખ્યાન-૨** | પૃ. ૧૯–૨૮ |
| રાજ્યમાં રાજીનામા શાથી અપાય છે ? | ૧૯ |
| ઇચ્છા કેવા સુખની છે ? | ૨૦ |
| કર્મ ક્યાં હલ્લો કરી શકતું નથી ? | ૨૧ |
| અજબ ભાગીદારીની કંપની. | ૨૨ |
| તૃષ્ણાનો છેડો ક્યાં ? કપિલનું દૃષ્ટાંત. | ૨૫ |
| **વ્યાખ્યાન-૩** | પૃ. ૨૯–૩૯ |
| ફૂંકી ફૂંકીને ઉંદર કરડે છે એજ કારણે મનુષ્ય જાગી જતો નથી | ૨૯ |
| જનારા પદાર્થોને ક્યાં ગોઠવવા ? | ૩૦ |
| મરણ બેય માટે નિશ્ચિત છતાં આસ્તિક નાસ્તિકનાં વર્તનમાં ભેદ કેમ ? | ૩૦ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર્શન અને ચારિત્ર મોહનીયની તરતમતા. ૩૩
બળતું ખોયડું કૃષ્ણાર્પણ. ૩૫
તપ એ પીડા છે કે પીડા ટાળનાર છે? ૩૬
સંયમને આપણે કેવું માનીએ છીએ? ૩૯
**વ્યાખ્યાન-૪** પૃ. ૪૦-૫૧
બાળકને કોહીનૂરની કિંમત કેટલી? ચાટવા જેટલી ...૪૦
કલ્યાણકર ભાવ પણ આવે કયારે?
ધર્મક્રિયા રોજ થાય ત્યારે જ. ૪૧
એક વખત પમાયેલા ધર્મનું ફલ નાશ પામતું જ નથી.
ધર્મ સર્વથા નાશ પામતોજ નથી. ૪૨
ચોથા આરાના સાધુઓ કરતાં પાંચમા આરાના
સાધુઓ કેવા? ૪૪
દ્રવ્ય, ક્ષેત્ર. કાળ, ભાવ, ધર્મના રક્ષણાર્થે જોવાના છે;
નાશ માટે નહિં. ૪૮
પડેલાને જોઈ ધર્મીએ તો વધારે મજબુત થવું જોઇએ. ૫૦
**વ્યાખ્યાન-૫** પૃ. ૫૨-૬૮
દિશા ભૂલ્યો. ૫૨
નોટીસો મળે છતાં ન ચેતે તે કેવો? ૫૩
ભવ્યાભવ્યસ્વરૂપવિચારણા. ૫૫
નરકગતિની સિદ્ધિ. ૫૭
નારકીમાં વધારે વેદના કોને? સમકીતિને. શાથી? ૬૧
શાસનપક્ષવાળાઓ તથા સુધારકોમાં ફરક કયાં છે? ૬૩
નારકીમાં, દેવલોકમાં, તિર્યંચમાં ચારિત્ર કેમ નથી? ૬૫
મોક્ષની સીડી મનુષ્યભવજ. ૬૭
**વ્યાખ્યાન-૬** પૃ. ૬૯-૧૦૬
ભવરૂપી મહામેળો. લૌકિક અને લોકોત્તર. ૬૯
સંસારમાં પણ વિચાર જોઇએ. ૬૯
સર્વજ્ઞોની અવિચારશીલતા. ૭૦
વિચાર કરવાનો કોને હોય? ૭૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| સિદ્ધ વસ્તુનો વિચાર નથી. | ૭૨ |
| જ્યાં અજ્ઞાન છે ત્યાં વિચાર છે. | ૭૨ |
| કેવળત્વની મહાનતા. આર્યશાસ્ત્રોનો અભિપ્રાય, | ૭૪ |
| પંચેન્દ્રિય અસંજ્ઞી કોણ ? | ૭૫ |
| અસંજ્ઞીપણાની વ્યાખ્યા. | ૭૬ |
| કોઈ પણ અસંજ્ઞી રહેશેજ નહિ. | ૭૭ |
| શાસ્ત્રાધાર શું છે તે જુઓ. | ૭૭ |
| કાળો રૂપાળો ગણાય નહિ ? | ૭૮ |
| એક પૈસાથી પૈસાદાર. | ૭૯ |
| અત્યંત વિચાર જોઈએ. | ૮૦ |
| આહારમાં કીડી પણ બુદ્ધિશાળી છે. | ૮૧ |
| વિષયોની પ્રાપ્તિનો પ્રેમ. | ૮૧ |
| એક પૈસાથી પૈસાદાર નહિ કહેવાય. | ૮૨ |
| લાડવા જેટલો ખાડો ખોદશે. | ૮૩ |
| ચોરની કળા અનુકરણીય નથી. | ૮૪ |
| પ્રાણી માત્રમાં સંરક્ષણ બુદ્ધિ છે. | ૮૪ |
| એક અપૂર્વ બુદ્ધિમત્તા. | ૮૫ |
| સાચું સંજ્ઞીપણું ક્યાં છે ? | ૮૬ |
| એ તો માગી આણેલી શ્રીમંતાઈ છે. | ૮૬ |
| આત્માના હિસાબે પારકી ચીજ. | ૮૭ |
| જમા અને ઉધાર. | ૮૮ |
| ભેંસ ગાય અને આપણે. | ૮૯ |
| આ અસાર સંસારનો ખેલ. | ૮૯ |
| માત્ર ટેવને જ લીધે. | ૯૦ |
| આત્મકલ્યાણ શામાં છે ? મનુષ્ય બળદ બંને સમાન. | ૯૧ |
| તમારી જ કમાણી ઉપર. | ૯૨ |
| બધાનો ભાર તમારા માથે. | ૯૩ |
| રડવાનું થાય છે, તેમાં હેતુ શો ? મન પણ તમારૂં નથી. | ૯૪ |
| ધૂળ પીલવાથી તેલ ન નીકળે. | ૯૫ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


આત્મભાન ક્યાં થાય છે. ૯૬
બી ન વાવો તો ઘાસજ ઊગી નીકળે. ૯૬
મિથ્યાત્વનો પ્રવેશ રોકો. ૯૭
જાનવરોને માત્ર ચાલુ ભવનોજ વિચાર છે. ૯૮
જવાબદારી સમજો. ૯૮
વિશ્વરૂપી મહામેળો. ૯૯
ગાંઠની મુડી ગુમાવી. છત્રીસ હજાર દિસવનો મેળો. ૧૦૦
ભાડે રાખેલી દુકાન. ૧૦૧
જોખમદારી પણ જબરી છે. ૧૦૨
ભાડું પહેલાંજ આપી દીધું છે. ૧૦૨
"શો" થી શો દહાડો વળ્યો ? ૧૦૩
એ મહારસાયણ પચાવો. ૧૦૪
ભવ એ ભાડુતી દુકાન. ૧૦૫
સંજ્ઞાના ત્રણ પ્રકાર. ૧૦૫
આત્માની ઉન્નતિ કેમ થાય ? ૧૦૬
**વ્યાખ્યાન–૭** પૃ. ૧૦૭ થી ૧૪૪
ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ? ૧૦૭
આંધળાની ટોળી. ૧૨૧
તામલિતાપસની ઘોર તપશ્ચર્યા. ૧૩૧
"વર વિનાનો વરઘોડો." ૧૩૪
હોકાયંત્ર. ૧૩૯
મોક્ષ મળવામાં માત્ર છદ્મતપની ન્યૂનતા. ૧૪૩

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૧. | ૨ | પાંચમે | આઠમે |
| ૧૦૭ | ૧૮ | सिज्झंति | सिज्झंति |
| ૧૨૭ | ૧૧ | सिज्झति | सिज्झंति |

'શ્રમજીવી સહકારી મુદ્રણાલય લિ.' ગોપીપુરા, બાવાસીદી ટેકરા, સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


પૂ. આગમોદ્ધારક
આચાર્યદેવશ્રી
આનંદસાગર સૂરીશ્વર વંશવૃક્ષ
આ નિશાનીવાળા સ્વર્ગવાસ પામ્યા છે...
યોજક
આગમોદ્ધારકશ્રીના અંતેવાસી મુનિરાજ શ્રી ગુણસાગરજી મ.
ચિત્રકાર પેઈન્ટર કાન્તી સોલંકી... ભાવનગર.
ગુરુદેવ જન્મ દિવસ વિ.સં. ૨૦૨૫ અષાઢ વદ ૭)) આગ.સં. ૨૦

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક–આચાર્ય–પ્રવર–શ્રીઆનંદસાગરસૂરીશ્વરેભ્યો નમ:

# આગમોદ્ધારકની અમૃતવાણી

દેશનાકાર :

આગમોદ્ધારક-આચાર્ય-શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ૦

વ્યાખ્યાન પહેલું

## શાસ્ત્રો સમજવાને બુદ્ધિ જોઈએ

**આ** જગતમાં સ્વાર્થની જ્વાળાનો વિસ્તાર એટલા બધા મોટા પ્રમાણમાં થયો છે કે તેણે માણસની સારાસાર વિચારશક્તિને બાળી મૂકી છે અને તેથીજ જગત્ દુનિયાદારીના સુખ અને વૈભવની પાછળ ઘેલું ગાંડુ થઈને રખડે છે પરંતુ તે આત્મકલ્યાણની લેશમાત્ર પણ પરવા કરતું નથી. આર્યોના વેદો લઈ ને વાંચો, ખ્રીસ્તિઓનું બાઈબલ જુઓ કે મહમદના કુરાનને તપાસો હરકોઇ ધર્મના શાસ્ત્રો આત્મકલ્યાણ સાધવા માટે પોતપોતાના અનુયાયીઓને અવશ્ય સૂચના આપેજ છે. અલબત્ત એ સઘળી સૂચનાઓમાં આત્મકલ્યાણનો સાચો માર્ગ રહેલો છે એમ નથીજ, પરંતુ દરેક પોતપોતાની બુદ્ધિ પ્રમાણે આત્મકલ્યાણનો ઉપદેશ આપે છે. આ ઉપરથી જણાય છે કે બધાએ આત્મકલ્યાણનો ઉપદેશ કરવો જોઈએ અને પોતે પણ તેનું યથાશક્તિ અવલંબન કરવું જોઈએ. આજે આવો

કલિકાલમાં જે અપ્રમત્તપણું તે કિંમત ન આંકી શકાય તેવી રત્નવૃષ્ટિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રયાસ નહિ થતાં તેનાથી ઉલટોજ પ્રયત્ન થાય છે, અને એવા ઉલટા યત્નોને પણ શાસ્ત્રોના વાકયો મૂકીને ટેકો આપવામાં આવે છે એ સમાજની મોટામોટી કમનસીબી છે. શાસ્ત્રો સમજવાને પણ શ્રદ્ધા અને બુદ્ધિ જરૂરી છે. શાસ્ત્ર કહે છે કે વરસાદ વરસતો હોય ત્યારે સાધુએ બહાર જવું નહિ, એજ શાસ્ત્રકાર બીજી બાજુએ એમ કહે છે કે થોડો વરસાદ વરસતો હોય ત્યારે બહાર જવાને માટે વાંધો નથી વસ્ત્રો ભીંજાઈને ભાજનમાં પાણી ન જતું હોય તો તેવે સમયે બહાર જઈ શકાય છે (?) આ બંને વાતો એક જ શાસ્ત્ર કહે છે આટલું છતાં કોઈ પણ બુદ્ધિમાન માણસ એમ નહિ કહે કે આ શબ્દો પરત્વે શાસ્ત્ર પરસ્પર વિરોધી કથન કરે છે. સમજુ માણસો એમજ કહેશે કે શાસ્ત્રની બંને આજ્ઞાઓ અનુકૂળ છે જયારે ઉત્સર્ગમાર્ગ કહેવાતો હોય ત્યારે ઉત્સર્ગ માર્ગજ બતાવવામાં આવે છે અને જયારે અપવાદ કહેવાતો હોય ત્યારે અપવાદનીજ વાતો થાય છે. ઉત્સર્ગ માર્ગ અને અપવાદ બંને પરસ્પર વિરોધી લાગે છે. છતાં સમજવું જોઈએ કે એ બેમાંથી એક પણ વસ્તુ ખોટી નથી બંને વસ્તુ પૂર્ણ રીતે સાચી છે. વધારે સમજ પડે તે માટે એક ઉદાહરણ લો. સોમલ ઝેર છે માટે તે ખાવો ન જોઈએ એ ઉત્સર્ગ છે પણ વૈદ્યશાસ્ત્રી તરતજ એમ કહેશે કે શીતજ્વર બહુ ભયંકર હોય તો તેની શાંતિ માટે થોડો સોમલ ખાઈ શકાય છે. સોમલ ઝેર છે માટે તે ન ખાવો જોઈએ, એ સત્યનું વૈદ્યશાસ્ત્રીએ જે કથન કર્યું તેનો આ અપવાદ થયો. આ બંને વસ્તુઓમાં સિદ્ધાંત પણ ખોટો નથી તેમ અપવાદ પણ ખોટો નથી, શાસ્ત્રોમાં પણ એમજ છે.

---

અરિહંત ભગવાને જે તીર્થ સ્થાપ્યું છે તે તીર્થ સદ્‌બુદ્ધિવાળાઓને સંસારને ભેદવા માટે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં સિદ્ધાંત જોવાનો છે ત્યાં સિદ્ધાંતજ જોવાવો જોઈએ અને જ્યાં અપવાદ જોવો હોય ત્યાંજ અપવાદ લક્ષમાં લેવો જોઈએ.

## "ધર્મ કોને માટે છે?"

સાધુઓએ કાચા પાણીનો સંઘટ્ટો ન કરવો એમ શાસ્ત્ર કહે છે પણ તેજ શાસ્ત્ર એમ પણ જણાવે છે કે સાધુ વિહાર કરતા હોય અને વચમાં નદી આવતી હોય તો સાધુએ જયણાથી નદી ઉતરવી એ વાસ્તવિક છે. જેઓ જિનકલ્પી છે તેઓ જરાપણ વૃષ્ટિ હોય તોયે શાસ્ત્રાજ્ઞાને માન આપીને બહાર જતા નથી. જેઓ સ્થવિરકલ્પી છે તેઓ અલ્પવૃષ્ટિ હોય ત્યારે બહાર જઇ શકે છે. શાસ્ત્રકારો મુખ્ય પક્ષ અથવા સિદ્ધાંતોનો પક્ષ લઇને જણાવે છે કે જેઓ સૂક્ષ્મબુદ્ધિ છે તેમણે સૂક્ષ્મપણે ધર્મને જાણવાનો છે. શાસ્ત્રકારોના આ વિધાનનો અર્થ ઉપર જણાવ્યું તેમ અવળો લઈને આજે એમ કહેવામાં આવે છે કે સંસારીઓ તો સૂક્ષ્મબુદ્ધિના નથી તેમણે ધર્મને જાણવા, વિચારવાની મુખ્યતાએ જરૂર નથી !

આ વિધાન બુદ્ધિનો ચમત્કાર દર્શાવીને અણસમજુને નીચે પાડે છે શાસ્ત્રે તીક્ષ્ણ બુદ્ધિવાળાને સૂક્ષ્મપણે ધર્મ જોવા જાણવાનો કહ્યો છે એનો અર્થ એવો નથી થતો કે સામાન્ય બુદ્ધિવાળાએ ધર્મને જાણવા અનુસરવાની આવશ્યકતાજ નથી. સાધારણબુદ્ધિવાળાએ ધર્મને જાણવાની જરૂર તો છેજ પણ જે સૂક્ષ્મબુદ્ધિવાળા છે તેમણે વધારે સૂક્ષ્મપણે ધર્મતત્વો સમજવાની જરૂર છે એટલોજ શાસ્ત્રકારના કથનનો આશય છે. ધર્મવીર ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રીધર્મબિંદુમાં જણાવે છે કે '**बोधे परीक्षाऽवतार:**' 'ધર્મ સામાન્ય રીતે સમજાયા

હે જિનેશ્વરભગવાન્! ભવોના સમૂહોથી તમારો ઉપકાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી શ્રુતપરીક્ષામાં શ્રોતાને ઉતારવો.

ધર્મોપદેશ એ કાંઇ બરફીની ટોપલીઓ નથી અથવા ગાવાની ઘારી નથી કે જે મોંમાં મૂકી કે સીધીજ પેટમાં જાય. આટલાજ માટે ધર્મોપદેશ આપતાં આરંભમાં સાધારણ ગુણો પહેલાં જણાવવા અને એ રીતે ક્રમે ક્રમે આત્માને ધર્માનુસારી બનાવવો એજ માર્ગને ધર્માચાર્યોએ યોગ્ય માન્યો છે.

## "કર્તવ્ય શું ?

ધર્મોપદેશના આરંભમાં, જેમ જમીનમાં પહેલાં ખાતર નાખવામાં આવે છે તેમ અહિંસા, સત્ય, અદત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે સર્વ સામાન્ય સદ્‌ગુણોજ જણાવવા જોઇએ. આ સદ્‌ગુણોનું નિરંતર શ્રવણ થવાથી આત્મામાં પહેલાં તો ધાર્મિકભાવ ઉત્પન્ન થશે. આત્મા ધર્મનો અર્થી થવા પામશે હવે તેને માટે ધર્મજગતના બીજા પગથીયાનો આરંભ થાય છે. આત્મા સૂક્ષ્મબુદ્ધિ હોય તો હવે તેને ધર્મની પરીક્ષામાં ઉતારવો અને ધર્મની ઉંચી ભૂમિકા તેને સમજાવવી પણ એટલું ન થઈ શકે, એટલી સ્થિતિને ન પાળી શકે તેને તો સાધારણ ધર્મ સમજાવીને પણ ધર્મમાર્ગમાં સ્થિર રાખવો એજ કર્તવ્ય છે. ધર્મના ચાર ભેદ છે, દાન, શીલ, તપ અને ભાવ. દાન કરતાં ભાવની ભૂમિકા ઊંચી છે પણ તેથી કયો મૂર્ખાનંદ એવું પ્રતિપાદન કરવા તૈયાર થઈ જશે કે દાન કરવુંજ ન જોઇએ. જે દાનધર્મનું આચરણ કરે છે. ધર્મના ચાર ભેદો પૈકીનો પહેલો ભેદ દાનધર્મ જે સેવે છે

જિનેશ્વર ભગવાન કોઈના ઉપકાર નીચે દબાયેલા હોતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે આત્મા બીજે ભવે ભોગોને મેળવશે. આ વાત જ્યારે યથાર્થરીતે લક્ષમાં આવી જશે ત્યારે મનુષ્યભવ પ્રાપ્ત કરવા માટે પાતળા કષાય, દાનરૂચિ અને મધ્યમ ગુણો એ ત્રણ વાત કેમ જરૂરી કહી છે તે તમે સારી રીતે સમજી શકશો. તમે દાન કરીને આવતે જન્મે ભોગોપભોગ મેળવવાની આશા રાખો છો એ પણ ધર્મની છેલ્લામાં છેલ્લી ભૂમિકાતો નથીજ પણ છતાં દાન કરીને ભોગોપભોગ મેળવવાની ઈચ્છા પણ જે દાનનું નામ સાંભળીને પણ ભાગવા માંડે છે તેના કરતાં બેશક વધારે સારી છે. ઘણું ઘણું તો એથી તમારા ઉપર એવો આક્ષેપ થવા પામશે કે તમે ધર્મના વેપારી છો એ વેપારીપણું પણ કાંઈ ફેંકી દેવાની ચીજ તો નથીજ. મનુષ્યપણામાથી તમે એ વેપારીની રીતે પણ દેવપણું મોક્ષ વગેરે ક્રમેક્રમે મેળવી શકો છો, પણ તમે કદાચ એવા વેપારી ન થાઓ તો ભલે પણ કંગાળ વિધવાની હાલતથી પણ તમે હલકી હાલતમાં તો જતા નથી ને, એ વાત તો તમારે સંભાળવીજ રહી. વિધવા બાઈ નવું કમાવા તો નથી જતી પરંતુ તની પાસે જે કાંઈ પાંચ પંદર હજાર હોય તે તો એ અબળા પણ જાળવી રાખે છે અને માત્ર તેના વ્યાજમાંથીજ તે પોતાનું ગુજરાન ચલાવે છે. તમારૂં મનુષ્યપણું એજ તમારા પાંચ પંદર હજાર રૂપીયા છે. તમે દેવપણું કે મોક્ષ ન મેળવી શકો તો ભલે, પણ જો તમારૂં મનુષ્યપણું પણ જળવાઈ રહે અને તિર્યંચયોનિમાં મનુષ્યપણાથી હલકા ક્ષેત્રને તમે પામ્યા, તો તમારે સમજી લેવું જોઈએ કે તમારી હાલત રાંડીરાંડ ડોશીથી પણ વધારે ખરાબ બની છે.

**આ સંસારમાં જીવો જુદા જુદા કર્મોવાળા હોય છે.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મનુષ્યપણું એ તમારી મૂડી છે

તમારી મૂડી એટલે તમારૂં મનુષ્યપણું છે. તમે કહેશો કે મૂડી જાળવવી એ તો આપણા હાથની વાત છે. પણ મનુષ્યપણું જાળવવું એ શું આપણા હાથની વાત છે? વારૂ; આપણે હંમેશા તેજ વસ્તુનો વિચાર કરી શકીએ છીએ કે જે વસ્તુ આપણા હાથની છે. "દીવો સળગાવીને ક્યાં મૂકવો તેનો વિચાર આપણે કરી શકીએ છીએ પણ ચંદ્ર પશ્ચિમે ઉગે છે એના કરતાં ઉપાશ્રયમાં અજવાળું આવે એવી રીતેજ ઉગતો હોય તો કેવું સારૂં? એની વિચારણા કરવી જેમ મિથ્યા છે તેમ નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ કે છેવટે મનુષ્યગતિ મેળવવાની વિચારણા કરવી એ પણ મિથ્યા છે." હું કહું છું કે આવી વાતો બોલનારો જૈનશાસન શું છે તેજ સમજી શક્યો નથી અથવા જો તે એ વાત સમજી શક્યો હોય તો તે છુપાવે છે આવતો ભવ કેવો મેળવવો એ આપણા હાથની વાત નથી એવું તો તજ બોલી શકે છે કે જેઓ ઈશ્વરના ગુલામીખતમાં સહી કરી ચૂક્યા છે. જૈનધર્મ એ સાચો સ્વતંત્ર ધર્મ છે. જૈનધર્મ તો પુકારી પુકારીને કહે છે કે આત્માને ફાવે તેમ ગમે તે શરીરમાં કે ગમે તે ગતિમાં. ઘુસી જવાનો અધિકારજ નથી એ તો જેવા કર્મ તેવીજ ગતિ આત્માને મળે છે, અને તેથીજ તમારે જેવી ગતિ મેળવવી હોય તેવું વર્તન કરવાનો તમારો પુરેપુરો હક છે.

## પરીક્ષક, વિદ્યાર્થીના કાર્યને આધીન છે

તમોને એક સાધારણ ઉદાહરણ આપુ છું. છોકરો

---

અવશ્ય થવાવાળા ભાવો સ્ખલનાને પામતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરીક્ષામાં બેસે છે તેને પાસ કિંવા નાપાસ કોણ કરે છે? તમે કહેશો કે પરીક્ષક વિદ્યાર્થીને પાસ કિંવા નાપાસ કરે છે, પણ તમે જરા વિચાર પૂર્વક જવાબ આપશો તો તમેજ કબુલ કરશો કે પરીક્ષકને વિદ્યાર્થીને પાસ કિંવા નાપાસ કરવાની કશીજ સત્તા નથી. પરીક્ષક વિદ્યાર્થીએ આપેલા ઉત્તરોને આધીન છે અને એ ઉત્તરો જોઈનેજ તે વિદ્યાર્થીને પાસ કિંવા નાપાસ કરી શકે છે. તમારો આત્મા એ પણ વિદ્યાર્થી છે એમજ સમજી લો. સ્વતંત્રપણે એને ગમે તે યોનિમાં અવતાર ધારણ કરવાની કશીજ સત્તા નથી. મનુષ્યગતિ, દેવગતિ કે બીજી કોઈપણ ગતિ તમે કેવાં કર્મો બાંધ્યા છે તેને આધીન છે. તમે જેવાં કર્મો બાંધ્યા હશે તેવીજ ગતિ તમોને મળવાની છે. વિદ્યાર્થી નિરંતર એમ ઈચ્છતો રહે કે હું પરીક્ષામાં પાસજ થાઉં મારે નાપાસ થવુંજ નથી તો એટલી ઈચ્છામાત્રથીજ તે પાસ થઈ જવાનો નથી એની ખાતરી રાખજો. તેણે પાસ થવા જેટલો અભ્યાસ કર્યો હશે તોજ તે પાસ થવાનો છે, નહિ તો નહિજ. તે નાપાસ થવાનું નથી ઈચ્છતો તે છતાં જો તેણે અભ્યાસજ ન કર્યો હોત તો જરૂર તે નાપાસ થવાનોજ છે એજ સ્થિતિ સારી કિંવા નરસીગતિ મેળવવાને માટે પણ છે એટલું તમે ખાસ સમજી રાખો.

## સદ્ગતિ અને દુર્ગતિ શી રીતે મળે છે?

સદ્ગતિ અને દુર્ગતિ મોઢેથી માત્ર પોપટપંખીની માફક બોલવાના વિષયો નથી તે ધ્યાનમાં રાખજો. માત્ર

---

પાપનો નાશ સર્વને સહેલો નથી, કેમકે ઘોર પાપી એવા પુરુષો પણ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"સદ્‌ગતિ સદ્‌ગતિ" એમ બૂમો પાડવાથી સદ્‌ગતિ નહિજ મળે. સદ્‌ગતિ શી રીતે મળે એ જાણી લો અને એ કારણો જ્યારે અમલમાં મૂકો ત્યારેજ સદ્‌ગતિ મળે છે. તેજ પ્રમાણે દુર્ગતિની વાત પણ ધ્યાનમાં રાખજો. 'દુર્ગતિ નથી જોઇતી' 'દુર્ગતિ નથી જોઈતી' એ પ્રમાણે ખાલી બૂમ મારેથી દુર્ગતિ ટાળી શકાવાની નથી, દુગતિના પણ કારણો જાણવા જોઇએ અને એ કારણોથી દૂર રહેવું જોઈએ તોજ દુર્ગતિ આવતી ટાળી શકાય છે. જીવને જો કર્તવ્યપાલન વિના ધારેલીજ ગતિ મળતી હોય તો સારી ગતિ છોડીને ખરાબ ગતિ મેળવવાને કોણ જાય? બધાજ સારી ગતિ મેળવવાને માટે તૈયાર થઈ જાય. પણ સારી ગતિ મેળવી લેવાની આશા કરો કે તરતજ સારી ગતિ મળી જાય એવું નથી. બધાજ પાસ થવાની આશા રાખે છે પણ પરીક્ષક કાંઈ જે પાસ થવાની આશા રાખે છે તે બધાનેજ પાસ કરતો નથી. તે કાંઈ પોતાના ખીસામાંથી કાઢીને કોઈને માર્ક આપી દેતો નથી. વિદ્યાર્થીએ કેટલું કામ કરેલું છે. તે કામ ઉપરજ તેના પાસ, નાપાસ થવાનો અધિકાર છે. તેજ સ્થિતિ સારી યા નરસી ગતિની પણ છે. જો તમે સારી ગતિ મેળવવાના કર્મો બાંધ્યા હશે તો જરૂર તમોને સારી ગતિ મળશે અને જો તમે દુર્ગતિના કર્મો બાંધ્યા હશે તો દુર્ગતિ પણ તમારી સામે ઉભીજ રહેશે.

## "મરણનો ભય રાખવો નકામો છે"

દુર્ગતિ કે સદ્‌ગતિ મેળવવી એ જો તમારા હાથમાંજ ન હોય તો પછી શાસ્ત્રકારોએ ઠોકીઠોકીને એમ શા માટે

સમાધિ-મરણથી શાંતિને પામેલા સંસારમાં અત્યંત થોડા જીવો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું કે દુર્ગતિથી ડરો. દુર્ગતિથી ડરો. દુર્ગતિથી ડરો. જે વસ્તુ તમારા હાથની નથી તે વસ્તુ માટે જો તમને કોઈ ઉપદેશ આપતું રહે તો નક્કી સમજજો કે તેઓ અક્કલ વિનાની વાતો કરે છે, ત્યારે શાસ્ત્રકારોની વાતો શું અર્થ વિનાની છે? નહિજ એટલેજ માનવુંજ પડે છે કે શાસ્ત્રકારો કહે છે તે ખરૂંજ છે અને દુર્ગતિ કે સદ્દગતિ મેળવવી તે આપણા હાથનીજ વાત છે. મરણથી ભય રાખનારાઓ પણ આગામી ગતિની ફીલસુફીને જાણતા નથી એમજ સમજો. મરણથી કોણ ડરે છે? જે દુર્ભાગી હોય તે. જે પાપી હોય તે મરણથી ડરે છે. ભાગ્યશાળીને યા પુણ્યશાળીને મરણથી ડરવાપણું છેજ નહિ મૃત્યુ એ તો બિચારો પટાવાળો છે. પટાવાળા સિપાઈ ચોરને બારણે પણ જાય છે અને ન્યાયાધીશને બારણે પણ જાય છે પણ એ પટાવાળાથી કોણ ડરે છે? ચોર કે ન્યાયાધીશ? ચોર સિપાઇને જુએ છે ત્યારથીજ તેના મોતીયા મરી જાય છે. અને ન્યાયાધીશ સિપાઇને જુએ છે કે પાઘડી લુગડાં પહેરીને ન્યાયાલયમાં જવાને તૈયાર થાય છે, અને સિપાઈ ન્યાયાધીશની આગળ ચાલે છે. હવે તમેજ વિચાર કરો કે ડર કોને અંગે છે?

## મૃત્યુને આનંદનો સમય માનો

જો સિપાઈને અંગેજ ડર હોત તો તે સિપાઈને જોતાં જેમ ચોર ભય પામ્યો તેજ પ્રમાણે ન્યાયાધીશ પણ ભય પામ્યો હોત, પણ સિપાઈને અંગે ભય નથી, ભય

જ્યારે જીવોને પાંચ કાલઆદિ શુભને સધાવવાવાળાં પ્રાપ્ત થાય છે ત્યારે કોઇ જીવ સિદ્ધિના માર્ગને પામેલો મોક્ષે જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે તે કર્તવ્યોને અંગે છે. ચોર જાણે છે, કે મારા કર્તવ્યો બુરાં છે અને જેલ એ તેનો અંજામ છે, તેથીજ તે કંપે છે. એજ પ્રમાણે મરણ એ તો સિપાઈ છે. જેણે સારાં કર્મો કર્યાં છે, જેણે જિંદગી વૃથા ગુમાવી નથી, તેને તો મરણ એ હર્પટાણું છે એ તો જાણે છે કે દુર્ગતિ મળે એવું એક પણ કામ કર્યું નથી, સદ્ગતિ મળે એવાં કામો તો બહુ કર્યાં છે તો પછી મારે ભય શા માટે જોઈએ ? ચૌટે, બજારે સેંકડો સિપાઈઓ ફરે છે. ખૂન થાય છે પણ શાહુકારો તેથી ડરીને ત્યાંથી ભાગી જતા નથી. ચોરે ઉભેલો નિર્દોષ માણસ પોલિસની ફોજ નિહાળીને ગભરાતો નથી. તે જાણે છે કે હું કાંઈ કેસમાં સંડોવાએલો નથી એટલે મારે બીવાની જરૂર નથી. તેજ પ્રમાણે દુર્ગતિ આપનારા કારણોમાં જે સપડાયો નથી તે મરણથી ભય પામતો નથી. તમે રાજ્યમાં દસ લાખનું ઝવેરાત ધીરેલું છે. હવે એમ માનો કે તમોને હાજર કરવાને માટે એક સમન્સ તમારા પર આવે છે અને બીજો સમન્સ એક વિશ્વાસઘાતી પર આવે છે. સમન્સમાં બંનેને હાજર થવાનો હુકમ છે. એ હુકમથી શાહુકારને તો આનંદજ થવાનો છે.

## મરણ એ પણ એક જાતનો સમન્સ છે

શાહુકારને આનંદ કેમ થાય છે વારૂ ? શાહુકાર જાણે છે કે આપણા પૈસા તો સહી થયા છે. તે વહેલો વહેલો કપડાં પહેરી દરબાર તરફ દોડે છે અને પેલો પાજી માણસ સમન્સ જોતાંજ ઠરી જાય છે. મરણ એ પણ સમન્સ છે. જેણે આખા જીવનમાં સારાંજ કૃત્યો કર્યા છે, જેણે સદ્ગતિ

મોટા ઉદ્યમો પણ ભાવિને રોકવા માટે સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે એવાજ કર્તવ્યો આદર્યા છે તેને મરણરૂપી સમન્સથી ક્ષોભ શાને થાય? તે તો પેલો ઝવેરી રાજી થાય છે તેમ અવશ્ય રાજીજ થવાનો. ઝવેરી સમજે છે કે મારા પૈસા પાકયા છે. તેજ પ્રમાણે શુભ કૃત્યો કરનારો પણ સમજે છે કે આપણા સારા કૃત્યોનો બદલો મળવાનો વખત હવે આવી પહોંચ્યો છે. એથીજ તેને મરણનો સમન્સ મળતાંજ આનંદ થાય છે. આ સમન્સ મળતાં નારાજ થાય છે તે તો પેલો ચોરજ હોઈ શકે, તેના પોતાના કર્તવ્યો ઉપર વિશ્વાસ નહિજ હોવો જોઇએ. પરીક્ષક પાસ નાપાસ કરે છે, પણ પાસ નાપાસ થવાનો આધાર તો છાત્રોની શિક્ષા ઉપરજ છે તેજ પ્રમાણે કર્મ રૂપી પરીક્ષક તમોને સારી યા નરસી ગતિ આપી શકે છે પણ તે તમારા કર્તવ્યોને અનુસરીનેજ. આ કર્મપરીક્ષકની પણ તાકાત નથી કે તમારા કર્તવ્યો સારા હોય અને છતાં તમોને નરસી ગતિમાં ધકેલી મૂકે. તમારે તમારી મનુષ્યગતિ કાયમ રાખવી હોય, તમારે તમારી એ પુંજીમાં વધઘટ ન થવા દેવી હોય, તમારી મૂડી તમારે સંભાળી રાખવી હોય, તો હવે માત્ર એકજ ઉપાય છે કે તમોને આગળ કહેલી ત્રણ વાત તમારે પકડી રાખવી જોઇએ.

## "કર્મની સત્તા પણ મર્યાદિત છે."

કર્મને તમારા દોષ વિના તમોને દુર્ગતિમાં મોકલવાની કશીજ તાકાત નથી. માટેજ શાસ્ત્રકારો કહે છે કે કષાય સ્વભાવે પાતળા હોવા જોઈએ. તમારા ક્રોધાદિ ચાર કષાયો જો પાતળા હશે તો તમારી સદ્ગતિ ખુંચવી લેવાની કર્મમાં

---

રત્નત્રયીમાં રમણતા કરવી તે સમાધિ છે, અથવા આત્મસ્વરૂપમાં રમણતા કરવી તે સમાધિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કશી પણ તાકાત નથી. તમારા જીવનનું જ ઉદાહરણ લો: વરસાદનું પાણી છાપરેથી આવે છે અને જો છાપરૂં ધુમાડીઆ-વાળું હશે તો પાણી પણ ધુમાડીયાવાળું ગંદુજ આવશે. પણ જો ઘર ઉપર અગાસી મૂકેલી હશે અને અગાસીમાંથી પાણી આવતું હશે તો એ પાણી નિર્મળજ હોવાનું એજ રીતે આત્મા જ્યારે આયુષ્ય બાંધે છે તે સમયે કષાયની પરિણતિ અપ્રશસ્ત હોય તો આયુષ્ય પણ નરક, તિર્યંચનુંજ બંધાય છે. આયુષ્યના કર્મપુદ્ગલો કષાયદ્વારાએ મળેલા છે. તમે આયુષ્ય બાંધ્યો છે. હવે એ આયુષ્ય કેવું છે તેનો વિચાર કરો. સ્વતંત્રતાની બાંગ તો પળેપળે મારવામાં આવે છે પણ સાચી પરતંત્રતાને તો કોઈ પીછાણી શકતુંજ નથી. જગતમાં પાણી, પૃથ્વી, વનસ્પતિ ઈત્યાદિ જોઈએ તેટલી વસ્તુઓ છે પરંતુ તે સઘળું કોને આધારે રહેલું છે કોઈને પણ આધારે નહિ. પૃથ્વીને બીજી કોઈ પૃથ્વીનો આધાર જોઇતો નથી. પાણી આકાશમાં અદ્ધર રહી શકે છે અને સેંકડો ગાઉ હવામાં ને હવામાં ચાલે છે પવનને કોઇનો આશ્રય લેવો પડતો નથી પરંતુ મનુષ્યને? મનુષ્યને એક પણ ચીજ વિના ચાલતું નથી. પાણી તો માણસને જોઈએ. પવન તો કહે માણસને જોઈએ. પૃથ્વી તો કહે માણસને જોઈએ. અને છતાં મોઢે બાંગ મારવામાં આવે છે સ્વતંત્રતાની. તમે સ્વતંત્ર છો? જો સ્વતંત્ર છો તો એક ઘડી તો આ વસ્તુઓ વગર ચલાવી જુઓ. એક કલાક–પાંચ મિનિટ પણ તમારૂં જીવન આ બધા સાધનો વગર નથી ચાલી શકતું અને છતાં દાવો કરવો છે પૂર્ણ સ્વરાજ્યનો.

---

સાધુઓમાં તેઓનીજ ગણના વધેલી છે કે–જે સાધુઓ સમાધિ–મરણ પામ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## આયુષ્ય ટકે કેવી રીતે ?

મનુષ્યનું જીવન સાધન વિના ટકી શકતું જ નથી. આયુષ્ય બાંધ્યું તો તેની પાછળ આયુષ્ય ટકાવવાના સાધનોનું કર્મ પણ બાંધવું જ જોઇએ. જો એ કર્મ ન બાંધો અને માત્ર આયુષ્યજ બાંધો તો તમારૂં આયુષ્ય ટકી શકવાનું જ નથી. આયુષ્ય ટકાવવા માટે તેના સાધનના કર્મ પણ બંધાવાજ જોઇએ માટેજ દાનરૂચ કહી છે. ભોગના સાધનનું કર્મ બાંધવુંજ પડે છે અને તે દાનરૂચિ વડેજ બંધાવા પામે છે, સાથે દાન અને દાનરૂચિ વચ્ચેનો તફાવત તમારે ખાસ ધ્યાનમાં રાખવાનો છે. દાન અને દાનરૂચિને એક માની લેશો તો દહાડો અને રાત બંનેને એક માની લેવા જેવું જ થશે. અહીં એક ઉદાહરણ લો· લક્ષ્મી એ ચંચળ છે. કોઈ પણ માણસ એ લક્ષ્મીને સ્થિર કરી શક્યું નથી અને ભવિષ્યમાં પણ કરી શકવાનું નથીજ એની ખાતરી રાખજો. લક્ષ્મી આવે છે પણ તે સાથેજ તે જવાનો માર્ગ કરીને જ આવે છે. પછી જેવો લક્ષ્મી મેળવનારાઓનો શોખ. જેને બંગલા બંધાવવાનો શોખ હોય તે પોતાના પૈસામાંથી બંગલા બંધાવશે, તો કોઈ વાડી બનાવરાવશે. જેને જે જે લાગણીઓ પરત્વે પ્રેમ હોય તે તે દિશાએ તેમનો પૈસો વહી જશે, પણ લક્ષ્મી કદાપિ સ્થિર રહેવાની નથી એ ખચિત માનજો. જેને ધર્મની લાગણી છે તે પોતાની લક્ષ્મી પણ એજ ધર્મના કાર્યમાં વાપરશે. દહેરાં બંધાવશે પાંજરાપોળ બંધાવશે કે તીર્થોદ્ધાર કરાવશે. ધર્મ ઉપર જેમની રૂચિ હશે તેના પૈસા ધર્મને માર્ગે વપરાશે અને જેમની રૂચિ બાગ, બંગલા, બગીચા

---

જે પુરુષોએ રત્નત્રયીને સ્વાધીન કરી છે તે પુરુષો જ આ ભવસમુદ્રને તરેલા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરત્વે હશે તેઓ તેમની લક્ષ્મી એવા કામોમાં વાપરશે. ધર્મિષ્ઠો કમાય છે પણ શું ધર્મદ્રોહીઓ નથી કમાતા? ધર્મના દ્રોહીઓ પણ કમાય છે અને તેઓ પણ પોતાના પ્રિય એવા માર્ગોએ તે લક્ષ્મી વાપરે છે. લક્ષ્મી આવી કે તે નાચ્યા વિના રહેવાનીજ નથી એની ખાતરી માનજો. અલબત્ત તમારૂં આંગણું કઈ દિશાએ છે તે એ સારી રીતે જોશે અને પછી જે દિશાએ એનું આંગણું હોય તે દિશાએ એ લક્ષ્મી નાચકૂદ જરૂર કરશે જ. ધર્મદ્રોહી હશે તેઃ નાટક, સિનેમા, ગાનતાન અને સોડાલેમનમાં તડામાર પૈસા ઉડાવશે, અને ધર્મનિષ્ઠ હશે ને પોતાના પૈસામાંથી દહેરા બંધાવશે, પાઠશાળા ખોલશે અને એવી જ બીજી ધાર્મિક પ્રવૃત્તિ કરશે. જગતમાં આપવાનું તો સૌ કોઈ જાણે છે પરંતુ તેમાંએ ફેર કયાં છે? દાનરૂચિમાંજ.

## ભણેલાએ તો ભુંડું કર્યું

અહીં તમને એક ડાહ્યા ખેડૂતનું ઉદાહરણ આપું છું. એક ખેડૂત હતો. તેની પાસે બીજા ચાર, પાંચ ખેડૂત ભાઈબંધોના કયારા હતા. આ ખેડૂત જરા ભણેલો હતો એટલે તે પોતાનામાં બીજા બધા કરતાં વધારે અક્કલ છે એમ માનતો હતો. બધા ખેડૂતોએ ચોમાસું આવ્યું એટલે પોત-પોતાના કયારામાં બીયાં વાવવા માંડ્યા. ડાહ્યાભાઈ પણ પોતાના કયારામાં વાવવા બી લઈ આવ્યા. ડાહ્યાભાઇનો ભત્રિજો અંગ્રેજી ભણેલો હતો, વનસ્પતિશાસ્ત્ર શીખતો હતો. એક દિવસ તેણે

---

જો વિચિત્ર વિપત્તિઓને સહન ન કરે તો અત્યંત પાપી એવો આત્મા સિદ્ધિને કેમ પામે? અર્થાત્ પાપી એવા જીવો પણ સહન કરવાથી સિદ્ધિને પામે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાયન્સમાંથી ગોખવા માંડયું કે 'બીયાં પાણીમાં પલળવાથી ઓદાઈ જાય છે. બીયાં પાણીમાં પલળવાથી ઓદાઇ જાય છે. બીયાં પાણીમાં પલળવાથી ઓદાઈ જાય છે.' ડાહ્યાભાઈએ આ વાકય સાંભળ્યું, તરતજ તેની તીક્ષ્ણબુદ્ધિ જાગૃત થઈ. તેણે પોતાના સઘળાં બીયાં ઓદાઈ ન જાય એ માટે કઢાઈમાં નાખ્યા અને શેકી કાઢયા! શેકયા પછી હોંસે હોંસે ડાહ્યાભાઈ ખેતરમાં લઈ ગયા અને જમીનમાં વાવી દીધા. વરસાદ પડયો, થોડા સમયમાં બીજા ખેતરોમાં તો મોટા મોટા તરૂ ઉગી નીકળ્યા પણ ડાહ્યાભાઇનો કયારો તો જેવોને તેવોજ. તમારામાંના ઘણા દાન તો આપે છે પરંતુ તેઓ પણ આ ડાહ્યાભાઈના જેવું દાન આપનાશ છે. તમારી પાસે કોઇ ટીપ લઈને આવે છે ત્યારે તમે પણ ડાહ્યાભાઈની માફક શેકીને વાવવા તૈયાર બની જાઓ છો.

## તમારી દાનત તપાસી જુઓ

વિવાહસમારંભ કે બીજા એવાજ તમારા સામાજીક ઉત્સવોના કામમાં જે શબ્દ બોલતા નથી, જે શબ્દ યાદ પણ આવતા નથી તે શબ્દ હવે યાદ આવી જાય છે. ટીપમાં એકે દસ ભર્યા હોય, બીજાએ બાર ભર્યા હોય અને તમારો જ્યાં ચૌદ ભરવાનો વારો હોય કે તમે ગર્જના કરી ઉઠો છો. "પૈસાની ખેંચ છે, માથે દીવાળી આવી છે, ભગાભાઈની બેંક ડુબી ગઈ તેમાં ચાલીસ હજાર ડુલ થયા છે. અમથાભાઈ હજાર ઘાલી ગયા છે તે હજી આપતો નથી ઇત્યાદિ" તમારે ટીંપમાં પૈસા ભરવા તો છેજ તમે આપવા તો માગોજ છો

હે જીવ! દરેક કાર્યમાં જે થવાનું હશે તે થશે એવો આન્તરિક નિશ્ચય તું ધારણ કર!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ આ બધો લવારો શા માટે કરો છો? એટલાજ માટે કે માગનારનું મોઢું બંધ થઈ જાય અને તમારે ભાગે ટીપમાં ભરવાની રકમમાંથી ચાર ઓછા થાય. પાઠશાળાઓ, ધર્મશાળાઓ, પાંજરાપોળો વગેરે કોણ ચલાવે છે? તમે ને તમેજ. તે ચલાવવાને કાંઇ બીજા કોઈ પૈસા નથી આપતા પણ તે છતાં આવો આવો લવારો કરી પાંચ પંદરની રકમ ઓછી કરાવો છો. પછી પાછા શાહુકાર થઇને કહેશો કે લ્યો પૈસાની તો આવી ખેંચ છે પણ શું કરીએ હવે તમે આવ્યા છો એટલે કાંઈ છૂટકો છે. લખો મારા દસ." પેલો બિચારો ટીપવાળો "જે મળ્યા તે લાભ" એ હિસાબે દસ તો દસ; તે પણ લઈને રાજી થાય છે અને માપવા માંડે છે. બીજી બાજુએ તમે પણ રાજી થાઓ છો કે ચાલો જે ચાર બચ્યા તે ખરા.

## ચાર રહ્યા પણ દસ ગયા

આમ ચાર બચાવો છો. ચાર બચ્યા એ વાત તો ખરી; પણ ચાર બચી ગયા પણ દસ ભર્યા તે એળે ગયા એ તમે સમજતા નથી. સો ભરવાના હોય ત્યાં ૯૯ ભરીને ખુશી થાઓ છો પણ એ નવાણુ નકામા જાય છે તેનો તમે ખ્યાલજ નથી કરતા. આવું દાન કાંઇ ઉકાળી શકે નહિ તેની ખાતરી રાખજો. જે આવી રીતે દાન આપે છે તે આવતે ભવે કેવી રીતે પામી શકે? એટલાજ માટે શાસ્ત્ર દાનરૂચિને આગળ મૂકે છે. દાનરૂચિએ જે આપે છે તે કદી આવું નાટક નહિજ કરે, તેની માન્યતા તો હંમેશાં એમજ હોય કે મારે તો બધું આપી દેવું જોઈએ પણ શું કરૂં બધું

---

સમતામાં આરૂઢ થયેલ જીવ અર્થાત્ શ્રેણિમાં ચઢેલ જીવ કર્મપુદ્‌ગલની અશુભરસની શ્રેણિનો નાશ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી આપી શકતો એ મારી કમનસીબી છે. દાનરૂચિ વિનાના દાનથી મનુષ્યનું આયુષ્ય તમે મેળવી શકશો પણ દુનિયાદારીના સાધનરૂપ જે ભોગ છે તે દાનરૂચિ વિના કદીપણ મેળવી શકવાના નથીજ એની પાકી ખાતરી રાખજો. મનુષ્યનું આયુષ્ય પરાધીન છે તે ટકાવવા માટેજ દુનિયાદારીના ભોગો જરૂરી છે અને તેથીજ દાનરૂચિથી દાન આપવું જરૂરી છે એમ જે વિચારે છે તે બુદ્ધિ મધ્યમબુદ્ધિ છે.

## જ્ઞાની હોય તે શાનો વિચાર કરે?

બાળકને તમે ચિત્ર બતાવશો તો તે ફક્ત ચિત્રનો ચળકાટ જોશે. મધ્યમબુદ્ધિવાળો હશે તે રંગ અને તેની રેખાઓ જોશે, જ્ઞાની હશે તે તે ચિત્રમાં રહેલા મનુષ્યને અને તેની અવસ્થાને નિહાળશે. આ તો સાધારણ લૌકિક ઉદાહરણ કહ્યું છે. એજ પ્રમાણે જેઓ બાળકબુદ્ધિના છે તેઓ એમ વિચારે છે કે "આવતે જન્મે રોગી વગેરે ન થઈએ, મધ્યમબુદ્ધિવાળો હશે તે એવો વિચાર કરશે કે મારે દાન કરવું જોઈએ અને શીલ પાળવું જોઈએ કે જેથી આવતે જન્મે જગતના ભોગોપભોગો, સંપત્તિ અને સ્વર્ગ મને મળી શકે. પણ જે બુદ્ધ હશે, જે જ્ઞાની હશે, જેના આત્મામાં આત્મકલ્યાણના અંતિમ પગથીયાની ઝંખના જાગી હશે તે તો એમજ વિચાર કરશે કે મારો આત્માનો સ્વભાવ કેવો છે? એ કેવી રીતે પ્રગટ થઈ શકે? એને પ્રગટ થતો રોકનારા તત્વો કયા કયા છે? એ કેવી રીતે દૂર થાય? તે દૂર કરાવનાર મને કેવી રીતે મળી શકે? એજ પ્રમાણે જે સમજુ છે તે ધર્મની પરીક્ષા વખતે સાંસારિક ભોગો તરફ

---

પૂર્વે બાંધેલા તે પાપકર્મની શ્રેણીનો આ વિપાક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન આપતો **નથી.** એ તો એજ માને છે કે મારા આત્માનું સ્વરૂપ કેવું છે **અને** તે પ્રગટ કેવી રીતે થાય તે માટેજ ધર્મ છે.

## ધર્મ એ આત્માની ચીજ છે

વિધાનોની **અપેક્ષાએ** ધર્મ એ માત્ર આત્માનીજ ચીજ છે તે ભોગોપભોગ મેળવવાની ચીજ નથીજ. આવતે જન્મે સૌંદર્યવાળી પત્**ની** મેળવવાને માટે ધર્મ છેજ નહિ. ધર્મ એ તો માત્ર આત્માનીજ વસ્તુ છે, તે આત્મામાંજ રહે છે, આત્મામાંજ **વિકાસ** પામે છે અને આત્મામાંજ આનંદ પામે છે, જેમ ફૂલની **વાસ** ફૂલમાંજ રહે છે. ગુલાબના ફૂલનું ઉદાહરણ લો. **ફૂલ**ની સુવાસ ફૂલમાંજ રહેલી છે પણ એ ફૂલ ઉપરથીજ ફૂલના સુવાસની કિંમત થાય છે તેજ પ્રમાણે આત્માના **સ્વરૂપ** ઉપરથીજ ધર્મની કિંમત થાય છે. અર્થાત્ ધર્મની કિંમત આત્માના સ્વરૂપ ઉપરજ આધાર રાખે છે. લૌકિક દષ્ટિએ ધર્મનું ફળ ભોગ અને સુખની પ્રાપ્તિ છે, પણ લોકોત્તર દષ્ટિએ આત્મસ્વરૂપની પ્રાપ્તિ એજ ધર્મ છે. આ વસ્તુ સમજો. મનન કરો, દુર્ગતિને આપનારા કારણોથી દૂર રહો અને સદ્દગતિ આપે એવા કાર્યો કરતા રહો તો શાસ્ત્રકારોના કથન પ્રમાણે આવતા જન્મ ઉપર તમે કાબુ મેળવી શકો છો અને તમે જે ઇચ્છો તે પણ મેળવી શકો છો. જૈનતત્વજ્ઞાનનો આ સંદેશો સમગ્ર જગતને માટે છે તે સંદેશો અજોડ છે અને માટેજ જૈનતત્વજ્ઞાન એ પણ જગતની અજોડ વસ્તુ છે. એ તત્વગાન તમે સમજો, સમજીને તમે આચરો છેવટે **ન** સમજાય તો સમજવાની આશા, ભાવના **પણ** રાખો અને **જેઓ** એ જ્ઞાનને સમજ્યા છે તેના પરત્વે પૂજ્યબુદ્ધિ રાખો તો પણ તમારો જન્મ થોડે અંશે પણ **સફળ થયેલો છે.** અસ્તુ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## રાજ્યમાં રાજીનામાં શાથી અપાય છે?

આ જીવ જે જે મહેનત કરે છે તે બધી સુખના માટે. જે જે ચીજો મેળવવામાં આવે છે તે જ્યારે દુઃખ દેનારી માલુમ પડે છે કે તરત એને છોડી દે છે. લુંટારો મળ્યો કે તરત હાથમાંનો હીરો હાથેથીજ કાઢીને આપી દઈએ છીયે. મરતી વખતે દેવતા ઋદ્ધિ આપે તો પણ કોઈ ગ્રહણ કરતું નથી. આજની દુનિયાએ (આજના ઇતિહાસે) પણ એ વાત પૂરવાર કરી આપી છે. રૂશિયાના ઝારે, તુર્કસ્તાનના સુલતાને, પોર્ટુગાલના તથા ઈરાનના રાજાએ, અફઘાનીસ્તાનના શાહે આ બધાએ રાજ્યનું રાજીનામું આપી દીધું, શાથી? શું ઝારને રૂશિયાની શહેનશાહત અળખામણી હતી? ઈરાનના રાજાને ગાદી ગમતી નહોતી? રાજ્યના રક્ષણને અંગે કહો કે લોભને અંગે કહો, જર્મનના કયસરે યુદ્ધમાં લાખ્ખોનો સંહાર કર્યો, કરાવ્યો છતાંયે આખરે પોતાની સલામતી ખાતર રાજીનામું દઈને-રાજને જતું કરીને ચાલ્યો ગયો તે. વિચારો? રાજ્યથી જિંદગી કેટલી વધારે વહાલી હશે? આ ઉપરથી આપણે સમજી શકીયે તેમ છીયે કે રાજા હો કે રંક, કોઇપણ જીવ એક વસ્તુને (જીવનને) હંમેશાં ઇચ્છી રહ્યો છે. રાજ્ય, માલમીલકત, કુટુંબ આ તમામના ભોગે પણ હરકોઈ પોતાના જીવનને બચાવવા તૈયાર છે. અશુચિમાં રહેલો કીડો તેમજ દેવલોકમાં રહેલો ઇંદ્રિ, એ બંનેને પ્રાણના અપહારથી થતો ભય સરખો છે. એ કીડાને પણ મરવાનું મન થતું નથી.

---

જગતમાં ઉપકારીઓમાં અરિહંત સિવાય બીજી કોઈ રેખા પમાતી નથી. અર્થાત્ બીજું કોઈ શ્રેષ્ઠ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણ જવાનો ભય સર્વને સમાન છે. જીવનની આવી તીવ્ર ઈચ્છા શા માટે ? સુખ માટે. જો મરણમાં સુખ ગણતો હોય તો જીવવું કોઈ ચાહતો નથી. હરકોઈ પ્રાણી મરણમાં દુઃખ માને છે, જીવનમાં સુખ માને છે. જીવનની ઈચ્છા માત્ર સુખના કારણ તરીકે છે. જગતભરના તમામ જીવો એકજ વસ્તુ માગે છે અને તે શું ? સુખ.

## ઈચ્છા કેવા સુખની છે ?

સૌ કોઈ સુખ તો માગે છે પણ તેયે કેવું માગે છે ? જેમાં દુઃખ મળેલું ન હોય તેવું આપણે ગળપણ ખાવા ધારીયે તો એકલા ગોળ કે સાકરના કકડા ખાતા નથી પણ લોટ, ઘી વિગેરે ભેળવીને ખાવા માગીયે છીયે–ખાઈયે છીયે. મીઠાની (ગળપણની) સાથે બીજા સ્વાદની ઈચ્છા થાય છે પણ અહીં તો સુખની સાથે જરા દુઃખ પણ હોય તો ઠીક એવો વિચાર આવતો નથી; એટલુંજ નહિ પણ 'અમુક દિવસ સુખ મળે પછી દુઃખ મળે તો ઠીક, નહિ તો સુખનું અજીર્ણ થશે' એમ પણ વિચાર આવતો નથી. ગળપણની સાથે પણ દાળ જોઈએ છીયે તેટલી પણ દુઃખની ઇચ્છા થતી નથી. આ જીવ એવું સુખ માગે છે કે જે દુઃખ (જરાપણ દુઃખ) થી મિશ્રિત ન હોય અને પાછું જવાવાળું ન હોય. મળેલા સુખમાં જો દુઃખ આવે તો પહેલાંનું સુખ પણ દુઃખરૂપ લાગે છે.

ચાલતો મુસાફર, તડકો ચઢશે તો દુઃખ વધશે એ

---

અરિહંત ભગવાનના માર્ગમાં રહેલા જીવો સર્વ જીવોના અનંતમા ભાગે છે. અને તેની આરાધનાથી સિદ્ધ થયેલા તો થોડા જ જીવો છે તે કારણથી તેની પ્રાપ્તિ થવી તેજ ધન્યતા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારણે ઝાડ નીચે પથારી કરી છાયાના સુખને ભોગવતો નથી, અને જો કોઈ એમ કરે તો તે મૂર્ખો ગણાય છે. દુનિયાદારીમાં દેવું કરીને પણ મોજ મારી શકાય છે પણ તેવું કરનાર કેવો ગણાય? એ રીતે ઉડાવાતી લીલાલહેરને આપણે લીલાલહેર કહી શકતા નથી. એજ રીતે આપણે પણ દુઃખદેવાવાળા સુખમાં લીન થતા નથી. આપણે તેવું સુખ માગીયે છીયે કે જે પાછળથી નાશ પામનારૂં હોય નહિ. આપત્તિ તેમજ સંપત્તિ મોટાનેજ હોય છે, નાનાને એવું કશું હોતું નથી. જગત તરફથી સૂર્યચંદ્ર સારા અને ખરાબ બેય આશીર્વાદ મેળવે છે. દરિયામાં પૂર ચઢાવી કેઇ લોકને તાણી મૂકે છે પણ એ, તાપથી કોઈને હેરાન કરે છે પણ સર્ય. ગ્રહોને કોઇ તરફથી આપત્તિ નથી. નાના નિરાંતે બેસે છે. એની નિરાંત મનમાનીતી, એને વધવાનું હોતું નથી, જગતનો આશીર્વાદ પણ તેઓ મેળવી શકતા નથી. વચલી સ્થિતિ હંમેશા ટકી શકતી નથી જો વધારે સુખ (વચલું) હોય તો ખસી જાય, ન ખસે કયું સુખ? જઘન્ય તેમજ ઉંચું સુખ ખસે નહિ.

## કર્મ કયાં હલ્લો કરી શકતું નથી?

ચેતનાથી સંપ્રાપ્ત સુખ, સંપૂર્ણ અને શાશ્વત્ સુખ કોઈ દિવસ ખસતું નથી. આત્મામાં ઉંચામાં ઉંચી સ્થિતિ કયી? મોક્ષ. એ સ્થિતિ નિત્ય છે. નીચામાં નીચી સ્થિતિ સૂક્ષ્મ એકેદ્રિય નિગોદિયાપણું. મોક્ષ અને નિગોદ બે સ્થાનજ નિત્ય હોઈ શકે. ઓછામાં ઓછા પ્રમાણવાળા સ્થાનપર હલ્લો હોય નહિ, વરસાદ પહાડ ભેદે, શીલા ભેદે, પણ ઝીણી કાંકરીયોને ભેદી શકે નહિ કેમકે બુંદ કરતાં પણ કાંકરી

આ મન જે સ્થિર છે તે જિનેશ્વરનો પ્રભાવ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાની હોવાથી તેની ઉપર હલ્લો થઈ શકતો નથી. પહાડ મોટા રહ્યા તેથી વરસાદની ધારા તેને ભેદી શકે છે પુષ્કરાવર્ત મેઘ (વરસાદ) એક વખત વરસ્યો હોય તો તેનો કસ દશ હજાર વર્ષ સુધી રહે છે. એ વરસાદ થયા પછી દશ હજાર વર્ષ સુધી બીજો વરસાદ ન થાય તો પણ ચાલે; આટલું છતાં પણ મગ જેવો નાનો કાંકરો ભીંજાય નહિ. જઘન્યમાં જઘન્ય સ્થિતિ એવી હોય કે જેની ઉપર હલ્લો થઈ શકે નહિ. જ્ઞાનદર્શનની જઘન્ય સ્થિતિ એટલી બારીક છે કે જેની ઉપર કર્મનો હલ્લો થઈ શકેજ નહિ. સૂક્ષ્મ એકેંદ્રિયના પહેલે ક્ષણે જે જ્ઞાનની શક્તિ છે-જે જ્ઞાનનો અંશ છે એ અવરાતો નથી. ત્રણે જગતનાં જીવોને વળગેલા જ્ઞાનાવરણીય કર્મો એકઠાં કરીયે, વળી જગતનાં છૂટાં કર્મપુદ્ગલો જ્ઞાનાવરણીય-પણે પરિણમીને એ પણ તેમાં ભળી જાય, આ બધા ત્યાં વળગે તોયે એ જ્ઞાનનો અંશ કોઇ દિવસ અવરાય નહિ. સૂક્ષ્મ એકેંદ્રિયપણામાં આ જીવ અનાદિથી કેમ રહી શક્યો ? ન વધ્યો કે ન ઘટ્યો એ શાથી ? વધવાના સાધનો નથી અને હલ્લો થઇ શકે તેમ ન હોવાથી ઘટવાનું નથી એવા પ્રશ્નો હોય ? કેમકે આંધળો ન દેખે, બહેરો ન સાંભળે એમાં નવાઈ નથી, આંધળો દેખે અને બહેરો સાંભળે તેમાં નવાઈ!

## અજબ ભાગીદારીની કંપની !

સૂક્ષ્મ એકેંદ્રિયપણામાં અજ્ઞાન છે. મન, વચન તો ત્યાં છેજ નહિ. માત્ર કાયા છે તે પણ કેવી ? અનંતા જીવો એકી સાથે ઉદ્યમ કરે (વારા ફરતી નહિ) જુદા જુદા ટાઇમે મહેનત કરે, તો કાર્ય ન થાય તેમાં નવાઇ નથી. શાસ્ત્રકારે અનંતકાયમાં

---

સંસારમાં એક વાર કરેલા કર્મોનું કોડાકોડ ગુણું ફળ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનંતાજીવની એકી સાથે ઉત્પત્તિ કહી છે, અને તેઓ આહાર કરવાનો તથા **શરીર** બાંધવાનો પ્રયત્ન પણ એકી સાથે કરે છે પ્રશ્ન થશે કે આ શરીર કેવું બનવું જોઇએ ? આ શરીર નજરે કેમ દેખાતું નથી? બાદર પૃથ્વીકાયનું શરીર દેખી શકીએ નહિ પણ એ સંખ્યાતા અસંખ્યાતા જીવો એકઠા થાય એ તો દેખાવા જોઇએને. કેમ દેખાતા નથી ? સૂક્ષ્મ પૃથ્વીકાય સૂક્ષ્મ નિગોદિયાના અસંખ્યાતા શરીર એકઠા થયા હોય તો પણ દેખી **શકીએ** નહિ એક ન દેખાય પણ અસંખ્યાતા કેમ ન દેખાય? ભાષાવર્ગણાના પુદ્દગલો જથ્થામાં છતાં કેમ દેખાતા નથી ? સિંહનો અવાજ ભલે સંભળાય પણ શબ્દના પુદ્દગલો દેખાતા **નથી** વાયરો સજ્જડ વાય છે છતાં દેખાય છે? નહિ. બાદર **એટલે** આંખે દેખાય એવી વ્યાખ્યા કરી ત્યારે પ્રશ્ન થશે કે વાયરાનો જથ્થો નથી દેખાતો માટે એને બાદર ગણવોજ નહિ? ના. એમ નહિ. એ તો ચોક્કસ થયું કે સિંહનો અવાજ થાય છે, વાયરો ઝાડ હલાવે છે માટે એ છે તો સ્થૂલ પદાર્થ પણ આપણી ચક્ષુમાં તેવાં સાધન ન હોવાથી આપણે દેખી શકતા નથી. સૂક્ષ્મ કયા કહેવાય? અસંખ્યાતા એકઠા થાય તો પણ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શથી માલુમ ન પડે. આવી સ્થિતિવાળા શરીરો તે સૂક્ષ્મ કહેવાય. સૂક્ષ્મની આવી જાત ત્યારે તેનું શરીર કેટલું? આંગળના અસંખ્યાતમાં ભાગ જેટલું. અનંતાજીવો મહેનત કરે અને સૂક્ષ્મ **શરીર** બનાવે તે આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું. આ ઉપરથી ત્યાંના એક જીવની શક્તિ કેટલી?

---

જ્યારે ભવ્યત્વભાવ **અને** જગતનો ભાવ જીવને વિષે અનુકૂલતાને પામે છે ત્યારે જ જિનેશ્વર ભગવાનના શાસનમાં શ્રેષ્ઠ બોધને પામીને નક્કી મોક્ષે જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આટલી ઓછામાં ઓછી શક્તિ એની ઉપર કર્મનો હલ્લો ચાલી શકતો નથી. તેથી નિગોદિયા કોઇ દિવસ નીચે ઉતરતા નથી, નીચેના ઉપર ચઢી જાય પણ ઉંચેના નીચે નથી ઉતરતા તેથી એ શક્તિ નિત્ય. એ જે અનંતમા ભાગની શક્તિ એજ જઘન્યમાં જઘન્ય જ્ઞાનશક્તિ આંગળના અસંખ્યાતમા-ભાગ જેટલી સ્પર્શશક્તિ ઉપર કર્મનો હલ્લો ચાલી શકતો નથી; હવે વિકાસ થાય? વિકાસનું સાધન હોય ત્યાં વિકાસ થાય; ત્યાં તે નથી. એ વિકાસ ન પામે એમાં નવાઈ નથી. નવાઇ એના વિકાસમાં છે. આંધળો દેખે એમાં નવાઈ, ન દેખે તેમાં નવાઇ શી? જગતમાં પૈસાની ભાગીદારીની કંપની છે પણ આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ વિગેરેની ભાગીદારીની કંપની હોતી નથી—એવી કંપની જગતમાં દેખી? કયાં? સૂક્ષ્મ એકેંદ્રિય નિગોદિયામાં

એક સરખો આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ એવા અનંતા જીવો એક સરખી સામગ્રીવાળા, તેમાંથી એકાદ જીવ કર્મને તોડનાર નીકળે; બાકી બધા બાંધે છે. એકેંદ્રિય સૂક્ષ્મમાંથી જીવ બાદરમાં આવે એ નવાઈ છે, જેમ આંધળો દેખે અને બહેરો સાંભળે તેમાં નવાઇ છે. સાધનો છતાં આપણા માટે કર્મો તોડવા મુસ્કેલ છે તો સાધન વગરનામાંથી કર્મ તોડનાર નીકળે એ નવાઈ નહિં? કર્મનો હલ્લો તેની ઉપર ચાલી શકતો નથી એવી જે શક્તિ છે તેથી સૂક્ષ્મ એકેંદ્રિયપણું અનાદિ અનંત માનવું પડે ચોર કયાં ન જાય? કાં તો દરિદ્રનારાયણને ત્યાં અને કાં તો ચક્રવર્તીને ત્યાં દરિદ્રનારાયણને ત્યાં જઇને કરે શું? ચક્રવર્તીને ત્યાં જઇને

---

પર–સ્વભાવમાં રમણતાને છોડીને હે જીવ! તું શુભ એવા આત્માના જ્ઞાનાદિ ગુણ વિષે રમણતા કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી શકે શું? એવી રીતે સિદ્ધપણું પ્રાપ્ત થયું, કર્મ માત્ર બાળી નાંખ્યાં (ભસ્મીભૂત કર્યાં) કર્મ હલ્લો કરી શકે શી રીતે? આ રીતે આ બે સ્થાન પર કર્મથી હલ્લો થઈ શકતો નથી.

## તૃષ્ણાનો છેડો ક્યાં?

દુનિયાના બીજા સુખો દુઃખોવાળા છે. આ જીવ એવું સુખ નથી માગતો, મળ્યા પછી જેમાં ઇચ્છા રહે નહિં એવું સંપૂર્ણ સુખ માગે છે; ભોજનમાં બે પાંચ લાડુ ખાધા પછી આડો હાથ ધરીએ છીએ પણ લોભમાં એ હાથ આડો આવતો નથી. પેટ આડો હાથ લાવે છે પણ દલાલણ (જીભ) આડો હાથ લાવતી નથી. લોભદશા લગીર ઉભી થઈ તો એનો છેડો જિંદગીના છેડે સમજવો, તૃષ્ણાનો છેડો જિંદગીના છેડા વગર થતો નથી, તે વાત કપિલ મુનિનું દૃષ્ટાંત બરાબર પુરવાર કરે છે.

## કપિલનું દૃષ્ટાંત

કપિલ નામનો એક બ્રાહ્મણ હતો. બાપ મરી ગયો. માતા છે, પોષણ શી રીતે કરવું? એના બાપનો એક ઉપાધ્યાય મિત્ર હતો જે પોતાને ત્યાં વિદ્યાર્થીઓને ભણાવતો હતો. કપિલની માતાએ કપિલને એ ઉપાધ્યાયને ત્યાં મોકલ્યો. ઉપાધ્યાય પોતે પણ સામાન્ય સ્થિતિનો હતો પણ મિત્રનો પુત્ર આવ્યો તો એના માટે યોગ્ય પ્રબંધ કરવા એ પ્રેરાયો. એક શેઠીયાને ત્યાં જઈ એણે કહ્યું કે—આ મારા મિત્રનો પુત્ર છે, ભણી શકે એવો છે, યોગ્ય છે, અને મારે ત્યાં એટલાજ માટે આવ્યો છે માટે જો આપ ભોજનપ્રબંધ કરી આપો—ભોજનપ્રબંધનો ખર્ચ આપશ્રીનું માથે લ્યો તો

---

જિનેશ્વરના માર્ગને પામેલો જીવ સાધ્ય (મોક્ષ)ને પામી શકે છે.

હું એને મારે ત્યાં રાખી ભણાવું. આપને આશીર્વાદ મળશે.' શેઠે તે કબુલ્યું એટલે ઉપાધ્યાય એને પોતાને ઘેર ભણવા રાખ્યો. માત્ર પોતાનું જ અને કુટુંબનું જ પોષણ કરે તે માણસ મનુષ્ય શાનો ? જાનવર પણ તેમ તો કરે છે ગાય પણ જંગલમાં ચરી આવીને પોતાના વાછરડાંને દૂધ પાય છે. પોતાનું અને પોતાના આશ્રિતોનું પોષણ કરવું એ તો સામાન્ય નિયમ છે. પોતાના ઘરની રસોઈ પોતેજ ખાઈને વખાણે, ફૂલાય એને લબાડ કહીયે છીએને. જ્યારે મહેમાન ચાખે, ખાય, ત્યારે એનું નામ સ્વાદ. ખાવાનો સ્વાદ લેવા ઈચ્છનારે બીજાને ખવરાવવું જોઈએ. ધર્મસંગ્રહકાર કહે છે કે–નિર્ધન, કુલીન, દરિદ્ર ભાઈબંધ વિધવા વિગેરેને ધર્મિષ્ઠે નીભાવવા જોઇએ, એ જેને ઘેર ન હોય તેની લક્ષ્મી એને ઘેર કેદ થયેલી છે.

પેલા કપિલને ઉપાધ્યાયે પોતાને ત્યાં ભણાવવા રાખ્યો, પ્રાચીનકાલમાં વિદ્યાર્થી માટે આવી વ્યવસ્થા હતી. આજની બોર્ડિંગો તમારાં બાલકોને કયી સ્થિતિમાં લાવી મૂકે છે ? બોર્ડિંગમાંથી ઘેર આવે તે વખતે એ સ્ટુડંટ (વિદ્યાર્થી) માબાપની શી દશા કરે છે? માબાપ કરે શું ? સખી ગૃહસ્થે તો એ કપિલ માટે વ્યવસ્થા કરી પણ કુલાચારની રીતિભાતિ પરિચય સંસ્કારનું જ્યાં નામનિશાન નહિં, ધાર્મિક સંસ્કારના ઠેકાણા નહિ ત્યાં શું થાય ? આજની બોર્ડીંગમાં સંસ્કારો કેવા છે? શ્રીમંતને ઘેર રહ્યો હશે તો કાંક મર્યાદામાં રહેશે એમ ધારી ઉપાધ્યાયે એને શેઠને ત્યાં રાખ્યો, જમે ત્યાં, ભણે અહીં એવું રાખ્યું. કપિલ કાબુમાં ન રહ્યો. આજે ઉપકાર કરનારનો ઉપકાર માનવો મુશ્કેલ પડે છે. પૂર્વકાલમાં

ભગવાનના શાસનને પામેલા આ જીવો અત્યંત ભાગ્યશાળી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માસ્તરનો ઠપકો આવે તો માબાપ બાલકને શિક્ષા કરતા; આજ ઠપકો આપનાર માસ્તરનો બોયકોટ કરાય. ઉપકારીના ઉપકારનો બદલો વાળવો તો દૂર રહ્યો પણ ઉપકારને ગણવો તે પણ આજકાલ રહ્યું નથી. હવે પેલો કપિલ જતાં આવતાં માર્ગમાં કોઈ દાસી સાથે વાર્તોચિતો કરવા લાગ્યો. હાંસી કરતો થયો અને પછી પ્રેમની ફાંસીમાં પડ્યો. માર્ગે જતાં આવતાં આ બધું થાય, આ થવામાં પહોરો કે દિવસો જોઈતા નથી કે જેથી ગોઠીયાઓ કે શેઠીયાઓ લક્ષ્યમાં લઈ શકે. એવામાં એક મહોત્સવ આવ્યો એટલે પેલી દાસી કપિલ પાસે દ્રવ્ય (પૈસા) માગે છે. કપિલ લાવે કયાંથી? દાસીએ એ માટે પણ ઉપાય શોધી કાઢ્યો. ત્યાંનો રાજા પ્રાતઃકાલે સૌથી પહેલો આશીર્વાદ આપનારને બે માસા સોનું આપે છે. દાસીએ એમ કરવા જણાવ્યું, અને વહેલા ઉઠીને જવાની સૂચના કરી સ્નેહમાં ફસાયેલો પોતાના સ્વરૂપને જોતો નથી વહેલા જવાની ધૂનમાં ઊંઘ પણ ન આવી. રાત્રિના બે વાગે કપિલ તો નીકળ્યો આટલી રાત્રે નીકળેલો એ એકલા જુવાન કપિલને સિપાઈએ પકડ્યો. રાજા પાસે રજુ કર્યો રાજા પાસે આણે ખરી વાત કહી દીધી અને બીજો કોઈ લઈ ન જાય તે માટે આ રીતે વહેલો ઉઠી ચાલી નીકળ્યો એવો બચાવ કર્યો રાજાએ એને જંજાળમાંથી છોડાવવાના ઈરાદાથી કહ્યું કે:- 'તારે જે જોઈએ તે માગી લે' કપિલે વિચાર કરવાની મહેતલ માગી: રાજાએ વિચાર કરવા પાસેની વાડીમાં મોકલ્યો. વાડીમાં જઈને કપિલ વિચારે છે કે-"બે માસા સોનાથી શું થાય? દસ માસા

મોક્ષ અને અભ્યુદયને સાધવાવાળું પ્રભુનું શાસન અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માગું ? એટલે તો કપડાં થાય પણ ઘરેણાં વગર ચાલે ? ત્યારે સો માસા માગું ?" બે માસા માંગવા નીકળેલો માગણીના મનોરથોમાં વધતો ચાલ્યો. બાયડીના, ગોઠીયાના, સાહ્યબીના તમામ વિચાર કરવા લાગ્યો. હજાર માસાએ, લાખ માસાએ, તથા ક્રોડ માસાએ મનોરથથી આવ્યો. મનના કોડ એજ કોઢ. અને કોડના ક્રોડ એય કોઢ આટલે વાત અટકતી નથી, હજી તૃષ્ણા વધે છે. કુંડાળાનો છેડો પાણીના છેડે તેવી રીતે તૃષ્ણાનો છેડો ન આવે ત્યાં સુધી લોભનો છેડો નથી. લોભને થોભ નથી. આ વાત જાણીતી છે. આમાંથી કાપેલને બોધ થયો અને માર્ગે આવી ગયો. તાત્પર્ય એ કે અહીં જો સુખ વધ્યું તો લોભ વધે. પણ સામાન્ય સુખમાં કંઈ થતું નથી. દુઃખ વગરનું, નાશ નહિ થનારૂં સુખ માગે છે તે શી રીતે મળે ? જેવું સુખ જોઈએ તેવા કારણો મેળવવા જોઈએ.

જે મુનિરાજ જ્ઞાન આદિના ઉપાયથી તમામ પાપના સમૂહનો નાશ કરીને જ્ઞાન આદિ સકલ લક્ષ્મીઓને પામીને જન્મ; જરા, મરણુ આદિ પીડાથી રહિત સ્થાનને પામ્યા, કે જે સ્થાન વચનના સમૂહના વિષયવાળું નથી. તેથી હે ચેતન! તેને વિષે તું મતિ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ફૂંકી ફૂંકીને ઉંદર કરડે છે એજ કારણે મનુષ્ય જાગી જતો નથી.**

धर्मो मङ्गलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः ।
धर्मः संसारकान्तारो-ल्लङ्घने मार्गदेशकः ॥१॥

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી ભવ્યજીવોના ઉપકાર માટે સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિકાલથી સુખની આશાએજ રખડી રહ્યો છે. કોઈપણ ભવમાં એને દુઃખની ઇચ્છા થયેલીજ નથી. જે કાંઈ પ્રયત્નો કર્યા છે તે પોતાના સુખનેજ માટે છતાં હજી ઈષ્ટસિદ્ધિ થઈ નહિ. રૂશિયાની હાર થઈ છતાં હારનું કારણ શોધવા કરોડો રૂપીઆ ખરચી કમિશન બેસાડયું તે જાણીને કારણ દૂર કરવામાં આવ્યું તો જાપાન સાથે ત્રણ વર્ષ સુધી ટકી શકાયું. આ જીવ જન્મોજન્મ સુખ મેળવવાની મહેનત કરે છતાં મેળવી ન શકે એનું કારણ શોધવાનું નહિ? પોતાની મહેનત શાથી નકામી જાય છે? જન્મથી મરણ પર્યંત શરીર, માલમીલકત, કુટુંબ, આબરૂ એ બધું આ જીવ સુખ માટે વધારે છે છતાં એક પલકારામાં છોડીને (મૂકીને) ચાલતો થાય છે. વળી બીજા જન્મે ફરી બધું એકઠું કરે છે. વળી ફરી પલકારામાં છોડી દે છે. આ જીવે અનંતી વખત આવી સામગ્રી એકઠી કરી અને સાથે

---

ગુરુસેવા, વ્રતોચ્ચારણ, શુદ્ધિ, ખમતખામણાં અને સંવર એ બધું આરાધનાનું સ્વરૂપ રાધાવેધની જેમ કઠિન છે.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

રહી નહિ, ન સામગ્રીનું ફળ પણ રહ્યું છતાં આ જીવને એ સંબંધી કેમ કાંઈ વિચાર આવતો નથી? જન્મોજન્મ મહેનત કરવી, મેળવવું અને મૂકી દેવું આનો છેડો ક્યાં? આ વિચાર હજી આવતો નથી એનું કારણ શું? ઉંદરડો કરડે છે છતાં મનુષ્ય જાગતો કેમ નથી? માંસમાં કરડે, અરે! નસ સુધી કરડે છતાં માણસ જાગતો નથી કારણ કે પેલો ફુંકી ફુંકીને કરડે છે, તેથી મનુષ્યને જાગવાનો વખત આવતો નથી. તેવી રીતે આ જીવે અનાદિથી મહેનત કરી સામગ્રી મેળવી અને સર્વથા મૂકી દીધી ને સર્વભવના સર્વપ્રયત્નો નિષ્ફળ ગયા અને આરંભપરિગ્રહ ને વિષયકષાયથી પાપ બાંધી પરિણામે દુર્ગતિમાં રખડ્યો, પણ એ સંબંધી એને મમત્વની મોહરૂપી ઉંદરે મારેલી ફુંક આવી હેરાનગતિમાં પણ જાગૃતિ આવવા દેતી નથી.

## જનારા પદાર્થોને ક્યાં ગોઠવવા?

નાસ્તિકો પાપપુણ્ય સ્વર્ગનરકને અંગે વિરૂદ્ધ પડે છે પણ મરણમાં વિરૂદ્ધ નથી. મરણ તો બેય માને છે; ત્યાં ફરક શો? આસ્તિક મરણ નક્કી છે એમ માની આગળની તૈયારી કરે છે, મળેલી સામગ્રીથી જે ફલ મેળવાય તે સમજુ મેળવી લે છે. એક શેઠીઓ મધ્યરાત્રિએ અચાનક જાગ્યો તો પોતાની સન્મુખ લક્ષ્મીદેવીને રોતી જોઈ, એને રોવાનું કારણ તથા એ કોણ છે તે પૂછ્યું. લક્ષ્મી બોલી: 'શેઠ! સાત પેઢીથી હું તમારી પાસે હતી પણ હવે જવાની છું, એજ કારણે રોઉં છું" લક્ષ્મીના અદૃશ્ય થયા પછી શેઠ વિચારે છે કે 'જ્યારે એ જવાનીજ છે તો સન્માર્ગે કેમ ન વાપરવી?

મોક્ષના માર્ગની સાધનામાં જેને વિધિનો આદર કર્યો છે તે ખરેખર ભાગ્યશાળી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પકડીશ તો પણ રહેવાની નથી, તો સદ્‌વ્યયથી લાભ કેમ ન મેળવું ?' વારૂ ! છોકરાછોકરીમાં કાંઈ ફરક ? ગર્ભમાં બન્ને સવાનવ મહીના રહે છે. બન્નેના પ્રસવ વખતે માતાને સંકટ સરખું જ છે, પાલનપોષણ, ખોરાકી, પોષાકી, બન્નેની સરખી છે. પણ પરણાવ્યા પછી ? છોકરી પરણાવ્યા પહેલાં ચંપા નથ્થુભાઈ કહેવાય અર્થાત્ સાથે પિતાનું નામ જોડાય અને પરણ્યા પછી અમુકની પત્ની એ રીતે ઓળખાવાય છે. આ વાત તમારી જાણ બહાર નથી કે છોકરી સાસરે ગઇ કે બાપનું નામ બોળવાની, બોળવાની એટલે બાપનું નામ ભુંસાવાનું, સાસરેથી બાપને ઘેર આવે ત્યારે 'મારે પિયર જાઉં છું' એમ કહે અને પિયરથી સાસરે જતાં 'મારે ઘરે જાઉં છું' એમ કહે છે. ત્યાંના સારાનરસા બનાવોમાં એ ભાગીદાર, બાપને ત્યાંના બનાવોમાં મન ભલે ખેંચાય પણ ભાગીદારી નહિ આ જાણવા છતાં જમાઇને શોધીએ, ચાંલ્લો કરી વિવાહ કરીયે, માંડવો બાંધી લગ્ન કરીયે, આ બધું કરીયે છીયે એ શાથી ? કન્યાને ઘેર ન રખાય એ લોકવ્યવહાર તમારા મગજમાં જચેલો છે. જ્યારે લૌકવ્યવહારનું આવું સાદું વાકય તમારી પાસે વાજાં વગડાવે, વિવાહ કરાવે, તો પછી જે વખતે સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના કલ્યાણ માટે ધર્મનેજ તત્વ ગણે, સદ્‌ગતિની અભિલાષાવાળો થાય, મોક્ષ સાધવામાં તૈયાર થાય, તે શું ન કરે ? લોકવ્યવહાર કરતાં તો આ દશા હજારો ગણી ઉત્તમ છે ને ક્ષાયિકસમકીતિઓ પોતાની સ્ત્રીઓને, પુત્રપુત્રીઓને વાજતે ગાજતે શી રીતે દીક્ષા અપાવી શકયા હશે તે આથી સમજાશે. જ્યારે

---

પ્રદેશી રાજાની સમતા વચનથી પણ અગોચર હતી, કારણ કે મારનાર રાણીને વિષે મનથી પણ કોપ ન કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકવ્યવહારથી આપણે છોકરાછોકરીને વાજતે ગાજતે પરણાવીયે તો પછી તીર્થંકર, ગણધર, કેવળી, તથા શાસ્ત્રોનાં વચનોથી સમકીતિ આવો તૈયાર થાય એમાં આશ્ચર્ય શું? એ સમકીતિ વિચારે કે છોકરીને જ્યારે પારકે ઘેરજ મોકલવી છે તો યોગ્ય સ્થાને કેમ ન મોકલવી? એજ રીતિએ પેલા શેઠીયાએ વિચાર્યું કે લક્ષ્મી જ્યારે સ્વચ્છંદપણે ચાલી જવાની છે તો હુંજ એને એવે સ્થાને મોકલી દઉં (ગોઠવું) કે જેથી સ્વછંદપણું કરી શકે નહિ સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં સંતાનનાં લગ્ન કરે તો પણ બુદ્ધિ કયી? એનાથી સર્વવિરતિ લઈ શકાતી નથી માટે ઉચ્છૃંખલ ન થાય. મર્યાદા ન તજે માટે કુટુંબના મર્યાદિત બંધનમાં જોડવાની ત્યાં બુદ્ધિ છે. છે લગ્ન પણ સાધ્ય આખું ફરી ગયું. આ લગ્ન કરવામાં પોતાનું સંતાન આરંભપરિગ્રહમાં કે વિષયાદિમાં લીન થાય એ મુદ્દો નથી. જો લગ્ન ન કરે અને સંતાન ઉચ્છૃંખલ થાય તો ભવિષ્યમાં પણ ધર્મ પામી શકે નહિ. ધર્મમાં ટકવું વધવું ન થાય એ ત્યાં મુદ્દો છે. દેશવિરતિ કે સમ્યક્ત્વ જેવો કલ્યાણકારી ધર્મ ઉચ્છૃંખલતા આવ્યા પછી પમાય નહિ એજ મુદ્દો ત્યાં લક્ષ્યમાં છે આપણે એ દેખીયે છીયે કે કોઇને અમુક ચીજનું વ્યસન હદ બહારનું થઈ જાય. એની પાસે એ ચીજને ખોટી જણાવવામાં આવશે તો એ એને નહિ ગમે. વ્યસનમાં પણ મર્યાદા હોય છે. આખો દિવસ દારૂમાં છાકેલો રહે એમાં અને પંદર દિવસમાં એક વાર દારૂ પીએ એમાં ફરક છે. પંદર દિવસે દારૂ પીનારો નશામાં ચકચૂર નથી માટે એ દારૂના અવગુણ

---

બંધનને નાશ કરવાવાળાં જો પાંચ મહાવ્રત આદરાય તો હું જગતમાં ભાગ્યશાળી થઉં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજી શકે, એ એને ખોટો માની શકે, પણ નશામય જીવનવાળો તમારું સાંભળવા પણ તૈયાર ન હોય તો માને શાનો? એજ રીતે ઉચ્છૃંખલ થયેલી કન્યા ભવિષ્યમાં માનવા તૈયાર નહિ થાય એમ વિચારી, ભલે અત્યારે સર્વવિરતિ નથી લેતી તો ભવિષ્યમાં પણ ધર્મ પામવાના સંયોગો હોય એવા સ્થાને મૂકવાનું વિચારી સમ્યગ્દૃષ્ટિ પોતાની દીકરીને પરણાવે છે એજ રીતે પેલા શેઠીયાએ સાત દિવસમાં લક્ષ્મીને ઉદારતાથી સાતે ક્ષેત્રમાં ખરચી નાખી અને સાતમા દિવસની રાત્રિએ એ તૂટેલા ખાટલામાં સૂતો. પરિણામ એ આવ્યું કે જવાવાળી લક્ષ્મીને ફરીને સાત પેઢી સુધી બધાઇને રહેવાની ફરજ પડી.

## મરણ બેય માટે નિશ્ચિત છતાં આસ્તિકનાસ્તિકના વર્તનમાં ભેદ કેમ?

આસ્તિકો અને નાસ્તિકો બેયને માટે મરણની સ્થિતિ સરખી છે, પણ આસ્તિકની ભાવના સાધવાનું સાધી લેવાની છે. અનામત રકમમાં શાહુકારથી ના પડાતી નથી એવી રીતે મોત એ અનામત રકમ છે. જ્યારે આવે ત્યારે તૈયાર રહેવું જ પડે મોતે આવું ચાલુ ખાતું રાખ્યું છે ચાલુ ખાતાવાળાને વાયદો ન કરાય

## દર્શન અને ચારિત્ર મોહનીયની તરતમતા.

દર્શનમોહનીય માન્યતા પર અસર કરે છે જ્યારે ચારિત્રમોહનીય વર્તન પર અસર કરે છે. સંસાર અસાર છે, દુનિયાદારી માટેના પ્રયત્નોમાં ફોતરાં ખાંડવાના છે એવી

---

આત્માથી ન તર્કણા કરાય તેવી શરીર સંબંધી પીડાઓ આ જગતમાં જીવને થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતઃકરણમાં માન્યતા એનું જ નામ સમ્યક્ત્વ છે. કોઇ મરી જાય અર્થાત્ કોઇને જમ લઈ જાય તેનો અફસોસ કરે છે પણ પોતાને જવાનું છે એનો અફસોસ આ જીવ કરતો નથી. માન્યતા સાચી રહે તો વર્તનમાં ફરક પડવાથી સમ્યક્ત્વ રહે તો વર્તનમાં ફરક પડવાથી સમ્યક્ત્વ ચાલ્યું ન જાય પણ માન્યતામાં ભેદ પડવો જોઈયે નહિ એટલાજ માટે બે વસ્તુ જૂદી રાખી છે. દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય. કર્મોદયને લીધે, શક્તિ કે સાધનના અભાવે પ્રવર્તી ન શકે, જેમકે ઉપવાસને યોગ્ય ગણતો હોય પણ પોતે ચાર વખત ખાવાવાળો હોવાથી કરી શકતો નથી, કર્મોદયના કારણે કાર્ય ન બનવાથી, પણ માન્યતા બરાબર હોવાથી સમ્યક્ત્વમાં વાંધો નથી. વર્તનમાં સુધારો ન થાય છતાં તેના પરિણામમાં વાંધો નથી. પણ એક વાત લક્ષ્યમાં લેવાની છે. પરિણામ જણાવવાવાળો, બોલવાવાળો, પ્રવૃત્તિ ન થવામાં મજબૂત કારણમાં હોય તોજ તેનો બચાવ ચાલે છે. શ્રેણિક તથા કૃષ્ણ અવિરત છતાં એને ક્ષાયિક સમકીતિ માનવા એ શ્રી જિનેશ્વરદેવનું વચન છે માટે માનીયે છીયે. સેંકડે એંસી ટકા તો માન્યતા તેવું જ વર્તન હોય, માન્યતા તથા વર્તનમાં ફરકવાળા દાખલા ઘણા ઓછા હોય છે. દુનિયાદારીમાં માન્યતા પ્રમાણે વર્તન ઘણી જગો પર હોય છે. ઘણું જ ગંભીર કારણ હોય ત્યાં ન હોય એ બને. દુનિયામાં ભલે એવો નિયમ ન બંધાય પણ ઘણો ભાગ માન્યતા પ્રમાણે વર્તનવાળો હોય છે. હવે આપણે મૂળ વાતમાં આવીયે.

મોક્ષ અને અભ્યુદયને સાધવાવાળું પ્રભુનું શાસન અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે.

## બળતું ખોયડું કૃષ્ણાર્પણ

સંસાર અસાર છે, મરણ નક્કી છે, આયુષ્ય ક્ષણભંગુર છે, પૌદ્‌ગલિક પદાર્થો અનિત્ય છે, નશ્વર છે આ બધી સમજણનું પરિણામ આસ્તિકને સદુપયોગમાં આવ્યું જ્યારે નાસ્તિક તો ઉલટો ભોગાદિમાં બમણો વળગે છે. જિંદગીને ક્ષણિક માની જે સાધી શકાય તે સાધી લઇએ છીએ. તો બળતું ખોયડું કૃષ્ણાર્પણ કરીએ છીએ. નાસ્તિકો એજ સમજણદ્વારાએ જુદું જ આચરે છે, 'જીવાય ત્યાં સુધી મોજથી જીવો, જો મોજ માણવાનું સાધન ન હોય તો દેવું કરીને પણ મોજ મેળવો, કરજ કરીને પણ ઘી પીઓ મરી ગયા, શરીર રાખ થયું પછી મજા ક્યાં કરશો?' આ માન્યતા નાસ્તિકની, નાસ્તિકઆસ્તિકને તકરાર જડ, જીવ, પુણ્ય, પાપ એ તત્વોમાં નથી પણ ભવાંતરની વાતમાંજ વાંધો છે. એક વાત જો જતી કરો તો નાસ્તિક તરત તમારી સાથે ભળવાના પુણ્ય, પાપ, જીવ, સ્વર્ગ, નરક બધું માનવા તૈયાર છે, ફક્ત ત્યાગ એ વસ્તુને જતી કરો, એને બિનજરૂરી જણાવો તો નાસ્તિક બધી વાતે તમારી સાથે ભળવા તૈયાર છે. ભોગમાં પાપ અને ત્યાગમાં ધર્મ, ભોગો અધમ છે. ત્યાગ ઉત્તમ છે આ માન્યતામાંજ નાસ્તિકને વાંધો છે તેથીજ નાસ્તિકોએ ખુલ્લે ખુલ્લું કહ્યું કેઃ-

**तपांसि यातनाश्चित्राः संयमो भोगवञ्चना** અનેક પ્રકારની તપસ્યાઓ તે અનેક પ્રકારની પીડાઓ છે અને સંયમ રાખવું તે વિષયોથી ઠગાવાનું છે.

---

આરાધના કરવામાં બહુ કે અલ્પ પર્યાય કારણ નથી, કિંતુ ઉત્તમ દર્શન આદિની પ્રાપ્તિ તે જ કારણ છે. તે માટે હે ભવ્ય! તું પ્રથમ દર્શન આદિમાં પ્રયત્ન કર.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## તપ એ પીડા છે કે પીડા ટાળનાર છે?

આસ્તિકો તપમાં ધર્મ માને છે જ્યારે નાસ્તિકે એને પીડા જણાવી. જેને અહીં મૂળ થડ માન્યું તેને એણે નકામી પીડા જણાવી બાપ પોતાના નાના છોકરાને પોતે રાજાને ત્યાં હીરા દેખાડવા જાય છે ત્યારે સાથે લઇ જાય છે. છોકરાને ભૂખ લાગી છે. એ વખતે હીરાના વેપારને છોકરો ગણકારે નાહ. છોકરાની ગતિ હીરાના લાભ ઉપર નથી. નાના છોકરાને કડવી દવા પાઇયે તે એને ન ગમે કેમકે એથી થનારી રોગની શાંતિ એના ધ્યાનમાં નથી. તેવી રીતે અનાદિના કર્મોને નાશ કરનાર તપ છે, (એકાસણું, ઉપવાસ વિગેરે;) સોનાની અંદરનો મેલ પાણીમાં ધોવાથી જતો નથી, એ તો અગ્નિથી જ જાય. તેવી રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે માત્ર આવતાં કર્મોને રોકે, કર્મો પર શ્રદ્ધા કરાવે, જ્ઞાન કર્મો બતાવે, દર્શન શ્રદ્ધા કરાવે, ચારિત્ર સંવર કરે પણ કેવળ તપમાંજ એ શક્તિ છે કે કર્મોને દૂર કરી શકે. શું તીર્થંકરને બીજા રસ્તા ન મળ્યા કે જેથી છ મહિના સુધી ભૂખે મર્યા? જેઓ તપસ્યાને પીડા કહે છે તેની અપેક્ષાએ 'ભૂખે મર્યા' એમ કહું છું.

જ્ઞાની ક્ષણમાત્રમાં આટલી નિર્જરા કરે છે એ વાત જ્ઞાનની મહત્તા માટે જણાવી છે પણ તપને તડકે મૂકવા જણાવી નથી. ત્હારામાં જ્ઞાન શું? શ્રીતીર્થંકરદેવ તો ચાર જ્ઞાનના ધણી. શુદ્ધ ચારિત્રના માલીક હતા. તેઓ દીક્ષા લે છે ત્યારથી કેવળજ્ઞાન થાય ત્યાંસુધી જમીન પર પલાંઠી પણ વાળતા નથી, કાયોત્સર્ગમાં ઉભે પગે રહે છે. પલાંઠી કયારે

---

બંધનને નાશ કરવાવાળાં જો પાંચ મહાવ્રત આદરાય તો હું જગતમાં ભાગ્યશાળી થાઉં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાળે? કેવળજ્ઞાન થયા બાદ. પલાંઠી કોણ વાળે? નિરાંતવાળો થાય તે. જેને માથે આટલું જોખમ ઝઝુમી રહ્યું છે, જેને આ ભવમાંજ કેવળજ્ઞાન મેળવવું છે એ જંપીને બેસી શકે શી રીતે? તીર્થંકર તપશ્ચર્યા શા માટે કરતા હતા?

'એકાંત પોથામાં તારી તપસ્યા ઉડી જાય છે, તપસ્યા અણુસમજુ માટે છે' આવું કહેનારા અર્થાપત્તિથી એકજ– એમજ કહેવા માગે છે કે મહાવીર મહારાજા મૂર્ખ હતા, એમનામાં આત્મવિચારણા નહોતી. મહાનુભાવ! એ પરમજ્ઞાની આત્મસ્વરૂપ બરાબર દેખી શકયા છે. ગંદી સ્થિતિ કાઢવા માટેજ તેઓ તપરૂપ અગ્નિ સળગાવે છે. જેઓ સ્થિતિને ગંદી નથી સમજ્યા તેઓ તપનો દાવાનળ સળગાવે ખરા? કેટલીક વખત વ્યાજ માટે મુડી દેવી પડે છે, કેટલીક વખત મુડી માટે વ્યાજ અપાય છે. અમુક જ્ઞાન જોઈયે તે વખતે તપનો ભોગ અપાય અગર કોઈ વખત તપ માટે જ્ઞાનનો ભોગ અપાય પણ બન્નેનું કરવાનું પોષણ. શોષણ નહિ. અંદરની મેલાશ પાણી કે સાબુથી નહિ નીકળે તેવી રીતે તન્મયપણે વળગેલાં (ગાઢ) કર્મો કાઢવામાં જ્ઞાન કામ લાગશે નહિ. જ્ઞાનાદિમાં એ તાકાત નથી. એ તાકાત કેવળ તપમાં છે. ભગવાન્ શ્રીમહાવીરદેવ પાસે જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે મોજુદ છતાં તપશ્ચર્યા એટલાજ માટે આચરી. જ્ઞાન તો પ્રકાશ કરે, દર્શન [માર્ગ નક્કી કરે] તત્વનો નિશ્ચય કરાવે, ચારિત્ર આવતાં કર્મોને રોકે પણ વળગેલાં કર્મો કાઢવાની તાકાત માત્ર તપમાંજ છે. 'ચય તે આઠ કરમનો'

---

પ્રદેશી રાજાની સમતા વચનથી પણ અગોચર હતી, કારણ કે મારનાર રાણીને વિષે મનથી પણ કોપ ન કર્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ કેમ કહે છે? આઠે કર્મના સંચયને દૂર કરે તે ચારિત્ર, ચારિત્રના બે પ્રકાર છે. એક સંયમરૂપે, એક તપરૂપે. આઠે કર્મો દૂર કરનાર ચારિત્ર કહ્યું? તપ સંયગથી સંયુક્ત તે. જે વખતે તપ તથા સંયમની જુદી વાત કરીએ ત્યારે સંયમ માત્ર આવતાં કર્મોને રોકે. આપણે ઉપર જે વાત કરી તે સંયમરૂપ ચારિત્રની. 'ગો' શબ્દનો 'ગાય' 'બળદ' એ બંને અર્થ થાય પણ 'બલીવર્દ' શબ્દથી બળદજ સમજાય. એટલા માટે ચારિત્રમોહનીયના ક્ષયથી તપની પ્રાપ્તિ થાય. મુખ્યતાએ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થાય. અહીં પ્રધાનતા દેખાડવા માટે 'ચારિત્ર' શબ્દ વાપર્યો છે. આવું તપ કર્મના ક્ષય માટે અનન્યસાધન છે. શ્રીતીર્થંકરદેવ પાસે સાધનદશાની અપેક્ષાએ સંપૂર્ણ જ્ઞાનદર્શનચારિત્ર, સાધનદશાને લાયકનું છતાં એમને તપને માટે કેમ ઉદ્યમ કરવો પડયો? અર્થાત્ તપ કેમ કર્યો? મહાન તપ કર્યો, સજ્જડ ઉદ્યમ કર્યો, શાથી? તપ અજ્ઞાની કરે એમ મનાય તો ભગવાન્ મહાવીરદેવ કેવા ઠર્યા? અહીં અજ્ઞાની ખરા કોણ ઠર્યા? આ વાત શાસ્ત્રના હિસાબવાળી સમજવી નહિ. બીજાઓ કહે છે તેના આધારે બોલાય છે. જેવો ઉદ્યમ જ્ઞાન, દર્શન, ચારિત્ર તરફ તેવો ઉદ્યમ તપ તરફ જોઇએ ત્યારે બીજાઓ તપને જાતજાતની પીડા સમજાવે છે. જેમ પેલો છોકરો બાપની સાથે હીરાનો વેપાર કરવા જવામાં હેરાનગતિ સમજે છે તેવી રીતે અજ્ઞાનીઓ તપશ્ચર્યાથી હેરાનગતિ સમજે છે.

---

ગુરૂસેવા, વ્રતોચ્ચારણ, શુદ્ધિ, ખમતખામણાં અને સંવર એ બધું આરાધનાનું સ્વરૂપ રાધાવેધની જેમ કઠિન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સંયમને આપણે કેવું માનીએ છીયે ?

વળી નાસ્તિકો સંયમને ભોગથી ઠગાવાપણું કહે છે. આપણા મગજમાં પણ એ વસ્યું છે પણ સીધી રીતે નહિ, આડકતરી રીતે વસ્યું છે. કોઈ બાર વર્ષનો છોકરો દીક્ષા લે તો 'આણે ખાધું પીધું શું ? એવી જે ભાવના થાય છે એનો અર્થ શો ? એવું શાથી બોલાય છે ? આડકતરી રીતે આ નાસ્તિક માન્યતા છે. 'ત્યાગ ઉત્તમ છે, અધમ છે, એ વાત બોલતાં તમે બંધ થાઓ તો પછી નાસ્તિકોને પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક જે કહો તે માનવામાં કશી હરકત નથી. જેમાં જામીનગીરી નથી તેવા લેણાની કિંમત કશી નથી. મરણના નિમિત્તથી આસ્તિકો સાધવાનું સાધવા પ્રયત્ન કરે ત્યારે નાસ્તિકોએ જુદું જ વાટયું અનેક પ્રકારની તપશ્ચર્યા એ પીડા છે અને સંયમ એ મળેલા ભોગથી વ્યર્થ ઠગાવાનું છે, માટે પ્રવૃત્તિ થાય તેટલી કરી લેવી, પુરતી મોજ માણી લેવી અને જિંદગીને સાર્થક કરવી, આ તત્વ નાસ્તિકે તારવ્યું.

છેવટે સમજવું જોઇએ કે જન્મોજન્મ સુખનાં સાધનો મેળવ્યાં અને મેલી દીધાં છતાં તેનું ફળ ન મળ્યું તેનું કારણ શું ? આટલી બધી વખતની મહેનત નકામી ગઈ એનું કારણ શોધવામાં કંટાળો હોવો જોઈયે નહિ અને અનાદિથી ચાલુ ભવભ્રમણ માટે ઉદ્વેગ રહે અને ભવભ્રમણ ટાળવા માટે સમ્યગ્માર્ગની આકાંક્ષા રહે તોજ સમ્યક્ત્વ છે.

---

જે મુનિરાજ જ્ઞાન આદિના ઉપાયથી તમામ પાપના સમૂહનો નાશ કરીને જ્ઞાન આદિ સકલ લક્ષ્મીઓને પામીને જન્મ, જરા, મરણ આદિ પીડાથી રહિત સ્થાનને પામ્યા, કે જે સ્થાન વચનના સમૂહના વિષયવાળું નથી. તેથી હે ચેતન! તેને વિષે તું મન કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બાલકને કોહીનૂરની કિંમત કેટલી ? ચાટવા જેટલી.

છોકરાના હાથમાં આવેલા કોહીનૂર, એને મન કાચના ટૂકડાથી વધારે કિંમતી નથી. કોહીનૂરનો ઉપયોગ એ માત્ર ચાટવામાં કરે છે. જીવને પહેલી મુખ્ય સંજ્ઞા આહારની છે. બીજી ગતિમાંથી આવીને પ્રથમ આહાર કરે છે તેથી આહારની પર્યાપ્તિ એક સમયની માની છે, કારણ કે જીવ પહેલવહેલું એજ કાર્ય કરે છે. આગળ બીજી પર્યાપ્તિને અંતર્મુહૂર્ત જોઇયે. જગતમાં દેખીયે છીયે કે બચ્ચું ધાવમાતા પાસે તરત જાય છે ત્યારે મા બોલાવે તોપણ જતું નથી કેમકે તે વખતે મતલબ માત્ર ખોરાકની છે. હાથમાંના કોહીનૂરની કિંમત નહિ સમજતો હોવાથી બાલક એને ચાટે છે. એ બાળકને સાકરીયાતલી આપો તો કોહીનૂર છોડી દેશે, કેમકે એને કોહીનૂર પણ ચાટવા માટેજ હતો. બાલકને ચૂસવાની એટલી બધી ટેવ છે કે એ લાકડાના ચૂસણીયાને પણ ચૂસ્યા કરે છે. આથી સિદ્ધ થાય છે કે જીવ જન્મે ત્યારથી 'ખાઉં ખાઉં' કરતોજ આવે છે. જેમ અમુક ચીજની કટેવ પડે તેને તે ચીજ ન મળે તો ભળતા પદાર્થોથી પણ ટેવ પૂરી કરવાની ઈચ્છા હોય છે. અફીણીને અફીણ ન મળે તો એળીયો પણ ખાય છે, તેવી રીતે તળી કે પીપરમીટ મળતાં બાલક કોહીનૂર ફેંકી દે છે કેમકે તેણે એની કિંમત ગણી નથી. તેવી રીતે ધર્મ એ આત્માના ગુણોને પ્રગટ

---

ભગવાનના શાસનને પામેલા આ જીવો અત્યંત ભાગ્યશાળી છે.

મોક્ષના માર્ગની સાધનામાં જેને વિધિનો આદર કર્યો છે તે ખરેખર ભાગ્યશાળી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનાર છે. શાશ્વતફલને આપનાર ધર્મ છે એ ધર્મને જો ધનધાન્ય, કુટુંબકબીલા, રાજ્યરિદ્ધિ, દેવલોક વિગેરે માટે કરીયે તો એનો અર્થ એજ કે કોહીનૂરને ચાટનાર બાળકની જેમ આ જીવ ધર્મને તત્ત્વરૂપે સમજ્યો નથી. બસ! જ્યાં ત્યાંથી પાંચે ઇંદ્રિયોના વિષયો મેળવવા એજ મુદ્દા છે અને ધર્મ પણ એટલાજ માટે કરે છે, તો પછી એથી અધિક ફલ મળે ક્યાંથી ?

## કલ્યાણકર ભાવ પણ આવે ક્યારે ? ધર્મક્રિયા રોજ થાય ત્યારે જ.

ત્યારે રોજ આ રીતે થતી ધર્મક્રિયા ન કરવી ? એમ નહિ. મુદ્દો ફેરવો. વળી રોજ થતી ધર્મક્રિયામાં ભાવ કોઈ કોઈ વખત આવે. વેપારમાં રોજ ઢગલાબંધ નફો હોતો નથી પણ એ નફો થાય તેને કે જે રોજ વેપાર કરતો હોય, ઘરના ખૂણે બેસી રહેનારને એ ધનનો ઢગલો મળતો નથી રોજ ધર્મક્રિયા કરનારને કોઈ દિવસ પણ ભાવ આવશે, પણ સમૂળગી ક્રિયા નહિજ કરનારને ભાવ આવશે ક્યાંથી ? જેને માલ ખરીદવો નથી, વેચવો નથી, ધંધો કરવોજ નથી, એદીજ બનવું છે એને કોઈ દિવસ ધનનો ઢગલો થવાનો ? ધનના દર્શન પણ ન થાય તો ઢગલો તો થાય ક્યાંથી ? માટે રોજ ધર્મક્રિયા કરવી આવશ્યક છે. રોજની પ્રવૃત્તિ મોટો નફો મેળવી આપનાર, ભાવ લાવી આપનાર છે. સામાયિક, પૂજા, પ્રભાવના, પૌષધ વિગેરે આવશ્યક કરણીમાં આળસ કરો તો તમને પ્રેરે કોણ ? ભણવા ગયેલો છોકરો નિશાળેથી

---

આત્માથી ન તર્કણા કરાય તેવી શરીર સંબંધી પીડાઓ આ જગતમાં જીવને થાય છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બપોરે ભલે એના મોસાળેજ ચાલ્યો ગયો હોય પણ એ જાણીને તમને કેવો ક્રોધ થાય છે. છોકરો કાંઈ અળખામણો નથી પણ નહિ ભણે તો મોટો થશે ત્યારે ભૂખે મરશે એ વિચારથી ક્રોધ આવે છે. મોટો થશે ત્યારે પણ એનું યે નસીબ તો છેને!' એ વિચાર આવ્યો? પણ એજ છોકરો સામાયિક, પૂજા ન કરે ત્યાં કોઈ વિચાર આવ્યો? લોકવ્યવહાર કરતાં તમે ધર્મને કેટલું નીચું પદ આપ્યું? છોકરો દુકાને ન જાય તો હૃદયમાં દુઃખ થાય તો પણ પૂજા, સામાયિક વિગેરે ન કરે તો કાંઈ થાય છે? તમને દુનિયાદારી જેટલી જરૂરી લાગી છે તેટલો હજી ધર્મ જરૂરી લાગ્યો નથી. ખુદ પંડની વાત કરોને! ધર્મ જરૂરી લાગ્યો હોય તો પોતાથી એ ન થાય તો અંતઃકરણ બળવું જોઇએ. દુનિયા ફાની છે અને ધર્મ શ્રેષ્ઠ છે એવું માનનારની દશા કઈ હોય. ખરેખર! ધર્મને આપણે ઉપલકીયા ચીજ માની બેઠા છીયે. જો અંતઃકરણની ચીજ માની હોય તો રિદ્ધિ, કુટુંબ તથા જિંદગી કરતાં પણ ધર્મ અધિક ગણાય. એક વખત આચરેલો ધર્મ સર્વથા નાશ પામતોજ નથી.

## એક વખત પમાયલા ધર્મનું ફલ નાશ પામતુંજ નથી. ધર્મ સર્વથા નાશ પામતોજ નથી.

અહીં પ્રશ્ન થશે કે 'સમ્યક્ત્વ પામેલો પડી જાય, ચાર જ્ઞાની પડી જાય. યથાખ્યાતચારિત્રવાળો પડી જાય તો પછી

---

મોક્ષસાધનની ઇચ્છાવાળા એવા જીવોને જિનેશ્વર ભગવાને કહેલી વાણી નિમિત્તમાત્ર છે માટે સામર્થ્યથી સધાય એવી અને મોક્ષને સાધવાવાળી એવી શુદ્ધવૃત્તિ તે સર્વશ્રેષ્ઠ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સિવાય ધર્મ એ કયી જુદી ચીજ છે? આવી ઉંચી સ્થિતિએ આવેલા પડી જાય તો પછી ધર્મ નાશ પામનારી ચીજ નથી એ કેમ મનાય? ચાર જ્ઞાનવાળાને પણ કેવળીના જેવું યથાખ્યાતચારિત્ર હોય છે. કેવળી પણ મોહરહિત, અને એ પણ મોહરહિત. મોહનો બંધ જેમ કેવળીને નહિ તેમ એને પણ નહિ, કેવળીને શાતાવેદનીય બંધાય તેમ એને પણ શાતાવેદનીય બંધાય; આવી દશાનું અકષાયી ચારિત્ર, આવું જ્ઞાન, દર્શન, ચારિત્ર ચાલ્યું જાય અને તે પણ મધ્યમ દશા પર રહે તેમ નહિ પણ મૂળથી ચાલ્યું જાય, વિરતિવાળો અવિરતિ થાય, સમકીતિ મિથ્યાત્વી થાય, જ્ઞાની અજ્ઞાની થઈ જાય, એ વાત શાસ્ત્રસિદ્ધ છતાં ધર્મ નાશ થનો નથી એ વાત કેમ મનાય?' આ શંકાનું સમાધાન બરાબર સમજી લ્યો. મહા મહીને નદીને કાંઠે કેટલાંક મનુષ્યો ગયા: ત્યાંથી ગામમાં આવી કોઈએ કોઈકને કહ્યું કે–'હમણાં ગધેડો પાણીમાં પડ્યો અને બળીને મરી ગયો.' આ વાત એકદમ મનાય? પાણીમાં પડેલો ડૂબીને મરી જાય એ સ્વાભાવિક પણ પાણીમાં પડેલો બળે શી રીતે? વાત સાવ સાચી છતાં એને એકદમ ગપાટો કહેવાનું મન થઈ જાય પણ જ્યારે એમ લાગે કે કહેનાર મશ્કરો નથી ત્યારે તત્ત્વ જાણવાનું મન થયું, તપાસ કરતાં તત્ત્વ મળતાં વાત સાચી લાગી. તત્ત્વ શું હતું? ગધેડા ઉપર કળીચૂનો લાદેલો હતો. ગધેડો હુંફાળું લાગવાથી પાણીમાં જરા બેઠો એટલે ચુનો પલળી ગયો, ફાટ્યો અને તેથી ગધેડો બળીને મરી ગયો. વાત સાચી પણ તત્વ સમજાય નહિ ત્યાં સુધી ગપ લાગે ને! હવે બીજી વાત –

---

પાપનો ઉદય હંમેશાં સ્વતંત્ર કાર્યને કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચોથા આરાના સાધુઓ કરતાં પાંચમા આરાના સાધુઓ કેવા ?

ચોથા આરાના સાધુઓને આપણે મહાપુરુષો કહીએ છીએ જ્યારે પાંચમા આરાના સાધુઓને જેવા તેવા કહીએ છીએ, પણ તત્વદૃષ્ટિએ ચોથા આરા કરતાં પાંચમાના સાધુ વધારે ઉત્કૃષ્ટ છે. ચોથા આરામાં જ્ઞાની સાક્ષાત્ હાજર હતા, બચાવનાર ડગલે પગલે મળી રહેતા હતા, મનના ભાવોને જાણનારા પરમ કૃપાળુ શ્રીતીર્થંકરદેવ વિદ્યમાન હતા, ભગવાન્ શ્રીમહાવીરદેવ ધંધોજ એ કરતા કે કોઈપણ જીવ ડુબતો બચે શી રીતે ? મહાશતક શ્રાવક પૌષધમાં છે તે વખતે એની રેવતી નામની સ્ત્રી છાકીને (મદોન્મત્ત બનીને) આવે છે અને એને કહે છે કે આ શું કરે છે ? પરભવમાં મળવાની આશાએ આ ભવના સુખને છોડે છે ? હાથમાં રહેલાને ફેંકી દઈ કોણી ચાટવા જાય છે ? એને બિચારીને ખબર નથી કે ધર્મ આત્માના સુખ માટે છે, ઇંદ્રિયોના સુખ માટે નથી. મહાશતક શ્રાવકને અવધિજ્ઞાન છે તે દ્વારા એ દેખી રહેલા છે કે આ બિચારી સાતમે દિવસે મરીને નરકે જવાની તેથી એ તેણીને ચેતાવે છે કે–તું આજથી સાતમે દિવસે મરીને નરકે જવાની છે આ વાત ખોટી નથી. સાતમે દિવસે મરીને એ નરકે જવાની છે એ વાત સાવ સાચી છે પણ શાસ્ત્રકાર સાચી વાતને પણ ક્રોધના આવેશમાં કરવામાં આવે તો જુઠ્ઠી કહે છે. મહાશતકે પણ અત્યારે હિતોપદેશની અપેક્ષાએ કહ્યું નથી પણ એ ઉપદ્રવ કરવા આવેલી માટે ઉત્પન્ન થયેલા

---

બંધનને નાશ કરવાવાળાં જો પાંચ મહાવ્રત આદરાય તો હું જગતમાં ભાગ્યશાળી થાઉં.

ક્રોધને લીધે કહ્યું છે. રેવતી આ સાંભળી ચૂપ થઈ ચાલી ગઈ. સવારે ભગવાન્ શ્રીમહાવીરદેવ ગૌતમ મહારાજાને કહે છે. મહાશતક પાસે જઈને કહે કે અવધિના ઉપયોગથી ક્રોધવ-શાત્ રાત્રે કહેલી વાત માટે તે મિચ્છામિ દુક્કડં દે. ગૌતમ મહારાજા (શાસનના સૂબા) ભગવાનની આજ્ઞાથી ત્યાં જાય છે, ભગવાનની આજ્ઞા મહાશતકને સંભળાવે છે એટલે મહાશતક શ્રાવક તરત મિચ્છામિ દુક્કડં દે છે. કહેવાની મતલબ એ છે કે જ્ઞાની ભગવાન્ આંખમાં તેલ (જ્ઞાનદર્શનરૂપી તેલ) આંજીને સંઘનો બચાવ જોઈ રહ્યા છે. વિચારો, મોક્ષમાર્ગે ચઢેલા પાછા ન પડે તેની કેટલી સાવચેતી! નહિ તો ગણધરેશ શ્રીગૌતમ મહારાજાને મોકલવાની જરૂર શી હતી? આવી સ્થિતિમાં રક્ષણ થાય તેમાં નવાઈ નથી. મેઘકુમારનું દૃષ્ટાંત વિચારો! દીક્ષા લીધા પછી તેજ રાત્રે મેઘકુમારનો વિચાર પલટાય છે, તે સવારે ભગવાનને પૂછીને ઘેર પાછા જવાનો વિચાર કરે છે. સવારે ભગવાન્ પરમ ઉપકારી એને બોલાવે છે અને માર્ગે લાવે છે. જગતભરમાં ક્યાંઈ આ વાત્સલ્ય છે? રાત્રે તો મેઘકુમારે સવારે ઘેર પાછા જવાનો ચોક્કસ નિર્ણય કરેલો પણ ભગવાનને પૂછીને જવું આટલી એમાં મર્યાદા હતી. ભગવાન્ પોતાને જવા દેશે એ વિચાર સ્વપ્ને પણ આવ્યો હશે? સવારે ઘેર જવાની વાત કરીશ ત્યારે ભગવાન્ ધર્મોપદેશ સંભળાવશે, હિતશિખામણ દેશે એમ તો ધાર્યું હશેને? પણ નિર્ણય તો ઘેર જવાનોજ હતોને? હવે વિચારો કે આત્માના પતનમાં (ડૂબવામાં) કેટલું બાકી છે? છતાં પ્રાતઃકાલે પરિસ્થિતિ આખી પલટાઈ ગઈ, અને

---

પ્રદેશી રાજાની સમતા વચનથી પણ અગોચર હતી, કારણ કે મારનાર રાણીને વિષે મનથી પણ કોપ ન કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાનો એ વિચાર પોતાનેજ પાપરૂપ લાગ્યો; એ વખતે વગર પૂછયે, વગર કહ્યે જીવને ઠેકાણે લાવનાર ઉપકારી હાજર હતા. આજે તો પૂછેલી વાતનો ખુલાસો પૂરો થતો નથી, તો ચિંતવેલાનો ખુલાસો કયાંથી હોય ? હંમેશા ખેડુત રસાળ જમીન દેખે ત્યાંજ ખેતી કરે. જે ખેડુત ઉખર અને રસાળ બેય જમીનને સરખી દેખે તે મૂર્ખ ગણાય. ભગવાન્ શ્રીમહાવીરદેવે પહેલી દેશના બે ઘડીજ આપી છે. જ્યાં ફાયદો દેખાય ત્યાં એક પહોર દેશના જરૂર આપે. ક્ષણવાર પણ દેશના દેવી જોઈએ એ કલ્પ સાચવવા ભગવાને ત્યાં પ્રથમ બે ઘડીની દેશના દીધી ભગવાને મેઘકુમારને ભવાંતરની વાત સંભળાવીને પણ ડૂબતો બચાવ્યો. તોપ કયારે છોડવી પડે ? તલવારથી, બીજા હથીયારથી કામ ન થાય ત્યારે તોપ વપરાય છે. સાધુથી કંટાળેલા મેઘકુમારને ભગવાન્ ભવાંતરની દશા સંભળાવીને ઠેકાણે લાવે છે. સાધુના પગથી પડેલી રજથી કંટાળેલો સાધુ તરફ કઈ દૃષ્ટિવાળો હોય ? તેવા પાસે કુલ વિગેરેની વાત ન કરી, 'તારા જેવો રાજકુમાર દીક્ષા છોડે એ શોભે નહિ,' એમ ન કહ્યું પણ સીધીજ ભવાંતરની વાત સંભળાવી. એ વાત કયારે કહેવી પડે ? જ્યારે અહીંની વાતો કહેવાના તમામ સાધનો નકામા ગયા હોય ત્યારે ને ! વિચારો કે તે કાળમાં રક્ષણ કેટલું બધું ! એવુંજ દૃષ્ટાંત નંદિષેણના ચેલાનું-નંદિષેણ વિચારે છે કે મહારાજ રાજગૃહી પધારે તો ઠીક, મહારાજ પધારે છે; કેમકે નંદિષેણના ચેલાને સ્થિર કરવો છે. નંદિષેણની સ્ત્રીઓ હંસીના ટોળાંની માફક

---

હે જિનેશ્વર દેવ ! તમારૂં સ્વરૂપ અર્થાત્ તમારી પ્રતિમા ભવરૂપી કુવામાંથી કાઢવામાં રજ્જુ સમાન છે, કારણ કે તમે સંગ, મોહ અને કામ રહિત છો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંદના કરવા આવે છે. આ જોઇને નંદિષેણનો ચેલો જેને ઘેર જવું છે (ઘેર જવાની ભાવના થઈ છે,) તે વિચારે છે કે મારા ગુરુએ આવી સ્થિતિએ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને મારે કાંઈ નથી છતાં હું એને માટે પ્રયત્ન કરૂં છું. તરત એ બચી ગયો. કહેવાની મતલબ એ કે તે વખતે બચાવ કેટલો હતો! સંશયો દૂર કરી સ્થિર કરવાવાળા કેવળી મહારાજ મોજુદ હતા. વળી ધર્મનું ફલ પણ તે વખતે પ્રત્યક્ષ દેખાતું હતું ધર્મ કરેલો મનુષ્ય દેવતા થયો હોય તે જ્યારે પોતાની નજરે દેખાય તો સદ્ગતિના કારણભૂત ધર્મ પર શ્રદ્ધા કેમ ન થાય? કેવલજ્ઞાન વિગેરે પણ ધડાધડ થતા હતા. આત્મીય કે પૌદ્ગલિક ફળ કે હાનિ એ વખતે પ્રત્યક્ષ (નજરો નજર) દેખાતા હતા તેવા વખતમાં ધર્મ કરવાનું મન કેમ ન થાય? એવા વખતે ધર્મની પ્રવૃત્તિ કરવી મુશ્કેલ કે સહેલી? આજ નથી કોઈ કેવળી, નથી કોઈ શ્રુતકેવળી કે મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની કે ધર્મનું ફળ કે પાપનું નુકશાન નજરે દેખવાનો વખત (તેવું સાધન) નથી તેવા વખતમાં ધર્મ કરનારા કેટલા મજબુત સમજવા! આવા વખતમાં માલમીલકત, કુટુંબ-કબીલાને વોસિરાવી દઈ (ત્યાગ કરી) જિંદગી અર્પણ કરવી એ કયી દશાએ થાય! આરંભ, પરિગ્રહ, મીલકત, કુટુંબ પ્રત્યે મોહ હોય તેનો ભોગ ક્યારે અપાય? આત્માનો નિશ્ચય હોય, આત્મકલ્યાણની અભિલાષા તીવ્ર જાગી હોય, ધર્મથીજ આત્મકલ્યાણ છે એવી દૃઢ શ્રદ્ધા હોય તોજ એ બને પોતાના આત્માને ધર્મ માટે જ્યારે એવો તૈયાર કર્યો હોય ત્યારેજ આત્મા વિષયો છોડવા તૈયાર થઈ શકે. પહેલાંના

---

વૈદ્યો રોગોને જાણનાર છે પણ વેદનાને તો જાણનાર જંતુઓ-પ્રાણીઓ છે.

(એ વખતના) ત્યાગી કરતાં અત્યારના ત્યાગી વધારે ધન્યવાદને પાત્ર છે.

## દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ધર્મના રક્ષણાર્થે જોવાના છે; નાશ માટે નહિ.

સત્યના ભોગે જુઠ્ઠાનું રક્ષણ ન થાય. કેરીના ટેસ્ટવાળા રસનેંદ્રિય છૂટી રાખવા માટે કેરી ખાવા માટે આર્દ્રાનક્ષત્ર બેઠા પછી કેરી આવે ત્યાં ખાવી એવું કહે છે–કાલની ગણત્રી કેંદ્રથી હોય છે. રાત્રિભોજન છોડવાનું મધ્ય ક્ષેત્રની મર્યાદાએ છે. અઢી દ્વીપની બહાર જ્યાં રાત્રિદિવસ સરખા છે એટલે કે સૂર્યચંદ્ર આથમતા નથી, ત્યાં તિર્યંચને જાતિસ્મરણ થાય અને વિરતિ આદરે તો મધ્યક્ષેત્રની અપેક્ષાએ રાત્રિદિવસની મર્યાદાએ ભોજનાદિ કરે. જ્યાં સૂર્યચંદ્ર આથમતા નથી, જ્યાં રાત્રિદિવસનો ભેદ નથી ત્યાં ચોવીસે કલાક ખાવામાં અડચણ શી હતી? અઢી દ્વીપની બહાર જ્યાં કાલનો નિર્ણય નથી થતો ત્યાં અહીંના કાલનો નિયમ રાખવાનો, કારણ કે જે ધર્મનું ક્ષેત્ર હોય ત્યાંના કાળને અનુસરીને એ ગણત્રી કરાય છે. ધર્મક્ષેત્ર તે કહેવાય છે કે જેમાં તીર્થંકરાદિ થતા હોય. જેમાં શાસ્ત્રકારે નિર્ણય ન કર્યો હોય ત્યાં પોતાની ધારણા આવી છે એમ કહી શકાય. એવી રીતે ન ચાલીયે તો બધા ટીપણામાં ફેર છે તો શાને અનુસરીને ચાલવું? એટલે કેંદ્ર તરીકે સ્થાન નિર્ણિત કરવું પડશે. આજકાલ નવો વર્ગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના નામથી ઘણી વાતો પલટાવવાનું કરે છે જ્યારે જુનો વર્ગ એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,

---

આરાધનાનો માર્ગ વિવિધ પ્રકારનો છે. તેથી તેની વિધિનું વિચિત્રપણું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવ ચારે માને છે, ફેરફાર (પલટો) પણ એને કબુલ છે પણ એનો મુદ્દો ધર્મના રક્ષણનો હોવો જોઈએ. ધર્મના નાશનો મુદ્દો હોવો જોઈયે નહિ. મહાવ્રત ઉચ્ચરાવતી વખતે, ધર્મની અનુકૂલતા હોય તો વિગેરે રીતિએ જીવોના પ્રાણનો વિયોગ ન કરવો, જુઠું ન બોલવું વિગેરે દ્રવ્ય. ક્ષેત્ર, કાળ, ભાવથી ચારે પ્રકારે છે ને? નવો વર્ગ કાળ બદલાયાના બહાને પલટો કરવાનું કહે છે. પ્રતિજ્ઞા ક્યારે પલટવાની? ધર્મની રક્ષા વખતે? પહેલાંના કાળનો મજુર પોતાના દેશની વસ્તુ દુઃખે પામે જ્યારે આજે ચાર આના કમાતો મજુર અમેરિકામાં પાકેલી નવી ચીજ ખાઈ શકે છે. આટલી છૂટની વખતે ત્યાગ કરવાવાળા વધારે ધન્યવાદને પાત્ર નથી? છેજ. પહેલાં અંકુશ વધારે હતો. આજે એવો અંકુશ નથી, પહેલાં બાપ બેઠેલ હોય તો બીડી પીવાતી નહિ જ્યારે આજે અંકુશ ન જોઇએ એવું દાંડી પીટીને બોલાય છે. જે વખતે અંકુશનું નામનિશાન નથી તે વખતે રાજીખુશીથી મન, વચન, કાયા પર અંકુશ કબુલ કરનારા શું કમ ધન્યવાદને પાત્ર છે? સાધુ થનારે પાણી પીવા માટે પણ ગુરુની આજ્ઞા લેવી પડે છે. અંકુશની કાંઇ હદ! આ વાત સાધુપણાને હલકું પાડવા માટે નથી. જે અંકુશ ગુલામીમાં નથી, તિર્યંચને નથી તે અહીં છે. સ્થંડિલ, માત્રુ કરવા પણ પૂછીનેજ જવાનું, એ કેટલો અંકુશ! તદ્દન નિરંકુશ સ્થિતિમાંથી નીકળીને આટલા બધા અંકુશવાળી સ્થિતિમાં રહેવું, જીવનભરને માટે આવી સ્થિતિ સ્વીકારવી એ જેવી તેવી વાત છે? સહેલું છે? પહેલાંના કાળમાં નાટક તો

---

રત્નત્રયીને આશ્રીને આરાધના નિત્ય છે, પરંતુ તે વિકલ્પ-વાળી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાજ દેખેઃ નાટક જોનારનાં નામો લખાતાં અને જોનારે શું ઇનામ આપ્યું તે લખાતું. જ્યારે આજે નાટકસિનેમા જોવાં એ તો સર્વસામાન્ય થયેલ છે. એવા વખતમાં દીક્ષા લેવી, ધર્મને જીવન અર્પણ કરવું એ શા ઉપર? ફક્ત શાસ્ત્રના વાકચો ઉપર શ્રીતીર્થંકરદેવના વચનો ઉપર. આ કેવી [illegible] ભરોસો! કેવી શ્રદ્ધા! આ અપેક્ષાએ પાંચમા આરાના સાધુનું જીવન ઉંચું દેખી શકયા! અહીં તીર્થંકર ભગવાનના, કેવળજ્ઞાનીના વખતના સાધુને હલકા નથી પાડ્યા. જેને વસ્તુ ન સમજવામાં આવે તેને સાચી વાત પણ જુઠીજ લાગે છે.

## પડેલાને જોઈ ધર્મીએ તો વધારે મજબુત થવું જોઇએ.

એજ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર નાશ પામે છે છતાં ધર્મ નાશ પામતો નથી આ વાતને નહિ વિચારનારો જુઠ્ઠી સમજે એ બનવા જોગ છે. તત્કાલના સ્વરૂપ તરીકે ત્રણે ચીજો નાશ પામે છે; ચાલુ વિષયરૂપે, વર્તનરૂપે, ફાયદારૂપે ત્રણેનો નાશ થાય છે પણ અહીં નાશ ન થાય તે કહેવામાં આવે છે તે કાળાંતર ફ્લોની અપેક્ષાએ સમજવું. સમ્યગ્દર્શન વિગેરેના કાળાંતર ફળો થયા વિના રહેતાંજ નથી. એક અંતમુહૂર્ત માત્ર પણ આવેલા એ ત્રણે ભવિષ્યમાં જરૂર ફાયદો કરે છે. વ્યાજે અપાયેલાં નાણાંને આપણે કાંઇ ગયેલાં નાણાં સમજતા નથી. એકવાર થયેલું સમ્યક્ત્વ નાશ પામે તો પણ એ સમ્યક્ત્વ અર્દ્ધપુદ્ગલપરાવર્તમાં ફલ આપ્યા વગર રહેવાનું નથી. હવે તમને વિચાર થશે કે નિગોદમાં જીવોના ભાગ જુદા છે? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પડેલા જૂદા

---

જિનેશ્વરે જેવું જોયું છે તેવું થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તેવું છે? પડેલો હોય તેણે ધ્યાન રાખવું કે ત્રણથી પડીને બહાર તો શું પણ નિગોદમાં રહેલા જીવો પાંચમે અનંતે છે, અભવ્ય જીવો ચોથા અનંતે છે, જ્યારે સમ્યગ્દર્શનથી પડેલા પાંચમે અનંતે છે, આ ઉપરથી વિચારજો કે પડેલા કેટલા? તેથી ધર્મી આત્મા તો વધારે મજબુત થાય. ચીકણી માટીમાં બે જણને લપસેલા દેખીને વધારે સાવચેતી રાખો છો કે નહિ? એવી રીતે કોઇને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પડેલા દેખીને ધર્મી વધારે સાવચેત થાય છે. નિગોદમાં પડેલા અનંતા નિગોદોથી જુદા નથી. જ્યારે નિગોદો જુદા નથી ત્યારે પછી એમાંથી પડેલા વીણાય અને હાથ આવે શી રીતે? મુંઝારો (સન્નિપાત) થયેલ પંડિત અને મૂર્ખમાં ફરક નથી પણ મુંઝારો મટે (દૂર થાય) એટલે પંડિત એ પંડિત અને મૂર્ખ એ મૂર્ખ. પહેલાં જેઓ પામેલા છે તેઓના સંસ્કાર નિગોદમાં ગયા છતાં નાશ પામતા નથી; તેથી અર્દ્ધપુદ્ગલપરાવર્તમાં એને બહાર નીકળી મોક્ષે જવાનું થાય જ છે. સિદ્ધ થયું કે ધર્મ એ પોતાનું મુખ્ય ફળ આપ્યા વિના રહેતાજ નથી આ વાતની આપણને દરકાર નહિ હોવાને લીધે આપણું બચ્ચું ધર્મરહિત થાય તેની આપણને દરકાર રહેતી નથી. છોકરો એક દિવસ મોપાટ ન બોલે તો પગથી માથા સુધી ક્રોધે ભરાય; અને ધર્મ ન કરે તો કાંઈ થતું નથી કારણકે આપણનેજ હજી ધર્મની કિંમત થઈ (લાગી) નથી, માટે ધર્મ કરવાવાળાએ ધર્મનું સ્વરૂપ, એની કિંમત સમજવાની ઘણીજ જરૂર છે. સંપત્તિ મેળવી આપનાર પણ ધર્મ છે, વિપત્તિ ટાળનાર પણ ધર્મ છે, એ ધર્મ કોનો કહેલો છે? એનું સ્વરૂપ શું? એનું વાસ્તવિક ફલ શું? એ ધર્મ કરનારે જરૂર જાણવું જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન પાંચમું

## દિશા ભૂલ્યો !

धर्मो मंगलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः।
धर्मः संसारकान्तारो-ल्लङ्घने मार्गदेशकः ॥१॥

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વર મહારાજ આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિથી રખડે છે, પ્રયત્નો કરે છે પણ હજી તેના સાધ્યની સિદ્ધિ થઈ નહિ. જીવોને એકજ સાધ્ય છે, જો કે સાધનો ચાર ભલે હોય. એકેંદ્રિય હોય કે પંચેદ્રિય સમજુ હોય કે અણસમજુ, બધા ઈચ્છા સુખનીજ કરે છે. સુખનું સાધન મળે તો મોજ કરે, ન મળે તો મોજ ન કરે પણ સાધ્ય તરીકે સુખ મગજમાં રમી રહેલું છે. તે સુખ પણ કેવું ? જેમાં દુઃખનું મિશ્રણ ન હોય, એટલુંજ નહિ પણ જે નાશ પામનારૂં ન હોય એટલે શુદ્ધ અને સંપૂર્ણ સ્થિતિવાળું સુખ. સુખની જોડે દુઃખ પણ ભલે રહે એમ કોઈ ઈચ્છતું નથી, ઈચ્છે, માગે તો દુઃખ વગરનું સુખ, પછી મળો કે ન મળો એ વાત જૂદી. દસ દિવસ સુખ મળો પછી દુઃખ મળો એમ પણ નહિ, ઈચ્છા એકજ કે કોઈ દિવસ દુઃખ ન આવો. દુનિયાની અવનવી ચીજમાં સુખ માગ્યું પણ સુખને અંગે સુખ સંપૂર્ણ જોઈયે છે. તે સુખના ઉપાયો કયા ? આ જીવે દરેક ભવમા સુખ માટે પ્રવૃત્તિ તો કરી છે છતાં સિદ્ધિ કેમ

---

હે અરિહંત ભગવાન્! જો દષ્ટિ વડે આ ભવસમુદ્રમાં તમને ન જોયા હોત તો મારી શી ગતિ થાય ? અર્થાત્ મારી શી દશા થાત ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન થઈ ? કારણ કે એ દિશા ચૂક્યો છે. ગામનું નામ યાદ રહ્યું પણ દિશા ભૂલ્યો. જવાનું ધાર્યું પૂના તરફ અને ચાલે ઉત્તર (અવળી દિશા) તરફ તો એ ત્યાં પહોંચે શી રીતે ? આ જીવે પણ ઇચ્છા દુઃખ વગરના સંપૂર્ણ સુખની ધરાવવા છતાં પ્રયત્ન અવળે રસ્તે કર્યો તેથી એ તેવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શક્યો નહિ.

## નોટિસો મળે છતાં ન ચેતે એ કેવો ?

એક મનુષ્ય કલાલની દુકાને દારૂ લેવા ગયો અને પહેલાં વાનગી માગવા લાગ્યો. એ મનુષ્ય મૂળ દારૂડીયો તો છે, દારૂડીયાની પ્રકૃતિ દારૂ ઉતરી ગયા પછી પણ ચીડાઉ રહે છે તેથી તેવી પ્રકૃતિવાળાને પીધેલ કહીયે છીયે. એ વાનગી માગે છે એ જોઈ દુકાનદાર હસવા લાગ્યો કે વાનગી શાની માગે છે ? દુકાનદાર કહે છે કે-'વાનગી લઈને તો આવ્યો છે, માગે છે શું ?' પેલો કહે છે કે-'વાનગી ક્યાં લાવ્યો છું ?' દુકાનદાર દારૂથી બેભાન થયેલાઓને બતાવી કહે છે કે-'જો આ કેટલાક ૧૮૦ ડગલા પર, કેટલાક ૮૦ ડગલા પર અને કેટલાક તારી સામે પડ્યા છે. વાનગી તો તારી સામે છે, પાસે છે, તું વાનગી માગે છે શાની ?' એવીજ રીતે કોઈ જગા લઇયે છીયે (ખરીદીયે છીયે) ત્યારે 'ચાંદાસૂરજ સુધીની' એમ લખાવી લઇયે છીયે, પોતે જવાની નથી 'તું જઇશ એમ 'જગા' શબ્દ સૂચવે છે કેમકે જગાને 'જાયગા' પણ કહેવામાં આવે છે જગા માટે 'ચાંદાસૂરજ

---

આત્માદિ વસ્તુઓના દર્શાવનાર હે અરિહંત ભગવાન્ ! આપને મેં જોયા નેથી મારે કંઈ પણ ઊણપ નથી. અર્થાત બધું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધી' એમ લખાવ્યું પણ ત્યાં સુધીની પોતાને માટે ખાત્રી છે? નથીજ એ નક્કી છે. મનુષ્યે જવાનું છે એ ચોક્કસ, ચાહે તો રાજીનામું દઇને કે ચાહે તો રાજીનામું લઇને નીકળે પણ નીકળવાનું તો ખરૂં જ. જવા જવામાં ફરક છે. ડાહ્યા નોકરને માલુમ પડે કે શેઠ પોતાને રજા આપનાર છે તો એ તરત પોતેજ અગાઉથી રાજીનામું શેઠ પાસે રજુ કરી દે. જે નોકર રાજીનામું ન આપે તેને શેઠ કાઢે તો ખરોજ. હવે નીકળવાના બેય નોકર. પણ કિંમત કોની? એવી રીતે આપણને પણ સૂચના, નોટિસ મળે જાય છે. દાંત પડી ગયા, બોખા થયા, ડાચાં મળી ગયાં, માથે ધોળા થયા, આંખે અંધારાં આવવા લાગ્યાં, હવે નોટિસો કેટલી જોઇએ? નોટિસ ઉપર નોટિસ મળે છે તોયે ચેતવાનું નહિ? આ તો નોટિસ દીધી એટલી ભલાઈ બાકી અમલ ક્યારે થાય તેનો નિયમ નથી. આપણા માટે નીકળવાનું છે એ વાત નક્કી છે, ચાહે તો ઉભે પગે નીકળીયે કે આડે પગે. જાતે નહિ નીકળીયે તો કાઢનારા કાઢશે, રાખશે નહિ કોઈ. તો ડાહ્યો કોનું નામ? જે નોકરને નોકરી કરતાં વધારે પગાર મળતો હોય તે નોકર ખસવા માગે નહિ, તેવી રીતે આપણે એવી સ્થિતિ માની લીધી છે કે આપણો બીજે ધડો નથી. જેની કિંમત ઓછી હોય એજ રાજીનામું દેતાં વિચાર કરે. આપણે આપણા કર્મોને જાણીયે છીયે તેથી સારી ગતિ મળવાની ખાત્રી નથી એટલે રાજીનામું અપાતું નથી. આજે દુનિયામાં જુઓ તો જણાશે કે કારીગર અગર મજુરને રજા આપો

---

ઉદાર બુદ્ધિવાળો રોગ આદિથી પૂર્ણ એવા શરીરમાંથી યમ, નિયમ વગેરેથી સાર ગ્રહણ કરે. અર્થાત્ અસાર કાયાથી સાર–યમાદિને ગ્રહણ કરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપો તો તે ઉદ્દાસ નહિ થાય, કેમકે તેને બીજે ગોઠવાવાની તથા વધારે મહેનતાણું મળવાની ખાત્રી છે પણ જો ક્લાર્ક કે મહેતાજીને રજા આપો તો તે ચોધારાં આંસુએ રડશે કેમકે એની હાલત કફોડી થાય તેમ છે. પોતાના સદ્દવર્તનથી ભવિષ્યનાં સદ્દગતિની આત્મા સાક્ષી પૂરતો હોય તો ત્યાં તો વાંધો નથી. જૈનદર્શનની એજ બલીહારી છે. આ ધર્મમાં ગુલામી નથી. અન્ય મતોમાં એટલે સુધી ગુલામી છે કે જીવને મૂર્ખ માન્યો છે જ્યારે જૈનદર્શને એને કૈવલ્યસ્વરૂપ માન્યો છે.

## ભવ્યાભવ્યસ્વરૂપવિચારણા

ચાહે તો ભવ્યનો કે અભવ્યનો, સમકીતિનો કે મિથ્યાત્વીનો. ધર્મીનો કે અધર્મીનો પણ જીવ કૈવલ્યસ્વરૂપ (કેવળજ્ઞાનસ્વરૂપ) છે. આશ્ચર્ય થશે કે અભવ્યનો જીવ એવો કેવી રીતે? દીવો આખા ઓરડામાં છે ત્યારે ઓરડામાં પ્રકાશે એજ દીવો ભંડકીયામાં રાખી કમાડ બંધ કરો તો શું થાય? દીવાનું અજવાળું ભંડકીયા પુરતું ગણાય. તેવી રીતે સંસારી કહો કે સિદ્ધ કહો, છદ્મસ્થ કહો કે કેવળી કહો, દરેક કેવળજ્ઞાનવાળા છે પણ ફરક કયાં? સર્વજ્ઞના, સિદ્ધ મહારાજનાં આવરણ ખસી ગયાં છે જ્યારે ધર્મીનાં, સમકીતિનાં, ભવ્યના આવરણ ખસવાનાં છે. માત્ર નહિ ખસવાનાં અભવ્યનાં તથા જાતિભવ્યના. અભવ્ય એટલે? કોઈ દિવસ, કોઇ કાળે મોક્ષે જશે નહિ એટલા માત્રથી અભવ્ય નહિ કેમકે એવા તો

---

હે વીતરાગ! તમારી શ્રુતિઓ-આગમનમાં વચનો શ્રદ્ધાથી ગમ્ય જાણવા યોગ્ય છે અને નયવાદો બુદ્ધિમાન પુરુષોથી જાણી શકાય તેવાં છે, પરંતુ તમારી મૂર્તિ તો બાળકને પણ સારી રીતે બોધ કરનારી છે.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

ભવ્યો પણ અનંતા છે કે જેઓ મોક્ષે ગયા નથી, જતા નથી અને જશે પણ નહિ. ત્યારે અભવ્ય કહેવો કોને? જેનામાં મોક્ષે જવાની તાકાત નથી એ અભવ્ય. જેમ રેતના, લોઢાના કણીયામાંથી તેલ કાઢવાની યોગ્યતા નથી તેવી રીતે મોક્ષનાં કારણો મળે, બીજા દોરી જાય છતાં તેવા જીવોનો એવો સ્વભાવજ કે મોક્ષની લાયકાત આવેજ નહિ. રેતીના કણીયાને ઘાંચીની ઘાણીમાં નાખો, દંડો ફેરવો તો પણ તેલ નીકળતું નથી; કારણો મળ્યા છતાં તેલ નથી નીકળતું કારણ કે એવો સ્વભાવજ. તેવી રીતે અભવ્ય જીવોને સમ્યક્ત્વ (દર્શન,) જ્ઞાન, ચારિત્રનાં કારણો મળે, દ્રવ્ય થકી સમ્યક્ત્વની કરણી મળી જાય, ચારિત્ર પણ આચરી લે તોપણ તેનામાં મોક્ષમાર્ગનો અંકુરો ઊગેજ નહિ. આવા જીવો અભવ્ય કહેવાય. અભવ્યની સરખામણી રેતના કણીયા સાથે થાય. જાતિભવ્ય જીવો તલના દાણા જેવા છે. તલમાં તેલ હોય તેમ એનામાં મોક્ષની લાયકાત છે, પણ એ તલનો દાણો કેવો? સ્વયંભૂરમણ સમુદ્રના તળીયે પડેલો! અઢીદ્વીપમાં મનુષ્ય વધારેમાં વધારે રૂચકદ્વીપ સુધી જાય. એથી આગળ મનુષ્યો જતા નથી, જશે નહિ. એ રૂચકથી અસંખ્યાત સમુદ્રે દૂરના સમુદ્રના તળીયે પડેલો તલનો દાણો, એનું તેલ ક્યારે બનવાનું? નહિજ કેમકે લાયકાત છે છતાં સામગ્રી નથી. જાતિભવ્ય જીવો મોક્ષની લાયકાતવાળા ખરા પણ મનુષ્યપણામાં આવતા નથી. મનુષ્યપણું એજ

---

જેમ મનુષ્યમાં પૂર્વભવના સંસ્કાર હોતે છતે નહિ જાણેલા ગુણો ઉપર પણ પ્રેમ થાય છે, તેમ પૂર્વભવના સંસ્કાર-થી અરિહંત મહારાજના માર્ગમાં બોધની પ્રાપ્તિ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોક્ષની સીડી, દેવતા, નારકી, તિર્યંચ અને મનુષ્ય એ ચારે ગતિમાં મોક્ષની સીડી (નીસરણી) મનુષ્યગતિજ છે. નારકી મોક્ષ પામે તેમાં સિદ્ધ મહારાજાને કાંઈ નડતું નથી. પણ જેમ જેલમાં પડેલો મનુષ્ય (કેદી) પોતાના વર્તન માટે સ્વતંત્ર નથી, (હજુ નજરકેદી સ્વતંત્ર છે) તેવી રીતે નારકી જીવો એ કર્મરાજાની કેદમાં સંડોવાયેલા જીવો છે. પહેલાંના ભવના તીવ્ર પાપોનું ફળ ભોગવવાનું સ્થાન નરક છે. એ તો ઠીક પણ નરક માનવી શી રીતે? શંકાકાર તો બધી શંકા કરેને! જાનવરો તથા મનુષ્યોને દેખીયે છીયે એટલે તિર્યંચ તથા મનુષ્યગતિ તેમજ જ્યોતિષી દેવો (સૂર્યચંદ્રાદિથી) પ્રત્યક્ષ દેખાય છે માટે દેવગતિ મનાય પણ પણ નરકગતિ માનવાનું નામનિશાન નથી. એ માનવાને કશું સાધન નથી, શી રીતે માનવી? આડી ભીંત છે, ત્યાં દૃષ્ટિ પહોંચતી નથી. ત્રણ ગતિ માનવામાં અનુભવ તથા બુદ્ધિ ચાલે છે પણ નરક માનવામાં બુદ્ધિ ચાલતી નથી, ત્યારે શી રીતે મનાય?

## નરકગતિની સિદ્ધિ

વારૂ! પહેલાં જીવ માને છે કે નહિ? પાંચે ઇંદ્રિયોના વિષયોનો વેપાર કોણ કરે છે? પાંચે દુકાનો વેપાર કરી રહી છે તેના હિસાબ એકઠા ક્યાં થયા કે જેથી તેના સરવાળા-બાદબાકી થાય? 'મેં સાંભળ્યું, મેં સુંઘ્યું, 'હું' ચાલ્યો-મેં ગમન કર્યું, મેં દેખ્યું, મેં અડકયું" આમ બોલવામાં પાંચેનો હિસાબ 'મે'થી અગર 'હું'થી થયો; તમે કહેશો કે

---

શ્રેષ્ઠ બોધિના લાભથી માંડીને જગતના ઉદ્ધાર માટે જ તમારો પ્રયત્ન છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કે તે તો 'મન' તો પછી આગળ વધો; મન પણ કોનું? ત્યાં પણ કહેશો કે મારૂં મન પણ મારૂં તે કોનું? સિદ્ધ થયું કે તે (મન) પણ અલગ છે. એની પણ ખાતાવહી કયાં? પાંચે ઇંદ્રિયોના વિષયોના વિચારોનું સારાનરસાપણું ખતવાયું કયાં? આ બધાનો હિસાબ રાખનારને એક પદાર્થ જરૂર માનવો પડે. અમુક નામવાળી કોઈ ચીજ છે એમ પણ માનવું પડે. બીજી વાત. અમુક સંયોગથી જીવ થાય છે એમ કહો તો વગર સંયોગવાળા સંમૂર્છિમ ઘણા જીવો છે તેમજ દરેક સંયોગમાં જીવો નથી (નીપજતા નથી): આંટલા માટે જીવ તો માનવોજ પડશે. જીવની ઉચ્ચનીચ દશા; સારાનરસા વિચારો પ્રત્યક્ષથી અનુભવાય છે. સારા વર્તનનું કારણ સારા વિચાર, નરસા વર્તનનું કારણ નરસા વિચાર. આ બે વાત તમારે માનવી પડશે એનુંજ નામ પુણ્ય અને પાપ. આવુંજ શરીર, આવુંજ ઘર, આવાજ સંયોગો કેમ મળ્યા? ત્યાં પુણ્યપાપ માનવા પડશે, ત્યાં જિંદગી પહેલાંના કારણો માનવાં પડશે. કેટલાક જન્મથી આંધળા હોય છે, કહો એણે આ જિંદગીમાં કયા ખરાબ વિચાર વર્તન કર્યાં? અહીં અગાઉનાં કારણોને માંનવાં પડશે, આજની આરોગ્યવિદ્યા મુજબ શું ઢેડ, ચમાર મરી જવા જોઈએ? નહિ! એનું શરીરજ એવું ઘડાયું છે. વારૂ! તમને આવા ઇષ્ટ સંયોગ અને એને એવા અનિષ્ટ સંયોગ કેમ મળ્યા? અહીં તમારે પુણ્યપાપ એ તત્ત્વોમાં આવવુંજ પડશે, એને માનવાંજ પડશે,

---

હે જિનેશ્વર! જો જગતમાં તમારો મત ન હોત તો આ સંસારમાં અમે કઈ અવસ્થાને પામત? કારણ કે બીજાઓથી અન્યમતોથી મોહરૂપી કૂવો તરવાને માટે કોઈ પણ વખત શું શકય થવાય છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એને તો તમારે નરક માન્યા સિવાય છૂટકોજ નથી. ન્યાયમાં ગુન્હા કરતાં સજા વધારે હોય પાંચ રૂપિયાના ચોરને પાંચનો દંડ હોય તો ચોરી રોકાય? સેંકડો ગુન્હેગારોમાંથી એક પકડાય છે, બધા પકડાઈ જતા નથી, તેમજ એક ગુન્હેગાર બધા ગુન્હાથી પકડાતો નથી. ગુન્હાની અપેક્ષાએ સજ્જડ સજા હોય, ગુન્હા કરતાં વધારે સજા હોવી જ જોઈએ. આ ઉપરથી નરકના અસ્તિત્વની વાત સહેજે મગજમાં ઉતરશે. આજ વાતને કર્મના સિદ્ધાંતમાં ઉતારો. એક મનુષ્ય બીજાને જીવથી મારી નાખે તો એની સજા એણે કયાં ભોગવવાની? કેમકે જેને અહીં મારવાના સંસ્કાર પડ્યા છે તે બીજી જિંદગીમાં સખણો કયાં રહેવાનો? ત્યાં એવી જિંદગી માનવી પડશે કે બીજાનો જાન લઈ શકે નહિ એવી જિંદગીઓ કે જ્યાં પોતાનો જાન કોઈ લઈ શકે નહિ. નરકમાં જન્મેલા નારકીઓ કોઈનો પણ પ્રાણ લઈ શકતા નથી. તિર્યંચની કે મનુષ્યની ગતિમાં બીજો જાન લઈ શકે છે. દેવતાની જિંદગીને શિક્ષાનું સ્થાન માનશો તો શિરપાવનું સ્થાન નહિ રહે તો કહો કે દેવગતિને ઈનામનું સ્થાન માનીને શિક્ષાનું સ્થાન જુદું માનવું પડે.

એક મનુષ્યે એકનું ખૂન કર્યું અને બીજાએ દશનું, સોનું કે હજારનું કર્યું તો પણ અહીંની સરકાર ફાંસી એકજ વખત આપે છે. સજા એકજ ખૂન જેટલીને. એથી વધારે સજા કરવાની આ સરકારની શક્તિ નથી. કર્મનો સિદ્ધાંત અહીં માનવો પડશે, નરકગતિ અહીં સહેજે સ્વીકારવી પડશે. 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા' એ ન્યાય જેવી શિક્ષા

---

આત્માને દેદીપ્યમાન કરવાને માટે જિનેશ્વર મહારાજથી બીજો કોઈ સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મના સિદ્ધાંતમાં નથી. નારકી ગતિમાં વારંવાર મરણ થાય છે અને જીવન થાય છે. શરીર કપાઇ જાય તળાઈ જાય, વિંધાઈ જાય એ મરણ અને પાછું તૈયાર થઈ જાય તે જીવન. આવું નહિ માનો તો પહેલાના કર્મો એક જીવનમાં ભોગવવાનું સ્થાન રહેશે નહિ એક ખાટકીએ રોજ સેંકડો જાનવરો માર્યાં એની સજાનો ભોગવટો શી રીતે થાય? જ્યાં કરોડો, પરાદ્ધૌં વખત કપાવું પડે એનુંજ નામ નરક. કરોડો, પરાદ્ધૌં વખત નારકીના જીવને (શરીરને) કાપે, બાળે, છેદે, દળે, વીંધે, ચીરે તો પણ એનું તૈયારજ. કેમકે સજાના પુરો ભોગવટો કરવાનું સ્થાનજ આ છે. 'નરકગતિ' એ શબ્દ સાથે વાંધો હોય તો ભલે, શબ્દ એને બદલે બીજો વાપરો એની અમને અડચણ નથી પણ આવું એક સ્થાન છે ત્યાં આવા પ્રકારના જીવો છે, ત્યાં સજાનો આ પ્રકારે ભોગવટો છે એ તો તમારે માનવુંજ પડશે. અહીંનું દસ મિનિટનું ઘાતકીપણું ત્યાં વરસો લગી દુઃખનો અનુભવ કરાવે છે. જેવી બુદ્ધિપૂર્વક ગુન્હો કરાયો હોય તેવી બુદ્ધિપૂર્વક શિક્ષા થાય છે. ખૂન કરનારને ફાંસી દેતી વખતે જો ચકરી આવે તો ડાકટરને બોલાવી, એનું ભાન ઠેકાણે લાવી પછી ફાંસી દેવાય છે. સજાની અસર અંતઃકરણ પર થવીજ જોઇયે. કલોરોફોર્મ સુંઘાડીને સજા કરવામાં ફાંસી દેવામાં આવતી નથી. અહીં જે પાપો કરે તે પાપોના ગુન્હાની અસર હૃદયમાં થવીજ જોઇયે માટેજ શાસ્ત્રકારોએ નારકીને ત્રણ જ્ઞાન માન્યાં છે. સજા ભોગવનારાને વિભંગ અવધિ (અતીંદ્રિય) જ્ઞાનની જરૂરજ એ કે એને સજાની તીવ્ર અસર

---

જે પોતે પ્રકાશવાળો છે તે જ બીજાને પ્રકાશ કરવાને લાયક થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવી જોઈયે. ત્યારે વળી કોઈ પૂછે કે ચાર જ્ઞાનમાં પાપ કર્યું હોય તો ચાર જ્ઞાન માનવા પડે. ચાર જ્ઞાન તેનેજ હોય કે જેણે પાંચે આશ્રવો (હિંસા, જૂઠ, ચોરી પરસ્ત્રીગમન, પરિગ્રહ) ત્યાગ કર્યા હોય, પરિણામ સુધર્યા હોય. ચોથું જ્ઞાન મનઃપર્યવ છે અપ્રમત્ત સંયમ વગર એ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અપ્રમત્ત સંયમી, એ સંયમમાં ઘણી મુસાફરી (ઘણો પ્રયાસ) જેણે કરેલ હોય, આમર્ષઔષધિ વિગેરે લબ્ધિઓ જેને મળી (પ્રાપ્ત થઈ) હોય, તેને મનઃપર્યવ જ્ઞાન થાય. આ જીવને પાપનો સંભવજ નથી તો એનો ભોગવટો નથી એટલે નારકીમાં ચોથા જ્ઞાનની જરૂર રહી કયાં? ત્રણ જ્ઞાનથી વધારે જ્ઞાનવાળો કોઈ દિવસ પાપ કરે નહિ. નરકગતિ આ રીતે માનવીજ પડશે, પછી ભલે શબ્દપ્રયોગ ગમે તે કરવામાં આવે તેની હરકત નથી એ ગતિમાં સ્વતંત્રતા રહી શકતી નથી.

## નારકીમાં વધારે વેદના કોને ? સમકીતિને. શાથી ?

નારકી સમજે છે પણ એની સમજણ કામની નથી. જેનો અમલ ન કરી શકાય તેનું જાણપણું કામનું શું? નારકીઓને દુઃખ સજ્જડ રહે છે. પોતે જ્ઞાનથી જાણ્યું કે આવો મનુષ્યભવ તથા દેવ, ગુરુ, ધર્મની જોગવાઈ મળ્યાં હતાં છતાં કાંઈ કરી શકયો નહિ અને પાપો કર્યાં તેનું પરિણામ આ. શાણા શિક્ષા પામેલાને જેટલો શોક થાય તેટલો ગાંડા શિક્ષા પામેલાને થાય નહિ. બધા નારકી સરખી વેદનાવાળા ? ના. કેટલાકને ઘણી, કેટલાકને થોડી, સમકીતિ

---

હે નાથ ! જગતના ઉદ્ધાર માટે જ તમોએ પૂર્વભવમાં જિનનામકર્મ ઉપાર્જન કર્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણી વેદનાવાળા, જ્યારે મિથ્યાત્વી ઓછી વેદનાવાળા હોય. પરમાધામીથી કે ક્ષેત્રથી તો બેયને સમાન વેદના છે પણ વેદના વધારે કયાં? શાથી? આબરૂદારને બહાર દેખાતું દુઃખ દુઃખ નથી, પણ હૃદયનું દુઃખ વધારે છે. કોઈ રાજા નજરકેદ થાય ત્યાં એને દુઃખ વધારે શાથી લાગે છે? એની સગવડ સચવાતી નથી? પણ પૂર્વની સાહ્યબી, પ્રભુતા, સત્તા, મોભો, પરિસ્થિતિના સ્મરણથીજ એને પારાવાર દુઃખ થાય છે. એજ રીતે નારકીમાં પણ સમકીતિ જીવને હૃદયનું દુઃખ વધારે હોય. 'આવું મળેલું છતાં હારી ગયો. અમૃત પીવાનું હાથમાં હતું છતાં વિષપાન કર્યું!' આ રીતે પૂર્વભવના અંગે એને પશ્ચાત્તાપ એવો બાળી નાંખે કે જ્યાં નરકનું બીજું દુઃખ હિસાબમાં ન રહે. જોડે માલ લેવા છતાં, જેને નુકશાન જવાનું હોય છે તે વેપારીની બુદ્ધિ પલટાય છે. તે અવળો સોદો કરે છે ને? એકને અઢળક લાભ થાય છે, બીજાને અઢળક નુકશાન થાય છે તેના પસ્તાવાનો કાંઈ પાર છે? એ રીતે નારકીમાં સમકીતિ પસ્તાય છે, કે માટી સાટે માલ ન લીધો એ મૂર્ખાઈ કેવી? પાસે રેતીનું રણ છે, એ રણની રેત જે લઈ જાય તેને ભારોભાર સોનાની હુંડી લખી આપવાનું પાસેનું રાજ્ય જાહેર કરે એથી વેપારીઓ રેતીના ઢગલા લઈ ચાલ્યા. માર્ગમાં ચોકીદારો મળ્યા, તેઓ જેઓ રેતી ત્યાં રજુ કરે તેને હુંડી લખી આપતા. કેટલાકે તમામ ત્યાં નાંખી સોના માટે હુંડી લીધી અને કેટલાકે વિચાર્યું કે આગળ કાંઈ વધારે મળતું હશે એમ ધારી

---

જો દેવો મોહવાળા રાગવાળા અને દ્વેષવાળા હોય તો શું પંડિત પુરુષો તેઓની સેવા કરે? અર્થાત્ પંડિત પુરુષો સેવા ન કરે.

અરધી આપી તે બદલ સોનાની હુંડી લીધી અરધી રાખી અને કેટલાકે તમામ રેતી રાખી. હવે બધા રાજધાનીમાં આવ્યા ત્યાં હુંડી દેખાડતાં ધૂળ બદલ તેટલું સોનું મળ્યું પણ રેતી રાખનારના નશીબમાં રેતીજ રહી. હવે એના કાળજામાં દુઃખ ઓછું થાય ? જગતમાં પણ કર્મરાજાનો કાયદો છે કે સંસારમાં દાખલ થનારે માટી લેવી, એ કાયદાનો અમલ આપણે જરૂર કરીયે છીયેઃ શરીરને ધર્મમાં જોડશે તેને પુણ્ય રૂપી સોનું મળશે આ પણ નિયમ છે. આ કાયદાનું સ્વરૂપ જણાવ્યું, એ કાયદો ફરજ્યાત નથી. માટીના પિણ્ડે ધર્મ થાય એના જેવું અપૂર્વ કયું ? શરીરમાં હાડકાં, માંસ, લોહી અને ચામડી છે, એ વિના બીજું કાંઈ છે ? આના વડે ધર્મ બની શકે તેના કરતાં બીજું સદ્ભાગ્ય કયું ? જેઓ શરીરથી માત્ર મોજમજાહ કરે છે તેઓ માત્ર માંસના પિણ્ડને પોષવામાં આખું જીવન ગુમાવી દે છે ધૂળને પોષાય છે પણ ધૂળ પેટે સોનું લેવાતું નથી એ મૂર્ખાઈ ? બધી રેતી વેચવાની જેઓની હિંમત નથી ચાલતી તેવા કેટલાક દેશવિરતિ અંગીકાર કરે છેઃ જોકે એ કિંમતી તો સોનુંજ ગણાય છે પણ હિંમત નથી. સર્વવિરતિની કિંમત ગણે તેજ દેશવિરતિ કહેવાય વાંદરાને સાતમીએ જવું છે માટે ફાળ તો સાતમી માટેજ મારે છે, ભલે પછી જાય પાંચમીએઃ એ રીતે સમકીતિ કરવા લાયક તથા જરૂરી ધર્મનેજ ગણે, સંસારને છોડવા-લાયક માટે ફસામણ ગણે

## શાસનપક્ષવાળાઓ તથા સુધારકોમાં ફરક ક્યાં છે ?

શાસનપક્ષવાળાઓએ કાંઈ સંસાર છોડ્યો નથી, એ

---

સર્વ દેવોથી પૂજાએલા, ને ઈષ્ટ સ્વરૂપવાળા–વીતરાગ સ્વરૂપવાળા તો દેવ જિનેશ્વર જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ સુધારકોની જેમજ દુનિયામાં રહ્યા છે પણ માન્યતાના મુદ્દામાં ફરક છે. સુધારકો લૌકિકને જાળવીને ધર્મની જરૂર માને છે જ્યારે શાસનપ્રેમીઓ લૌકિકના ભોગે પણ ધર્મ કરવાનું માને છે. સુધારકો દેવપૂજા, સામાયિકાદિ નથી કરતા એમ નથી, શાસનપ્રેમીઓ બધા પૂજા વિગેરે કરે છે એમ પણ નથી, પણ ભેદ માન્યતાના મુદ્દામાં છે. સુધારકો જ્યારે ધર્મના ભોગે કર્મનું રક્ષણ માગે છે ત્યારે શાસનપ્રેમીઓ કર્મના ભોગે ધર્મનું રક્ષણ માગે છે. સુધારકો કર્મને સંપત્તિ સમાન ગણી ધર્મને આપત્તિ સમાન ગણે છે તેથી ધર્મના દરેક કાર્યો તેમને ખટકે છે કેમકે તેમનો સિદ્ધાંત ધર્મના ભોગે પણ કર્મ થવું જોઇયે એવો છે, જ્યારે શાસન-પ્રેમીઓનો સિદ્ધાંત કર્મના ભોગે ધર્મ થવો જોઇયે એવો છે.

મુંબઈથી દીલ્હી તથા કલકત્તે જવા નીકળેલી રેલ્વે વચ્ચે શરૂઆતનો ફરક કેટલો અને પછીનો ફરક કેટલો? પહેલાં તો બેય ગાડી એક પાટે હતી બેય ગાડી ચાલી, બેય વચ્ચે ફરક વધતો ગયો. ચોખા જેટલો ફેર વધતો વધતો સેંકડો માઈલનો થયો. તેવી રીતે આ બે વર્ગનો મૂળ ફરક આ પછી રક્ષણના પ્રકરણમાં ફેર વધતો ગયો. એવાઓએ ધર્મ પણ આચર્યો, કર્મ પણ આચર્યાં. અંત અવસ્થાએ ચોકીદાર તમામ છોડી દેવાનું કહે છે પોટલું પાંચ શેરનું હોય કે પાંચ મણનું હોય કે સો મણનુ હોય, બધું અંતઅવસ્થાએ છોડી દેવાનું જઃ ફરજયાતજ. જ્યારે સરવાળે આ રીતે શૂન્ય છે તો તેમાંથી ધર્મ શા માટે નથી મેળવાતો? સમકીતિ નરકમાં એજ પ્રશ્ચાતાપ કરે છે. અનુપમ મનુષ્ય

---

હે દેવ! તે તે નામો વડે બીજાઓ સંપૂર્ણ સ્વરૂપવાળા એવા તમનેજ અંગીકાર કરવાવાળા છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાતિ, ઉત્તમ કુળ, સારી સામગ્રી મળેલ તેનો સદુપયોગ નહિ કરતાં જીવન દુનિયાદારીમાં ગાળ્યું એનો એ પસ્તાવો કરે છેઃ સમકીતિને ત્યાં મહાવેદના આ રીતે છે. મિથ્યાદૃષ્ટિને આ વેદના નહિ માટે અલ્પવેદના. બહાર જઈને વાકયના અર્થને પલટાવતા ના. જે દૃષ્ટિએ કહ્યું છે તે ધ્યાન રાખજો.

## નારકીમાં, દેવલોકમાં, તિર્યંચમાં ચારિત્ર કેમ નથી?

નારકીને બિચારાને ધર્મ કરવાનો વખતજ નથી. તિર્યંચ પણ પરાધીન છે, એ બિચારાને માલીક છોડે અને ખાવાપીવા આપે ત્યારે ખાવાપીવા પામે. કહો કે એને એક વખત જાતિસ્મરણજ્ઞાન થાય અને ધર્મ કરવા માગે તો પણ એ કરી શકે નહિ. તમે કહેશો કે જંગલી જાનવર તો સ્વતંત્ર છે ને? પણ તો પછી વસ્તી વગરના જંગલવાસી (જંગલી) એવા જાનવરોને ધર્મપ્રાપ્તિનો પ્રસંગજ કયાં છે? જાતિસ્મરણજ્ઞાન થાય. ભવાંતરનું જ્ઞાન થાય, મહાવ્રતો ઉચ્ચરે એ બધું થવાનો એને પ્રસંગ [નથી.] તિર્યંચો માટે મહાવ્રતનું ઉચ્ચારણ? નવાઈ લાગશે પણ જે તિર્યંચો અનશન કરે છે તેઓ તે વખતે પ્રાણાતિપાતાદિના સર્વથા પચ્ચખ્ખાણ કરે છે હિંસાદિનો સર્વથા ત્યાગ કરવો તેને મહાવ્રત કહીએ છીયે. છતાં શાસ્ત્રકાર ચારિત્ર કોને કહે છે? મહાવ્રત અને ચારિત્રમાં ફરક કયાં પડે છે? સામાયિકના પચ્ચખ્ખાણ બે ભાગે છે તેમ સામાયિકચારિત્ર બે ભાગે છે, 'કરેમિભંતે સામાઈયં' એ એક ભાગ, 'સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ' એ બીજો ભાગ. જ્ઞાન, દર્શન, ચારિત્રનાં કાર્યો

---

નિક્ષેપા અને પ્રમાણોમાં વિધિને છોડીને હે નાથ! કોઇથી એક પગલું પણ ચાલવાને માટે સમર્થ થવાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવાંજ જોઈએ. આ પ્રતિજ્ઞા કરી તેથી તેવાં કાર્યો થાય તેવું હોય છતાં ન કરો તો દૂષણ લાગે એમ માન્યું. ન જાણનારને આ જણાવવું જોઈયે. એવી રીતે ચારિત્ર માટે, હમેશાં ચારિત્ર લેનારા તથા પાળનારા તેમજ શુદ્ધિ કરનારા કેમ થાય એ ઉદ્યમ કરવોજ જોઈએ. બીજા ભાગમાં પાપવાળો વ્યાપાર (હિંસાદિ પાંચ વ્યાપાર) જિંદગીના ભોગે ન કરવા એ પ્રતિજ્ઞા છે. હવે જાનવરે હિંસાદિ પાંચ પાપો છોડ્યા એ વાત ખરી પણ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રનો અંશ આવ્યો નહિ માટે તિર્યંચને ચારિત્ર નથી. નારકીને ચારિત્ર પરાધીનતાથી નથી, તિર્યંચને ભવસ્વભાવને લીધે નથી.

દેવતામાં આસક્તિ એવી છે કે એ ધર્મને કાતર મૂકે છે દુનિયાદારીની ઉપાધિ ધર્મમાં કાતર મૂકનારી છે. 'મહાજન મારા માથા પર, મુરબ્બી પણ મારી ખીલી ખસે નહિ,' એવી દશા આપણી છે. દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ જગતને પૂજ્ય, તારક એમ બોલવામાં વાંધો નહિ પણ દેહરે, ઉપાશ્રયે જતાં વચ્ચે ગ્રાહક (ઘરાક) મળ્યું તો ફૂલ વિગેરે સામગ્રી બીજાને સોંપી ઘરાક પતાવવા ચાલી જવાય છે. લાલચમાં ધર્મમાં ટકી શકતો નથી. લોભ વખતે દેવને દેશાંતરે મોકલો છો, ગુરુને ગણકારતા નથી અને ધર્મને ધક્કો મારી કાઢી મૂકો છો. ધર્મ કરવાનો ખરો પણ ક્યાં સુધી? સંસારની બાજીમાં ખલેલ ન થાય ત્યાં સુધી. દશા તો આ છે ને! સંસારની બાજી માટે ધર્મનો ધ્વંસ કરવા પણ તૈયાર. જ્યારે આપણી આ દશા છે તો દેવતાઓ એવા સુખ સમૃદ્ધિમાંથી ધર્મ તરફ ધ્યાન દે શી રીતે? આપણને દોરીલોટામાં ધર્મ ન સૂઝે, સોનાના લોટાવાળા થઈએ તોયે

ભાગ્યમાં તો બધા પોતપોતાના સ્વભાવને અનુસરનારા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ ન સૂઝે તો રત્નના મકાનોવાળા એ દેવતાઓને, રત્નોમય ઋદ્ધિ સમૃદ્ધિવાળાને ધર્મ કયા સ્વપ્નમાંયે આવે? સમકીતિથી કદાચ પરિણતિ થાય છતાં પ્રતિજ્ઞા તો બની શકતીજ નથી. દેવોને ઇચ્છા થઈ કે તરત કાર્ય થાય છે. ઇચ્છા તથા કાર્યસિદ્ધિ વચ્ચે આંતરૂં નથી. તેથી તેઓ ઈચ્છાને રોકી શકે નહિ. મનુષ્યને ઈચ્છા તથા સિદ્ધિની વચ્ચે આતરૂં છે તેથી એને તક છે. દેવતાઓ ઈચ્છાની સાથે કાર્ય કરનારા હોવાથી વિરતિને લાયક નથી. મનુષ્યને વિરતિથી ખસવાનો વખત આવે તો પણ તેને સુધારવાનો અવકાશ છે. તેવી રીતે મેલા ચારિત્ર વગર શુદ્ધ ચારિત્ર છે જ નહિ. મેલુંચારિત્ર ગર્ભ તરીકે જ્યારે શુદ્ધચારિત્ર જન્મ તરીકે છે. પહેલાં મેલું ચારિત્ર હોય. પહેલાં ક્ષયોપશમ-ભાવનું ચારિત્ર હોય, પછી ક્ષાયિકભાવનું હોય. સમ્યક્ત્વ સીધું ક્ષાયિક થઈ જાય પણ ચારિત્ર ક્ષાયોપશમિક વગર ક્ષાયિક થાય નહિ. ક્ષાયોપશમિકપણું પહેલું આવે તે કર્મના ઉદયથી સંકલ્પ વિકલ્પ થવાના. આ રીતે દેવતાના ભવમાં ચારિત્ર થઈ શકે નહિ, નારકી તેમજ તિર્યંચના ભવમાં પણ ચારિત્ર નહિ ત્યારે કયાં? માત્ર મનુષ્યભવમાં.

## મોક્ષની સીડી મનુષ્યભવજ!

તેથી મોક્ષની નીસરણી (સીડી) માત્ર મનુષ્યભવ છે. કોઇપણ જીવ મનુષ્યભવ વગર મોક્ષે જતો નથી. જેઓને સામગ્રી મળી નથી અને જ્ઞાનીની દૃષ્ટિએ મળવાની નથી તેવા જીવો જાતિભવ્ય કહેવાય, અભવ્યો રેતીના કણીયા જેવા, જાતિભવ્યો સ્વયંભૂરમણ સમુદ્રના તળીયે પડેલા તલના દાણા જેવા જાણવા. તેવી રીતે નિગોદમાં રહેલા ભવ્યો જાતિભવ્ય.

---

ઘણું દુઃખ સહન કર્યું, પણ મૂર્ખ ઉત્કૃષ્ટ ફળને ન પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે હવે ભવ્યાભવ્યપણાનો પોતા માટે નિર્ણય કરવો જોઇયે. શાસ્ત્રકાર કહે છે કે આ પ્રશ્નમાંજ નિર્ણય સમાએલો છે. 'બાપા ! હું મુંગો નથી ?' આવું છોકરો પૂછે ત્યાં બાપાએ ઉત્તર દેવાની જરૂરજ નથી. પોતે ભવ્ય છે કે કેમ એ શંકા જેને થાય તે ભવ્યજ છે. સૂત્રકાર જણાવે છે કે અભવ્યજીવને પોતાના ભવ્યાભવ્યપણા માટે શંકા થતીજ નથી.

જીવો બધા કેવલસ્વરૂપ છે. પોતાના દુઃખનો રસ્તો પોતાને આધીન છે. સ્વર્ગે જવું કે નરકે જવું એ ઇશ્વરની પ્રેરણાથી થાય છે એમ બીજા માને છે ત્યારે જૈનદર્શન માને છે કે પોતાનાં કર્મો પ્રમાણે સ્વર્ગે કે નરકે જીવ જાય છે. ફલ અને જવાબદારી આ જીવનીજ છે, બીજા મતોની પેઠે ઇશ્વરના હિસાબે અને જીવના જોખમે એમ અહીં સમજવાનું નથી જૈનમત પ્રમાણે જીવ એક ગતિથી બીજી ગતિએ જવામાં સ્વાધીન છે, અને જો એમ છે તો કયો મૂર્ખો નરકે જાય ? પણ અભ્યાસ કરે તો પાસ થાય એ બધા જાણે છે છતાં બધા અભ્યાસ કરી બધા પાસ કેમ નથી થતા ? રમતગમતમાં પડે છે, આળસુ બને છે તેઓ પાસ થતા નથી. રોગી થવું કે નીરોગી થવું એ પોતાને આધીન છે તો કુપથ્ય કેમ કરો છો ? આરોગ્યનો ગુણ જાણવા છતાં જીભલડીની ગુલામીમાં બધું ભૂલી જાઓછોને ? એ રીતે અહીં સમજવું. એકલી જીભલડી નથી પણ પાંચ પાપી પડ્યા છે. પાંચે ઈંદ્રિયો તે પાંચ પાપી. ધર્મના, સંવરના, નિર્જરાના ઉપયોગમાં ન આવે, આરંભના, આશ્રવના ઉપયોગમાં આવે તેને પાપી કહું છું. કુપથ્યથી વગર ઈચ્છાએ રોગ ભોગવવો પડે છે તો પાપમાં પ્રવર્તવાથી વગર ઇચ્છાએ પણ દુર્ગતિ ભોગવવી પડે તેમાં નવાઈ શી ?

---

પુણ્યશાળીઓનું શરીર ધર્મના ઉપયોગ માટે જ થાય છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન છઠ્ઠું

## ભવરૂપી મહામેળો

### લૌકિક અને લોકોત્તર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર નામક પ્રકરણની રચના કરતાં જણાવી ગયા છે કે-દરેક ભવ્યાત્માએ, દરેક ધર્મી જીવે-ધર્માર્થીઓએ, આત્મહિત સાધવાની ઈચ્છા ધરાવનારાઓએ આ મહાભયાનક એવા ભવનું સ્વરૂપ, એ ભવની અનિર્વચનીય ભયાનકતા, તે મહાભયાનક ભવને ઉલ્લંઘી જવાનો રસ્તો, ભવનું એ માર્ગે ઉલ્લંઘન થતી વેળાએ આત્માની થતી સ્થિતિ, તેને લોકસંજ્ઞાથી પ્રાપ્ત થતી વિરક્તતા, તેની લોકોત્તર સંજ્ઞામાં થતી તન્મયતા, એ સઘળું વિસ્તારપૂર્વક વિચારવાની જરૂર છે. પ્રવાસ કરનારા વટેમાર્ગુએ પોતે પોતાના હિતને માટે જે કાળજી રાખવાની છે, તેવીજ કાળજી આ ભવરૂપી માર્ગ ઉપર પ્રવાસ કરતા પ્રવાસરૂપ આપણે જીવાત્માએ પણ રાખવાની છે અને તોજ આપણો બેડો પાર છે.

### સંસારમાં પણ વિચાર જોઈએ

જે વટેમાર્ગુ પ્રવાસ કરે છે અને એક ગામથી બીજે ગામ

---

ઉદાર બુદ્ધિવાળો રોગ આદિથી પૂર્ણ એવા શરીરમાંથી યમ, નિયમ વગેરેથી સાર ગ્રહણ કરે. અર્થાત્ અસાર કાયાથી સાર-યમાદિને ગ્રહણ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાય છે, તે વટેમાર્ગુએ પોતાને ક્યાં જવું છે, એ સ્થાને કયે રસ્તે જઈ શકાય છે. ત્યાં રસ્તામાં તથા પહોંચ્યા પછી શી શી સગવડઅગવડ વેઠવી પડે છે એ સઘળું ધ્યાનમાં લેવાની જરૂર છે. જે પ્રવાસી એ સઘળું ધ્યાનમાં લેતો નથી, તે પ્રવાસી પોતે વિઘ્ન વિનાની શાંત મુસાફરી કરીજ શકતો નથી, એજ પ્રમાણેની કાળજી જીવે પણ રાખવી જરૂરી છે. સૌથી પહેલાં તો જીવે પોતાની એ કાળજી રાખીને એ વસ્તુ તપાસવાની છે કે–પોતે ક્યાં છે ? જ્યાં સુધી આત્મા પોતે પોતાના સ્વરૂપને તપાસતો નથી, ત્યાં સુધી તે આત્માને શાસ્ત્રો વિચારશીલ કહેતાજ નથી. કોઈ પ્રશ્ન કરે કે ભાઈ વિચાર વગરના જીવો કોણ કોણ ? તો તેના એ પ્રશ્નનો એજ ઉત્તર છે કે, "કેવળ, કેવળી મહારાજો !" આ આખાય સંસારમાં, સેંકડો જીવોમાં વિચાર વગરના જો કોઈ પણ જીવો હોય તો તે કેવળી મહારાજાઓજ છે.

## સર્વજ્ઞોની અવિચારશીલતા

આ આખા સંસારમાં જોશો તો માલમ પડી આવશે કે ફક્ત કેવળી મહારાજાઓ એજ આ દુનિયામાં વિચાર વગરના છે. પરંતુ આ શબ્દોનું મહત્વ ખ્યાલમાં રાખવાનું છે. દુનિયાના વ્યવહારમાં તમે કોઈને વિચાર વગરનો કહો છો તો તે એનું અપમાન છે અને તમે કોઈને વિચારશીલ કહો છો તો તે એનું સન્માન છે. જગતના વ્યવહારમાં વિચારશીલ

---

હે વીતરાગ ! તમારી શ્રુતિઓ આગમનાં વચનો શ્રદ્ધાથી ગમ્ય–જાણવા યોગ્ય છે અને નયવાદો બુદ્ધિમાન પુરુષોથી જાણી શકાય તેવા છે. પરંતુ તમારી મૂર્ત્તિ તો બાળકને પણ સારી રીતે બોધ કરનારી છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અવિચારશીલની આ સ્થિતિ છે, ત્યારે તમે એ અવિચારશીલતા સર્વજ્ઞ ભગવાનના શિર ઉપર કેમ જડી દો છો તેનો વિચાર કરો. અવિચારશીલતા એ વ્યવહારમાં નિંદાનુંજ કારણ છે, તે છતાં એ અવિચારશીલતાનો ટાઈટલ તમે શ્રીસર્વજ્ઞદેવને શિર લગાડો છો એનો અર્થ શો ? હવે આપણે એનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ. પ્રથમ તો આપણે એ વાત વિચારવાની છે કે આ જગતમાં કઈ કઈ વસ્તુને અંગે વિચાર થાય છે.

## વિચાર કરવાનો કોને હોય ?

કઈ કઈ વસ્તુને અંગે વિચાર થાય છે અને કઈ કઈ વસ્તુને અંગે વિચાર નથી થતો એ વાત તમે વિચારી જોશો તો માલમ પડશે કે જગતમાં જે વસ્તુને અંગે નિર્ણય નથી થયો તેવીજ વસ્તુઓને અંગે વિચાર કરવાનો બાકી હોય છે. જે વસ્તુનો આ સંસારમાં નિર્ણય થઈ ગયો છે તેને અંગે આ જગતમાં કાંઈપણ વિચાર કરવાપણું હોતુંજ નથી. મનુષ્યને કેટલી આંખો છે ? અંધારૂ રાતે પડે છે કે દિવસે ? અગ્નિમાં દઝાય છે કે નથી દઝાતું ? આ અને આવા પ્રશ્નોને અંગે કાંઈપણ વિચાર કરવાનું બાકી રહેલુંજ નથી. આવા પ્રશ્નોના ઉત્તર આપવાને માટે તમે વિચાર કરો છો ખરા કે ? ના. આ પ્રશ્નોને અંગે જરાપણ વિચાર કરવાપણું નથી. આવા પ્રશ્નો થતાં તત્ક્ષણેજ તમે તેના ઉત્તરો આપી દો છો. તો હવે વિચાર કરો કે આ પ્રશ્નના વિચારો પરત્વે તમોને શા માટે વિચાર કરવો પડતો નથી વારૂ ? જવાબ એ છે કે આ

---

આત્માને દેદીપ્યમાન કરવાને માટે જિનેશ્વર મહારાજાથી બીજો કોઈ સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સઘળી વાતો નક્કી થઇ ગએલી છે.

## સિદ્ધ વસ્તુનો વિચાર નથી

આવી નક્કી થઈ ગએલી વાતોમાં તમે વિચાર કરતા નથી અને એકદમ જવાબો આપી દો છો, આથી તમે વિચાર વિનાના છો, એવો તમારા ઉપર આક્ષેપ મૂકી શકાતોજ નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેવીજ બાબતોમાં વિચાર કરવાનો હોય છે કે જે સંબંધમાં હજી નિશ્ચય કરવામાં આવ્યો નથી. જે વસ્તુમાં આત્માને પૂરેપૂરો નિશ્ચય થયો હોય, તેવી વસ્તુમાં દુનિયાદારીવાળાઓ કદી વિચાર કરતા નથી. જે વસ્તુ સિદ્ધ છે, જે ઠરી ચૂકેલી છે, જે પ્રત્યક્ષપ્રમાણથી સ્પષ્ટ છે, તેને માટે કોઈ વિચાર કરવા બેસે તો તેને આપણે મૂર્ખોજ કહી દઈએ છીએ, તમે કોઈ માણસને એવો પ્રશ્ન કરો કેઃ ભાઈ, માણસને આંખ કેટલી હોય? હવે તે માણસ તમોને સામો જવાબ આપે કે-સબુર કરો પ્રયોગ કરીને જવાબ આપું છું. તો આવો વિચિત્ર ઉત્તર આપનારને તમે પ્રયોગશાસ્ત્રી કહી દેતા નથી અને તેના ઓવારણાં પણ લેવા માંડતા નથી, પરંતુ તેને મૂર્ખોજ કહો છો.

## જ્યાં અજ્ઞાન છે ત્યાં વિચાર છે

જે વસ્તુના સંબંધમાં હજી કાંઈ વિચાર થયો નથી, તે વસ્તુના સંબંધમાં પ્રશ્ન કરાતાં કોઈ વિચાર કરે તો

---

હે જિનેશ્વર! જો જગતમાં તમારો મત ન હોત તો આ સંસારમાં અમે કઈ અવસ્થાને પામત? કારણ કે બીજાઓથી-અન્યમતોથી મોહરૂપી કૂવો તરવાને માટે કોઈ પણ વખત શું શકય થવાય છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમે તેને વખોડતા નથી, પણ તેના કાર્યની પ્રશંસાજ કરો છો. જ્યારે જે વસ્તુનો નિર્ણય થઇજ ગએલો છે, તે વસ્તુને અંગે કોઈ વિચાર કરવા બેસે તો આપણે તેને મૂર્ખો કહીએ છીએ આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિચારની શોભા તેજ જગા ઉપર છે કે જે જગા ઉપર અજ્ઞાન છે. અજ્ઞાન છે ત્યાંજ વિચારોને અવકાશ છે અને ત્યાંજ જે વિચારો થાય છે એ વિચારોને આપણે સ્તુતિપાત્ર વિચારો માની લઈએ છીએ. જ્યાં આગળ અજ્ઞાન છે, જ્યાં જ્ઞાનની ખામી છે, તેવા સંજોગોમા તે જો વિચારો ન કરે તો તે અજ્ઞાન છે અને આપણે તેને અવિચારશીલ કહીએ છીએ, પણ જો તે વિચારો કરે તો આપણે તેને અવિચારી કહેતા નથી.જે વાત પ્રસિદ્ધ છે, જે વાત જાણેલી છે, તેવી વાતોમાં વિચાર કરવાનો હોતોજ નથી ત્યાં વિચારોને અવકાશજ સંભવતો નથી. જે કોઈ માણસ જાણેલી વાતોમાં વિચાર કરવા બેસે છે તેવા માણસને આપણે વખાણતા નથી, પરંતુ વખોડીએજ છીએ. હવે આ વિચારસરણીએ તેરમા ગુણસ્થાનકની દશા તપાસો. તેરમા ગુણસ્થાનકે વિચાર છે (વિચાર કરવાની આવશ્યકતા છે) એમ માની લેવું તે તેરમા ગુણસ્થાનકની નિંદા કરવા બરાબર છે તેરમા ગુણસ્થાનકમાં પણ વિચાર કરવાની છરૂર પડે છે એમ માનીએ તો તેનો અર્થ તો એટલોજ છે કે તેરમા ગુણસ્થાનકમાં પણ હજી નિશ્ચય થએલો નથી, અને જો તેરમે ગુણસ્થાનકે પણ નિશ્ચય

---

જેમ મનુષ્યમાં પૂર્વભવના સંસ્કાર હોતે છતે નહિ જાણેલા ગુણો ઉપર પણ પ્રેમ થાય છે, તેમ પૂર્વભવના સંસ્કારથી અરિહંત મહારાજના માર્ગમાં બોધની પ્રાપ્તિ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

ન થએલો હોય તો એનો અર્થજ એ છે કે હજી સાધ્ય વસ્તુ બાકીજ છે. અર્થાત્ સાધ્યના રસ્તાનોજ સંદેહ છે. જો સાધ્ય વસ્તુ બાકી ન હોય અથવા તો સાધ્યના રસ્તામાંજ જો સંદેહ ન હોય તો તો વિચાર કરવાનો કાંઈ બાકીજ રહેતો નથી. આથીજ જેઓને કેવલજ્ઞાન થયું છે તેગને વિચારવાળા માનવાની જરૂર રહેતી નથી એ સ્પષ્ટ છે.

## કેવળત્વની મહાનતા

જો કેવળી ભગવાનોને વિચારની જરૂર માનીએ તો એનો અર્થ એ કે તેમને હજી સાધ્ય કરવાની વસ્તુ બાકી છે અથવા તો તેમને સાધ્યના માર્ગ માટે અસંતોષ કિંવા સંદેહજ છે અને જો તેરમે ગુણસ્થાનકે પણ આવી સ્થિતિ માનીએ તો પછી તેરમા ગુણસ્થાનકમાંથી અર્થાત્ કેવલિપણા-માંથી કેવળજ્ઞાન ઉડીજ જાય છે. હવે કેવળજ્ઞાનની વ્યાખ્યા શું છે તેનો વિચાર કરી જુઓ. લોક, અલોક, અતીત, અનાગત, પાસે, આઘે, રૂપી અને અરૂપી એ સઘળાનું, સર્વકાળનું, સંશય વગરનું સંપૂર્ણ જ્ઞાન તેજ એક કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનના આ સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે માલમ પડે છે કે કેવળજ્ઞાનમાં નથી નવું જ્ઞાન પેદા કરવાનું. નથી નવું જ્ઞાન મેળવવાનું, નથી જ્ઞાન મેળવવાનું બાકી રહેલું, અને નથી પદાર્થના સ્વરૂપમાં પણ સંદેહ હવે કેવળીને વિચાર શો કરવાનો હોય ?

## આર્યશાસ્ત્રોનો અભિપ્રાય

કેવળી સર્વને સર્વરૂપે સર્વકાળ માટે જાણે છે, એટલે

---

હે દેવ ! તે તે નામો વડે બીજાઓ સંપૂર્ણ સ્વરૂપવાળા એવા તમનેજ અંગીકાર કરવાવાળા છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તેને વિચારોજ શા કરવાના હોય? કેવળીને વિચાર કરવાના છે એવું માની લઈએ તો કેવળજ્ઞાનને તે લાંછન રૂપ છે, એટલાજ માટે જૈનતત્વને જાણનારા આર્યશાસ્ત્રકારોએ કેવળીને વિચાર વિનાનાજ માની લીધેલા છે. તેમણે કેવળી-ઓને વિચાર કરવાના હોય એમ માન્યું નથી. આ વિચારસરણીએજ સ્પષ્ટ થાય છે કે આખા સંસારમાં જો કોઈપણ વિચાર વિનાના હોય તો તે એક માત્ર કેવળી મહારાજ છે, કેવળજ્ઞાની સિવાય આ જગતમાં બીજા કોઈપણ વિચાર વિનાના નથી. હવે અહીં કોઈ એવી શંકા લાવશે કે કે વિચાર કરવો એ સદા સર્વદા મનનું કામ છે, અને સંજ્ઞી પંચેન્દ્રય જીવો સિવાય બીજા જીવોને તો મન હોતુંજ નથી. હવે સંજ્ઞી પંચેન્દ્રિયને મન છે, મનનો ધર્મ વિચાર કરવાનો છે, તો પછી સંજ્ઞીપંચેન્દ્રિય એવા બધાનેજ વિચાર કરવાનો છે એમ શા માટે ન માનવું જોઈએ?

## પંચેન્દ્રિય અસંજ્ઞી કોણ?

કેવળી ભગવાનોને આપણે વિચાર કરવાની કક્ષામાંથી કાઢી નાખ્યા છે તેનું કારણ એ છે કે તેમનું જ્ઞાન સંપૂર્ણ છે. તેમની જ્ઞાનની પૂર્ણતાને લીધે, તેમણે સધ્ય પ્રાપ્ત કરી લીધું છે એટલે તેમની સાધ્યની સંપૂર્ણતાને લીધે તેમને વિચાર કરવાની દશામાંથી દૂર કર્યા છે. એ ભલે દૂર કર્યા તે યોગ્ય હોય, પરંતુ પંચેન્દ્રિયોમાં પણ જે જીવો અસંજ્ઞી છે તેમને વિચાર કયાંથી હોઈ શકે? અને જો તેમને પણ વિચાર ન હોય તો પછી કેવળી ભગવાનોના ભેગા શા માટે

---

જે પોતે પ્રકાશવાળો છે તે જ બીજાને પ્રકાશ કરવાને લાયક થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને પણ વિચારશીલતાની કક્ષામાંથી બહાર મૂકી ન દેવા જોઇએ? એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયોવાળા અસંજ્ઞી જીવોમાં પણ વિચાર છે એમ માનીએ તો જેને વિચાર છે તેને મન છે એ સિદ્ધાંતાનુસાર એક-બે-ત્રણ ચાર અને પાંચ ઇન્દ્રિયોવાળાને પણ મન માનવું જ પડશે અને જો તેમને મન છે એમ માની લેશો તો પછી તેમને પણ મન હોવાથી તમને તમારે સંજ્ઞીજ માનવા પડશે, અને ૧-૨-૩-૪ અને ૫ ઈન્દ્રિયોવાળામાં અસંજ્ઞીઓ માનો છો.

## અસંજ્ઞીપણાની વ્યાખ્યા

આ દૃષ્ટિએ ૧ થી ૫ ઇન્દ્રિયોવાળાને સંજ્ઞીજ કહેવા પડશે. તેને તમે અસંજ્ઞી કહી શકવાના નથી, જ્યારે શાસ્ત્રકારોએ તો સ્થળે સ્થળે એ બધાને અસંજ્ઞી કહ્યા છે. ત્યારે અસંજ્ઞી બધા મન વગરના છે, અને મન નથી તો વિચાર નથી જો વિચાર નથી તો કેવળી ભગવાન્ વગર બધા જીવો વિચારવાળા છે તે તમો કહી શકશો નહિ. આમ વાદીએ શંકા ઉઠાવી હવે આ સઘળી ચર્ચામાં સારભૂત સત્ય શું છે તે જોઈએ. સૌથી પહેલાં તો આપણે એ વાત ધ્યાનમાં લેવાની છે કે અસંજ્ઞી એ શબ્દ શાથી-કેવી રીતે વાપરવામાં આવ્યો છે? આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ તેની સંજ્ઞા તેના વિચારો ન હોવાથી જેમને એ વસ્તુ નથી તેમને આપણે અસંજ્ઞી કહ્યા નથી આહાર આદિ ચારની સંજ્ઞા અને તેના વિચારો વગેરે કાંઈપણ ન હોવું તેનુંજ નામ અસંજ્ઞીપણું છે એમ કોઇએ સમજવાનું નથી.

---

જો દેવો મોહવાળા રાગવાળા અને દ્વેષવાળા હોય તો શું પંડિત પુરુષો તેઓની સેવા કરે? અર્થાત્ પંડિત પુરુષો સેવા ન કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કોઈ અસંજ્ઞી રહેશેજ નહિ

સઘળા જીવોને શાસ્ત્રકારે ચાર સંજ્ઞા માનેલી છે, જ્યારે શાસ્ત્રકારોએ સઘળા જીવોને ચાર સંજ્ઞા માની છે તો પછી એવો પ્રશ્ન પણ ઉભો થઈ શકે છે કે કોઈપણ જીવને અસંજ્ઞી માની શકાય કે કેમ? એકેન્દ્રિયોને આહારસંજ્ઞા માનવી છે, તેજ પ્રમાણે બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયોવાળાને પણ તે સંજ્ઞાઓ માનવી છે અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને પણ ચાર સંજ્ઞા માનવી છે, જ્યારે સઘળા જીવોને આ ચાર સંજ્ઞાઓ માનશો તો તેનું પરિણામ એ આવશે કે બધાજ જીવો સંજ્ઞા હોવાથી સંજ્ઞી કહેવાશે અને અસંજ્ઞી તરીકે કોઇપણ જીવ એ હિસાબે બાકી રહેશેજ નહિ. આ બંને વસ્તુમાંથી એકપણ વસ્તુ કબુલ રાખી શકાય એવી નથી, જ્યારે તમે કબુલ ન કરો તો જીવોને સંજ્ઞા છે. માટે તેને તે બધાને સંજ્ઞી માનવાજ પડશે, પરંતુ તમે તે વાત પણ કબુલ રાખી શકતા નથી. આ રીતે તમારી દશા બહુ વિષમ થાય છે.

## શાસ્ત્રાધાર શું છે તે જુઓ.

ઉપર પ્રમાણેની દલીલ કરીને શંકાકારો કહે છે કે, દોરડીનો ફાંસો આપણે જોઈએ છીએ તેમ બંને બાજુથી આપણને આપત્તિ આપે છે તેને આમથી ખેંચો તોપણ તેથી ફાંસો સખ્ત થાય છે અને બીજી બાજુથી ખેંચો તોપણ ફાંસો સખ્ત થાય છે, તેજ પ્રમાણે અહીં પણ થાય છે, અને

---

જેમ અંધકારનો સમૂહ સૂર્યથી નાશ પામે છે તેમ હે જિનેશ્વર ભગવાન્! તમારા શાસનથી બીજા પ્રવાદો નાશ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રવિરોધ આવે છે. શાસ્ત્રે એકેન્દ્રિય વગેરેને ચાર સંજ્ઞા માની એટલે સંજ્ઞા છે તો તેમને સંજ્ઞી કહેવા પડશે, તેમને અસંજ્ઞી કહી શકાય તેમ નથી, તેમ તેને સંજ્ઞી માનવાને પણ કોઈ તૈયાર નથી. આ સ્થિતિમાં ખરી વાત એ છે કે કાંતો તમારે ચારે સંજ્ઞા ઉડાવી દેવી પડશે,, કાં તો અસંજ્ઞીપણું જ ઉડાવી દેવું પડશે. આ બંને વસ્તુમાંથી ગમે તે એક વસ્તુ ઉડાવી દીધા સિવાય તમારો છુટકો થવાનો નથી. કાં તો અસંજ્ઞીપણું કબુલ રાખવું પડશે અને અસંજ્ઞીપણું કબુલ ન રાખો તો ચાર સંજ્ઞા નથી એમ કબુલ રાખવું પડશે. વાદી આવી દલીલો કરીને આપણને ગુંચવવાનો પ્રયત્ન કરે છે, હવે એમાં શાસ્ત્રાધારે શું નિર્ણય થાય છે તે જોઇએ.

## કાળો રૂપાળો ગણાય કે નહિ ?

અહીં આ વસ્તુ સમજવાને માટે આપણે એક ઉદાહરણ લઈએ. ધારો કે એક માણસ તદ્દન મેશ જેવો છે. તેને કોઈ રૂપવાળો કહેશે તો આપણે તેને હસી કાઢીશું, પરંતુ લાંબો વિચાર કરીને જોશો તો માલમ પડશે કે કાળાને રૂપવાળો કહેવામાં પણ કંઈ ખાસ અન્યાય થઈ જતો નથી. રૂપાળો એટલે રૂપવાળો એ ખરૂં, પરંતુ કાળુંરૂપ એ પણ રૂપ છે એમ કહી શકાય કે નહિ તે વિચારજો. ધોળો, કાળો, લાલ, લીલો એ બધાની અપેક્ષાએ તો કાળુંરૂપ એ પણ રૂપ તો છેજ, તો પછી સહજ છે કે કાળાને પણ રૂપાળો કહેવામાં

---

કર્મ એટલે શુભાશુભ કર્મ તે પણ એકલું પાંગલું છે, દલ એટલે ઉપાદાનાદિ કારણ તે પણ એકલું પાંગલું છે. અને સંસારમાં રહેલા જીવો પણ એકલા પાંગલા છે. આ સંયોગનો પ્રભાવ છે કે જે બધાં ફળને આપનારાં થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાંઈજ અવાસ્તવિકતા જેવું નથી. કાળાને રૂપવાળો કહેનારો એ ન્યાયે ખોટો ઠરતો નથી. પરંતુ કાળાને રૂપવાળો કહેનારને જે ખોટો કહે છે તે વ્યક્તિ પોતેજ અહીં ખોટી ઠરે છે. હવે વાસ્તવિક રીતે વ્યવહારમાં "રૂપાળો" શબ્દનો શો અર્થ થાય છે તે જોઈએ. વ્યવહારે રૂપાળો એટલે સારા રૂપવાળો એવોજ અર્થ કર્યો છે અને તેથીજ વ્યવહાર કાળા આદમીને રૂપાળો કહેવાની ના પાડે છે.

## એકપૈસાથી પૈસાદાર

પૈસાદાર તરીકે તમે જેની જેની પાસે એક પૈસો હોય તેને ઓળખાવી શકતા નથી. ધારો કે એક માણસ પાસે એક પૈસો છે. તો તમે તદ્દન ભાષાને આધારે "દાર" એટલે 'વાળો' એ પ્રત્યય માન્ય રાખીને એમ કહી દો કે જેની પાસે એક પૈસો છે, તે પણ પૈસાદાર છે, તો સમાજ તમારી એ વાત કબુલ રાખશે નહિ અને તમે જેને પૈસાદાર કહેશો તે પણ એમજ ધારશે કે તમે એને મીઠું બોલીને છળવા કે છેતરાવાજ માગો છો. તદ્દન વ્યાકરણોનોજ આધાર પકડી રાખો તો પૈસા જેની પાસે હોય તેને પણ તમે પૈસાદાર કહી શકો છો, પરંતુ દેખીતી વાત છે કે પૈસાદારશબ્દનો આ અર્થ સમાજે કબુલ નથીજ રાખ્યો. પૈસાદારશબ્દ સમાજે તેના વિશેષ અર્થમાંજ વાપરેલો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય

---

અપક્ષપાત-રાગ નહિ છતાં પણ પ્રાણીઓને સંસાર-સમુદ્રમાંથી તાર્યા છે અને દ્વેષ નહિ છતાં સંસારમાં તમારા નિમિત્તથી પડયા છે. માટે હે પ્રભુ! આ તમારા શાસનનો અચિંત્ય પ્રભાવ અવશ્ય જાણવા જેવો છે કે સારી રીતે જે આરાધના કરે છે તે તરે છે ને વિરાધના કરે છે તે ડૂબે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે શબ્દોના માત્ર શુષ્ક અર્થોજ કામ લાગતા નથી. કાળુ રૂપ એ રૂપ કહેવાતું નથી, તેજ પ્રમાણે જેની પાસે એકજ પૈસો હોય તે પૈસાદાર પણ કહી શકાતો નથી, તેજ પ્રમાણે સંજ્ઞી શબ્દનો વપરાશ પણ સામાન્યપણે થઈ શકતો નથી.

## અત્યંત વિચાર જોઈએ

સંજ્ઞી કહેવો હોય તો તે કોને કહી શકાય તેનો વિચાર કરજો. જેને સામાન્ય સંજ્ઞાઓ હોય તેટલાજ માત્રથી આપણે તેને સંજ્ઞી કહી દેવાના નથી. કાળુંરૂપ એ બીજા રૂપોની અપેક્ષાએ તો રૂપ છેજ, પરંતુ છતાં કાળુંરૂપ એ કહી શકાતું નથી. પૈસાવાળો પૈસાદાર ગણી શકાતો નથી. તેજ રીતે જેનામાં માત્ર ચારજ સંજ્ઞાઓ હોય તે આત્મા સંજ્ઞીની ગણતરીમાં પણ આવી શકતો નથી. આ ચાર સંજ્ઞાઓ સંજ્ઞી તરીકે ગણાવાને માટે તો કશા હિસાબમાંજ નથી હવે વિચાર કરી જુઓ કે તો પછી સંજ્ઞી ગણવાને માટે કઈ સામગ્રીની જરૂર છે. એકજ વસ્તુ એને માટે જરૂરી છે અને તે બીજું કાંઈ નહિ પરંતુ માત્ર અત્યંત વિચાર જેને મન હોય, મોટારૂપમાં હોય ત્યારેજ તેને આપણે સંજ્ઞી કહી શકીએ છીએ. જેને આ વસ્તુ નથી તેને આપણે કોઈપણ રીતે સંજ્ઞી નજ કહી શકીએ એ ધ્યાનમાં રાખવાનું છે. સંજ્ઞીપણાને શાસ્ત્રકારોએ કેવી મહાન ચીજ માની છે તે આ ઉપરથી ખ્યાલમાં આવે છે.

---

હે અરિહંત પ્રભુ! આ સંસાર સમુદ્રમાં અમારે પ્રત્યે તારવું ને ડુબાડવું એ બે વિરુદ્ધ કાર્યો કેમ કરો છો? પરંતુ આ સાચી જ વાત છે કે પાત્રને યોગ્ય ફળ મળે છે. અર્થાત્ આરાધક તરે છે ને વિરાધક ડુબે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## આહારમાં કીડી પણ બુદ્ધિશાળી છે

તમે કાળા હબસીને રૂપાળો ન કહો એમાં તમારી ભૂલ નથી. તમે એક પૈસાવાળાને પૈસાદાર ન કહો તેમાં તમારી ભૂલ નથી, તેજ પ્રમાણે જેને આહાર, ભય, મૈથુન અને લજ્જા એ ચાર સંજ્ઞા છે, જેને વિષયોને અંગે ભૂતાદિનો વિચાર છે તે બધાને તેટલાજ માત્રથી શાસ્ત્રકારો સંજ્ઞી કહી દેતા નથી જેનામાં વિશિષ્ટ સંજ્ઞા રહેલી છે, વિશેષ રૂપમાં જેનામાં સંજ્ઞા રહેલી છે તેવાનેજ શાસ્ત્રકારો સંજ્ઞી કહે છે. આટલાજ કારણથી સઘળા જીવોને ચાર સંજ્ઞા છે અને તે ચાર સંજ્ઞાદિને અંગે વિચાર છે તેથી તેમને શાસ્ત્રકારે સંજ્ઞી કહેવાને તૈયાર નથી વિષયોને અંગે જે વિચાર છે તે વિચાર સંજ્ઞીપણાને માટે યોગ્ય નથી અથવા તે વિચાર એ વિશિષ્ટ વિચાર પણ નથી. તમે કીડીના દરથી ચાર ફુટ દૂર પતાસું મૂકશો તો પણ કીડી એ પતાસાને જાણી જાય છે અને પતાસાને અંગે પોતાના દરમાંથી ત્યાં દોડીને આવે છે. તમે એ પતાસું ત્યાંથી ઉંચકી લેશો અને બીજી જગાએ મૂકશો તો કીડીની હાર ત્યાંથી બદલાઈ જશે અને જ્યાં તમે પતાસું મૂક્યું હશે ત્યાં હાર બંધાવા માંડશે.

## વિષયોની પ્રાપ્તિનો પ્રેમ

કીડીની આ હિલચાલ ઉપરથી માલમ પડે છે કે કીડીને પણ વિષયોને અંગે વિચાર છે કીડીને તેની ઇન્દ્રિયોના

---

સત્કાર્ય અને અસત્કાર્ય પ્રયત્ન વગર થતાં નથી. તો પછી સત્કાર્યવાદ ને અસત્કાર્યવાદ તે લોકો શા માટે બોલે છે? ખરેખર જૈનદર્શન સિવાય બીજા દર્શનીઓને વચનમાં જુદું છે ને કરણીમાં [કાર્યમાં] જુદું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષયો પ્રાપ્ત થાય છે તે પહેલાં તે વિચાર છે. અર્થાત્ કીડીને પણ વિષયોને અંગે વિચારો છે. એજ પ્રમાણે માખીનું ઉદાહરણો લો. એક સ્થાનમાં માખી બીલકુલ બેસતી નથી, પરંતુ એજ સ્થાનમાં તમે સાકર કે ગોળનો લોચો આણીને મૂકશો તો જરૂર માખીઓ બમણુતી બમણુતી ત્યાં ચઢી આવશે. આ ઉપરથી જણાય છે કે માખી જેવાને પણ વિષયોની વસ્તુની પ્રાપ્તિને અંગે વિચાર રહેલો છે. ગોળનું ટીપું નાખો કે પતાસાનો કટકો મૂકો કે તરતજ કીડી અને માખીઓ તે સ્થાનમાં આવીને બેસે છે અને ત્યાં ઢગલો થઈ જાય છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિષયોની પ્રાપ્તિને અંગે કીડી–મંકોડી જેવાને પણ વિચાર રહેલોજ છે.

## એકપૈસાથી પૈસાદાર નહિ કહેવાય

એકજ પૈસાવાળાને આપણે જેમ પૈસાદાર કહી શકતા નથી, તેજ પ્રમાણે જેનામાં આટલોજ વિચાર છે તેવા જીવોને પણ આપણે સંજ્ઞી કહી શકતા નથી. પ્રશસ્ત અને સારા રૂપવાળાનેજ જેમ આપણે રૂપવાળો કહીએ છીએ, તેજ પ્રમાણે પ્રશસ્ત અને સારા વિચારો સંજ્ઞીપણું પામવાને માટે જરૂરી છે અને તેવા વિચારોની કીડીમંકોડીમાં હસ્તીજ નથી એટલાજ માટે તેઓ અસંજ્ઞી ઠરે છે એ આપણે સમજવાની જરૂર છે. આ બધાનો અર્થ એ નીકળે છે કે જેનામાં પ્રશસ્ત અને શોભનસંજ્ઞા છે તેજ સંજ્ઞી ગણાવાને માટે યોગ્ય છે બીજાઓ નહિ. હેતુવાદોપદેશિકી સંજ્ઞા, જે પ્રવૃત્તિ કરાવનાર છે તેને વિકલેંદ્રિયમાં માનીએ છીએ. હવે

---

શ્રેષ્ઠ બોધિના લાભથી માંડીને જગતના ઉદ્ધાર માટે જ તમારો પ્રયત્ન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં મનઃપર્યવનો વિષય આવે ત્યાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગતભાવો જાણે છે. હવે સંજ્ઞી પંચેન્દ્રિય એવું વિશેષણ શા માટે આપવામાં આવે છે તેનો વિચાર કરો. જે કોઈ પ્રાણી હોય તે બધાના મનોગતભાવ જાણે તેમ અહીં કહેવામાં આવ્યું નથી, મનોમાત્ર પણ અહીં લેવામાં આવ્યા નથી, પરંતુ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગતભાવ જાણે.

## લાડવા જેટલો ખાડો ખોદશે.

વિષયોને અંગે જે વિચાર કરવાનો છે તે તો પ્રાણીમાત્રને વિષે રહેલોજ છે. વિકલેન્દ્રિયો પણ પ્રાણીમાત્રને અંગે વિચાર કરે છે. કીડી, મંકોડી, માખી એ સઘળામાંજ વિષયોને અંગેનો વિચાર રહેલો છે. ફૂલનું સુંદર ઝાડ હોય તેની ઉપર સુંદર અને આનંદકારી ફૂલો ખીલી રહ્યા હોય, તો ભમરો પણ તેજ બાજુએ દોડી જશે અને ફૂલની ઉપર જઇને બેસશે. કીડીમંકોડી, માખી એ સઘળાં મિઠાશને અંગે દોડે છે, તમે જ્યાં મિઠાશને મૂકશો કે તરતજ તેમનો ઢગલો થઇ જશે અને તમે જ્યાં મીઠાશને લઈ લેશો કે તેઓ પણ પોતાનો ડાયરો ત્યાંથી ઉઠાવી લઇને જ્યાં મિઠાશ મૂકેલી હશે ત્યાં ગોઠવાશે. અરે કીડીની તો વિષયોને અંગે એટલી બુદ્ધિ છે કે જે જાણીને નવાઇ લાગે છે. આખો લાડવો જો કીડીના હાથમાં આવી જાય તો કીડી એ લાડવા જેટલોજ જમીનમાં ખાડો ખોદે છે. એ ખાડામાં તે લાડવો મૂકી દે છે અને વળી ઉપરથી ધૂળ વડે તે ખાડો ઢાંકી પણ નાખે છે.

---

સર્વ દેવોથી પૂજાયેલા, ને ઇષ્ટસ્વરૂપવાળા–વીતરાગ–સ્વરૂપવાળા તો દેવ જિનેશ્વર જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચોરની કળા અનુકરણીય નથી

કીડી પોતાના વિષયને પોષવા માટે અર્થાત્ કે આહારને પોષવા માટે કેટલી ચપળતાથી અને કેવી બુદ્ધિથી કામ કરે છે તે જુઓ. પોતાના વિષયને સ્થિર રાખવા માટે તેની આ બાહોશી શું વખાણવા જેવી નથી ? પરંતુ ચોરની ચતુરાઈ કાંઈ વખણાતી નથી ચોર ગમે તેટલો ચાલાક હોય અને ગમે તેવી બહાદૂરીથી ચોરી કરે, તો તેને તમે એમ નથી કહી દેતા કે આ ચોરની ચોરી કરવાની કળા અનુકરણીય છે ! કીડીને જેમ વિષયના સાધનો ભેગાં કરવાની ચતુરાઈ મળી છે, તેજ પ્રમાણે આપણને પણ જો વિષયના સાધનોજ ભેગાં કરવાની ચતુરાઈ મળી હોય અને એ ચતુરાઇનેજ બાહોશી માનીને આપણે એ ચતુરાઇ ઉપર ખુશ થઈ જઇએ તો આપણું સ્થાન પણ નક્કી માની લેજો કે કીડી, મંકોડા અને ભમરા, પતંગીયાની હારમાં હોઈ તેમનાજ જેવું છે.

## પ્રાણીમાત્રમાં સંરક્ષણ બુદ્ધિ છે

વિષયો ભોગવવાને માટે તો વિકલેંદ્રિયો પણ પૂરેપૂરા તૈયાર રહે છે, વિષયોને પોષતા સાધનો મેળવવાં કેમ, એ વાતો તો વિકલેંદ્રિયો પણ સમજે છે. મધમાખી ફૂલો ઉપર જઈને બેસે છે. ફૂલોમાંથી રસ ચુસે છે અને તે લાવીને મધપુડામાં ભરે છે. માખી મધપુડામાં રસ મૂકે છે. તે રસ માખીને કડવો લાગતો નથી, પરંતુ તે છતાં મધપુડામાં માખી મધ ભરીને કેમ રહેવા દે છે ? સંરક્ષણની બુદ્ધિનેજ લીધે, મધમાખીમાં મધસંરક્ષણની બુદ્ધિ છે તેથી એ બુદ્ધિને

---

હે નાથ ! જગતના ઉદ્ધારને માટે જ તમોએ પૂર્વભવમાં જિનનામકર્મ ઉપાર્જન કર્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લીધેજ મધમાખી મધ મધ સંગ્રહી રાખે છે. કીડીઓની તાકાત અને તેમની બુદ્ધિ તો ખરેખર અજબ છે. ઘઉંનો કે જુવારનો કોથળો પડેલો હશે તો કીડીઓ તેમાંથી પોતાને જોઈતા દાણા લઇ જશે, અને તે દાણા દરમાં લઈ જઇને ભરશે. કીડીઓમાં પણ સંરક્ષણબુદ્ધિ રહેલી છે તેનેજ અંગે તેઓ દાણાની આ પ્રમાણે રક્ષા કરે છે.

## એક અપૂર્વ બુદ્ધિમત્તા.

કીડીઓ દાણાનું આ પ્રમાણે રક્ષણ કરીનેજ અટકી જતી નથી, પરંતુ તેની ચતુરાઇ તો એનાથી વિશેષાંશે હોય છે. દાણો સાચવી રાખેલા દરમાં પાણી ભરાઈ જાય અને તેથી એ ઘણા વખતે ઉગી નીકળે તો પોતાનો ખોરાક નકામો થઈ પડે. આ સ્થિતિ ન ઉપસ્થિત થાય એટલા માટે તે કીડીઓ અનાજના દાણાના છેડા કરડી નાખે છે. આ પ્રમાણે કરવાથી દાણાની પુનઃ અંકુરિત થવાની શક્તિ નાશ પામે છે અને કીડી પોતાનો ખોરાક લાંબો વખત સુધી જાળવી રાખે છે. સંરક્ષણબુદ્ધિને લીધેજ કીડીઓ આવું પગલું ભરે છે. પોતાના વિષયોને સંતોષવા માટે ઇચ્છિત વસ્તુ મેળવવી, તેને શોધી કાઢવી, તેને એકત્રિત કરવી એ સઘળું તો વિકલેંદ્રિયો પણ જાણેજ છે. વિષયો પ્રાપ્ત કરવા, તેનો ઉપયોગ કરવો અને એ વિષયોપભોગની વસ્તુઓ ભવિષ્યકાળને માટે રાખી મૂકવી એ વસ્તુઓ વિલેંદ્રિયોને પણ જાણબહાર નથી, પરંતુ આટલું કરવા માટે અને આ પ્રમાણે વિચારયુક્ત બુદ્ધિ ચલાવવાને માટે આપણે વિકલેંદ્રિયોને સંજ્ઞી કહી દેતા નથીજ.

---

જો તારો માર્ગ સેંકડો ભવોને ભેદનાર જ છે તો હે નાથ! બધા જીવો સિદ્ધ કેમ ન થયા?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષયો માટે જે ચેષ્ટા કરે છે તેને પણ આપણે સંજ્ઞી નથી માનતા ત્યારે હવે સંજ્ઞી કોણ તે વિચારવું પડશે.

## સાચું સંજ્ઞીપણું ક્યાં છે?

સંજ્ઞીપણું ક્યાં રહ્યું છે તેનો વિચાર કરતાં કહેવું પડે છે કે જ્યાં દીર્ઘકાલિકી સંજ્ઞા છે ત્યાંજ સંજ્ઞીપણું રહેલું છે. જે આત્મા વિષયો સિવાય દીર્ઘકાળ માટે બીજા વિચારો રાખે છે જે ભૂતભવિષ્યની તજવીજ રાખે છે તેજ એક સંજ્ઞી છે. જે જીવોને આહારઆદિનો વિચાર છે, તેટલાજ માત્રથી તેઓ સંજ્ઞી કહેવાતા નથી. તેજ પ્રમાણે વિષયોને અંગે જે ભૂત ભવિષ્ય કે વર્તમાન કાળનો વિચાર કરે છે તેઓ પણ સંજ્ઞી કહેવાતા નથી, ત્યારે હવે સહજ થાય છે કે જેઓ એ કક્ષાથી ચઢિયાતા છે તેઓજ સંજ્ઞી હોવા જોઇએ. અલબત્ત જેઓ વિકલેંદ્રિયોના વિચારોથી ચઢિઆતા છે અને જિંદગી સુધીના ભૂતાદિનો જેઓને વિચાર છે તેઓજ સંજ્ઞી છે, પરંતુ યાદ રાખવાનું છે કે તેઓ પણ માત્ર સંયોગસંજ્ઞી છે, સ્વભાવસંજ્ઞી નથી. સંજ્ઞીપણાના પ્રકારો જોઇએ તો મુખ્યત્વે બે છે. સંયોગસંજ્ઞી અને સ્વભાવસંજ્ઞી.

## એ તો માગી આણેલી શ્રીમંતાઈ છે!

આહારઆદિથી સંજ્ઞા ગણવામાં આવતી નથી, વિષયોથી પણ સંજ્ઞા ગણવામાં આવતી નથી, પરંતુ જેઓને ભૂતભવિષ્યને અંગે વિચાર છે, અર્થાત્ જેઓ પોતાના ભૂત અને ભવિષ્યના ભવોને અંગે વિચારવાળા છે

---

ચારિત્રને અંગીકાર કરવું તે સંસારનો અવશ્ય નાશ કરનાર છે. આથી જ મોક્ષને માટે તત્પર છે મન જેમનું એવા અબજો જીવોને જીનેશ્વર મહારાજાઓએ દીક્ષા આપી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવાઓજ માત્ર સંજ્ઞી ગણાય છે, પણ આવો વર્ગ એ સ્વભાવસંજ્ઞીની કક્ષામાં આવતો નથી. આ સઘળો વર્ગ સંયોગસંજ્ઞીની સંજ્ઞાજ પામે છે. સંજ્ઞા એટલે શું તેનો હવે વિચાર કરીએ સંજ્ઞા એટલે વિચારો. સંજ્ઞાનો સીધો સાદો અર્થ "વિચારો" છે. એ મનો-વર્ગણાના પુદ્‌ગલો લઇને જેઓ સંયોગસંજ્ઞી બન્યા છે તેમણે પોતાની સ્થિતિ કેવી છે તેનો વિચાર કરવાનો છે. મનો–વર્ગણાના પુદ્‌ગલો લઈને મેળવેલું સંજ્ઞીપણું એ માગી આણેલી શ્રીમંતાઈ ક્ષણભંગુર અને અર્થ વિનાની છે. બીજાના પૈસા આપણે માગી લાવીએ અને તે સંપત્તિ ઉપર આપણે શેઠીયા ગણાઇએ તો એ શેઠાઈ કેવું માન મેળવશે અને કેટલો વખત ટકશે તે પણ વિચારવાનું છે.

## આત્માના હિસાબે પારકી ચીજ.

મનોવર્ગણાના પુદ્‌ગલો લઈને મેળવેલું સંજ્ઞીપણું એ પારકા પાસેથી વ્યાજે પૈસા લઈ મેળવેલી શેઠાઈ છે. પારકાની પાસે પૈસા લઈને પુંજી ઉભી કરીને તમે શેઠીઆ બન્યા છો, પરંતુ યાદ રાખવાનું છે કે હજી ઘરની શેઠાઈ મળેલી નથી. અલબત્ત આ શેઠાઈમાં પણ ધણીપણું થાય છે એ સ્પષ્ટ છે. મનના પુદ્‌ગલો ઘણા સારા અને ઉચ્ચ કોટીના હોવા જોઇએ. એવા પુદ્‌ગલો તમોને મળ્યા છે, પરંતુ તે છતાં એ પારકો ભંડોળ છે. મનના પુદ્‌ગલો એ આત્માના હિસાબે તો પારકીજ ચીજ છે. આત્માની પોતાની ચીજ નથી. બીજી બાજુએ જે

---

હે જીવ! જો આરાધના નથી કરી તો આ જિનેશ્વર મહારાજનો તને પ્રાપ્ત થયેલો માર્ગ નિરર્થક છે. અર્થાત્ માર્ગ પ્રાપ્ત થયા છતાં પણ તું હારી જઇશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્તમાનભવના વિચારો કરે છે તેની સ્થિતિ વિચારો. વ્યવહારમાં તમે એક માણસને સરવાળો કરવાનું કામ સોંપો. હવે આ માણસ સરવાળો ત્યારેજ કરી શકે કે જ્યારે તે તેને આપેલી સઘળીજ રકમ પર ધ્યાન આપશે. સરવાળો કરનારો માત્ર એકની એકજ રકમને પકડી રાખશે તો તેનાથી સરવાળો નહિજ કરી શકાય એ વસ્તુ તદ્દન સ્પષ્ટ છે.

## જમા અને ઉધાર

સરવાળો કરનારો જો બધી રકમો ઉપર ધ્યાન નહિ આપે અને માત્ર એક બે રકમો ઉપર જ ધ્યાન આપે તો તેનો સરવાળો હંમેશાં ખોટોજ થવાનો. નામું લખનારો માત્ર જમાની રકમોને જુએ અને કામ લે તો તેનાથી નામું લખાવાનું નથી. તેણે તો જમા અને ઉધાર બંનેની રકમ જોવી પડશે અને તે બંને રકમોને ધ્યાનમાં લઈનેજ જે નામું લખશે તેજ ખરૂં નામું પણ લખી શકશે. તેજ પ્રમાણે અહીં સંજ્ઞી ગણાવાનો લોભ રાખતાં પહેલાં એક નહિ પરંતુ બીજી ઘણી બાબતો જોવાની બાકી છે. જો નામું લખનારો એકલી જમાનીજ રકમો જોતો જશે, ઉધારની રકમ વાંચવાની તસ્દીજ નહિ લે તો પરિણામ એ આવશે કે જે શેઠને આવું નામું લખનારો મળ્યો હશે તે સમુળગુંજ દેવાળું કાઢશે. અને જો એકલી ઉધારની રકમોજ જોઈને કોઈ ગણિતશાસ્ત્રી નામું લખે જશે અને જમે જોવાનીજ સાફ ના પાડશે તો છતે પૈસે તેનો વેપાર દેવાઈ જશે.

---

હે ધીર! બન્ને પ્રકારના ઉપસર્ગના સંબંધમાં જ્ઞાનાદિથી જો અચળ મન છે–ચલાયમાન મન નથી તો પછી મોક્ષ-માર્ગની ક્રિયા તે તો પ્રથમ જરૂરી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ભેંસ, ગાય અને આપણે

આ બધા ઉપરથી આપણે સમજવાનો મુદ્દો શું છે તે વિચારજો. અહીં જે ઉદાહરણો આપવામાં આવે છે તે ગમ્મત ખાતર આપવામાં આવતાં નથી, પણ બીજા તાત્ત્વિક સિદ્ધાંતોની સરળતા માટે આપવામાં આવે છે. આપણે અહીં એ સમજવાનું છે કે બંને બાજુઓ જોવી એ આપણું કર્તવ્ય છે. એજ દૃષ્ટિ હવે તમારે અહીં પણ કામે લગાડવાની છે. જે જીવને મન મળ્યું છે, અરે મોટું મન મળ્યું છે, મનોવર્ગણાના ખુબ પુદ્ગલો પણ તેણે મેળવ્યા છે, પરંતુ તેથી તેણે કઈ સ્થિતિ પ્રાપ્ત કરી છે તે વિચારજો. આ પ્રકારનો જીવ જરૂર સંજ્ઞી તો છેજ પરંતુ તે જીવ માત્ર એકજ ભવનો વિચાર કરનારો છે એ વાત ભૂલી જવાવી ન જોઇએ. આપણા પરિવારમાં આપણે જન્મ્યા અને એક ગાય કે ભેંસ જન્મી, તો તેથી બન્ને વચ્ચે શું તફાવત પડ્યો છે તે પહેલાં તપાસો, એકજ ભવની અપેક્ષાએજ તમારા કુટુંબમાં તમે જન્મ્યા અને ગાય જન્મી એ બંનેમાં કશોજ ફરક નથી.

## આ અસાર સંસારનો ખેલ

એક શેઠીયાના પરિવારમાં ગાય જન્મે છે તો એ ગાયનું જીવનભરનું શું કર્ત્તવ્ય હોય છે તે વિચારો. ગાય ઘાસ ખાય છે. ખોળ ખાય છે. દાણો ખાય છે. શેઠની સ્થિતિ પ્રમાણે જે કાંઈ સારૂં નરસું ખવાડે તે ખાઈને ગાય સંતોષ પામે છે અને દૂધ આપે છે. દૂધદ્વારા ગાય શેઠને ન્યાલ કરી નાખે છે અને પોતાના ખાધેલાનો બદલો વાળી આપે છે.

---

અન્યલિંગવાળા સિદ્ધિને પામ્યા તેથી શું આરાધના ન કરવી? અર્થાત્ કરવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ કરતાં કરતાં ગાયને બચ્ચાં થાય છે, તો બચ્ચાં પર ગાયનો પોતાનો હક હોતો નથી. એક દિવસ પોતાના શેઠના પાડોશીએ પોતાને તાજો લીલો ચારો નિર્યો હતો, માટે લાવને મારૂં એક બચ્ચું તેને આપી દઉં. એવું કદાચ ગાય ચિંતવે તોપણ તે તે બચ્ચાને શેઠના પાડોશીને આપી દઈ શકતી નથી. જુઓ કુદરતનો–તમારા સંસારનો ખેલ કેવો છે તે જુઓ. બચ્ચાં ગાયના પોતાનાં છે. નવ માસ તેને ગાયે પોતાના પેટમાં ધારણ કર્યા છે પોતાના શરીરનું દૂધ પાયું છે, પરંતુ છતાં એ બચ્ચાં પર માલિકી તેની નથી.

## માત્ર ટેવનેજ લીધે.

બચ્ચાં પર માલિકી તેના શેઠની છે એમ ગાય વારંવાર પ્રસવી પ્રસવીને શેઠને બચ્ચાં આપે છે, દૂધ આપે છે અને છેવટે પોતે ઘરડી ખખ બનીને આ જગત તજીને ચાલતી થાય છે. ગાયને ખબર નથી કે આ હું ઘાસ ખાંઉ છું, ઘાસને પચાવી રસ, રક્ત, અને દૂધ ક્રમે પેદા કરૂં છું અને એ દૂધ માલિકને આપી દઉં છું પરંતુ એ બધું કાર્ય કરૂં છું તે કયા મુદ્દાએ કરૂં છું. પ્રસવાદિ સંકટો વેઠીને વત્સોનો જન્મ આપું છું તે કયા મુદ્દાએ આપું છું અને બચ્ચાંઓને પોતાના સ્વામીના કબજામાં સોંપી દઉં છું તે કયા મુદ્દાએ સોંપી દઉં છું. આ બધામાંથી એક પણ મુદ્દાની ગાયને માહિતી હોતી નથી. પરંતુ તે છતાં ગાય એ ચક્રમાં જોડાય છે. ઠરાવેલો ટાઈમ થયો કે "હુંભા, હુંભા" કરીને ઘાસ માગે છે, નિયત કરેલે વખતે બરાબર દોહવાને સ્થળે આવીને ઉભી

---

દાવાનળ જેમ કાષ્ઠને બાળનાર છે. તેમ ધર્મ સંબંધી પરિણામ પાપને બાળનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહે છે, દૂધ દોહવા દે છે, આ બધું શાથી થાય છે તે વિચારો.

## આત્મકલ્યાણ શામાં છે?

આ જગતમાં આ જાતની પ્રથા છે તેથી એ પ્રથામાં જાનવરો પણ પરોવાયા છે, અને તેઓ એ પ્રથા પ્રમાણે ચાલ્યા કરે છે. હવે વિચાર કરી જોઈશું તો માલમ પડશે કે ગાય જન્મે છે આ ચક્કરે ચઢીને મરણ પામે છે પરંતુ એ બધામાં ગાયનું પોતાનું શું છે? આ સઘળા વ્યવહારમાં પડેલી ગાયનું શું? તેના આત્માનું શું? તેના આત્માનું કલ્યાણ શાથી? આ પ્રશ્નો તમે કદિ વિચાર્યા હોય એમ લાગતું નથી. ગાય જન્મી, તેણે માલિકનું ખાધું, માલિકને દોહવા દઈ દૂધ આપ્યું. પ્રસવકાળની યાતનાઓ વેઠી વેઠીને અનેક બળદો માલિકને આપ્યા એ બધાથી ગાયનું કલ્યાણ થયું છે કે અંતે ગાય મરી જાય છે તેમાં તેનું કલ્યાણ થાય છે? આપણે લાંબો વિચાર કરી જોઈએ તો માલમ પડે છે કે ગાયની આખી જિંદગીમાં એવી એક પણ પળ આવી નથી કે એવું એક પણ કાર્ય થયું નથી કે જેથી ગાયના પોતાના આત્માનું તેથી અંશે પણ કલ્યાણ થયેલું હોય.

## મનુષ્ય અને બળદ બંને સમાન

જેવી સ્થિતિ ગાયની આ જગતમાં આપણે દેખીએ છીએ તેવીજ સ્થિતિ આ જગતમાં આપણી પણ છે. આપણે

---

ઉત્તમ આત્માઓ પોતાના ઉપર આવી પડેલી અનેક પ્રકારની વેદનાઓ છતાં ચારે ગતિનાં દુઃખોનું સ્મરણ કરીને સંયમ-માર્ગમાં ગમન કરે છે. અર્થાત્ સંયમમાર્ગમાં સ્થિર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ દુનિયામાં એક બળદ તરીકે જન્મ્યા છીએ. હવે બળદની દશા કેવી છે તે તમે તપાસો. બળદ જન્મે છે, જીવે છે, માલિકનું કામ કરે છે, પણ જો જરાક કામ કરતો પાછો પડે તો તરત તેને ચાબકા પડે છે. આ રીતે ચાબકા ખાઈખાઈને કામ કરીને છેવટે બિચારો બળદ મોતને શરણે જાય છે. એજ સ્થિતિ બળદરૂપે જન્મેલા આપણી પણ છે. આપણે જગતમાં જન્મ પામીએ છીએ, સંસારવહેવારરૂપ ગાડામાં જોડાઈએ છીએ, અને કમાઈને માબાપ, બૈરી, છોકરાં, ભાઈ, ભોજાઈ વગેરેને લાવી આપીએ છીએ, આ કાર્ય કરવામાં જો આપણે પાછળ પડ્યા તો તરતજ આપણને સોટા પડે છે. બળદ બરાબર ભાર ન વહે, ગાડું બરાબર ન ખેંચે તો તેને ચાબકા પડે છે. જે સ્થિતિ બળદની છે તેજ સ્થિતિ બળદ તરીકે જન્મેલા આ જગતમાં આપણી પણ છે.

## તમારીજ કમાણી ઉપર

હવે શાંતિથી વિચાર કરો કે બળદ જન્મે, ધંધો કરે અને મરણ પામે એ સઘળી ક્રિયામાં બળદને પોતાનો શો શુક્રવાર વળ્યો છે? બળદને પોતાનો શો આત્મલાભ થયો છે? જવાબ એ છે કે કાંઈ નહિ. એજ પ્રમાણે સંસારની જંજાળમાં જોડાઇને આપણે પણ જે કાંઇ કર્યું છે તેમાં આપણા પણ પોતાના આત્માનો લાભ જોઈએ તો તે માત્ર શૂન્ય જેટલોજ છે, વધારે નથી. બળદ જેમ પોતે પોતાના શેઠને માટે રળે છે-ધંધો કરે છે તેજ પ્રમાણે આપણને પણ

---

તારા વૈદ્યો, ભક્તગણો અને ઔષધો સર્વ પ્રયત્નોવાળાં છે. પરંતુ તને જ્ઞાનીએ જેમ જોયું છે તમજ થવાનું છે માટે હે જીવ! તું તારા સ્વરૂપમાં સ્થિર થા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણા પરિવારને માટેજ કમાવું પડે છે. દૂધ ગાય આપે છે ખરી, પરંતુ એ દૂધની માલિકી ગાયની નથી. ગાયને એજ દૂધ પીવું હોય તો તે પી શકતી નથી તેજ પ્રમાણે આપણી કમાણી ઉપર પણ માલિકીહક આપણો પોતાનો નથી. આપણી કમાઈ એ ખરેખર પૂછો તો આખા પરિવારનીજ કમાઈ છે અને તેથી તમામ ખરચખુટણની જોખમદારી તમારી જ છે.

## બધાનો ભાર તમારા માથે

આખા ઘરમાં જે કાંઈ ખર્ચખુટણ થાય છે તે તમારી કમાણી ઉપર થાય છે. તમારા રળેલામાંથી ભાઈ ભાગ માગે છે, છોકરાઓ હોય તો તેઓ પણ તમારી કમાણીમાંથીજ ભાગ માગે છે. તમે કમાઇને ભેગા કર્યા હોય પરંતુ તેમાંથીએ તમારા ભાઈને પુરો હિસ્સો આપવાનો ખરોજ. જો તે ન આપો તો તરતજ ઘરમાં તોફાન થાય છે. આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તમારી કમાણીના પણ તમે પોતે માલિક નથીજ. તમારે તો માત્ર ઘરની ગુલામીજ કરી છૂટવાની છે. હવે બળદ કે ગાય મરી જાય ત્યારે તેનો માલિક રડવા બેસે છે. એ રડવા ઉપર આપણને કરૂણા આવી જશે. પણ માલિક કોને રડે છે એ તો જરા વિચારી જુઓ. તેની હાથણી જેવી ભેંસ કે ગાય મરી ગઈ છે એ ખરૂં, પણ શું ગાય બળદ મરી જવાથી રડનારો શેઠ એ મરી ગએલા પ્રાણીઓનેજ રડે છે? શું પ્રાણીઓ ઉપરની લાગણીથીજ તેને આંસુ આવે છે?

---

સમભાવવાળો જે વેદનાને સહન કરે છે તેથી તે સકામનિર્જરાને પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## રડવાનું થાય છે, તેમાં હેતુ શો ?

"એ મારી ગાય મરી ગઈ." "એ મારો બળદ મરી ગયો" એવું કહીને રોનારો શેઠ ગાયના કે બળદના જીવને રોતો નથી પરંતુ તેનું દૂધ બંધ થયું છે તેની કમાણી ઘટી છે એનેજ માટે રૂએ છે. ગાય બળદ ખોવાઈ ગયા એવા સમાચાર માલિકને મળે છે, એટલે તેને ધ્રાસ્કો પડે છે, પણ તેને એ ધ્રાસ્કો ગાય કે બળદના જીવને અંગે નથી લાગતો, પરંતુ પોતાની કમાણી જાય છે તેને અંગે તેને ધ્રાસ્કો લાગે છે તેજ પ્રમાણે માણસ મરી જવાથી તેના સગાંસંબંધીઓ રૂદન કરે છે તેમાં પણ સ્વાર્થનોજ ધ્વનિ રહેલો છે. ગાય બળદ વગેરે આપણુ દેવું ભરી આપવાને જન્મ્યા છે તેજ પ્રમાણે આપણે પણ પરિવારના દેવાદાર તરીકે જન્મ્યા છીએ. હવે જે સમયે આપણી આવી સ્થિતિ છે. આપણે પરિવારના એક દેવાદાર તરીકે જન્મ્યા છીએ તે વખતે આપણે સ્વરૂપ સંજ્ઞી કહેવડાવવા માગીએ તો તે કયે હિસાબે બની શકે ?

## મન પણ તમારૂં નથી.

મનના વિચારો પૌદ્ગલિક છે અને તેથી તે સંજ્ઞી કહેવડાવે છે તેમ આપણે મનને આધારે સંજ્ઞી કહેવડાવીયે છીએ, પરંતુ ખૂબ યાદ રાખવાનું છે કે એ મન તે આપણું નથી પરંતુ પરાઈ મિલ્કત છે. આપણામાં સંજ્ઞીપણું છે એમ ધારીને આપણે ખુશ થઈ જઇએ છીએ પણ જરા

---

હે મુનિ ! ભાવિને, વિરોધને કે નહિ થવાવાળાનો તું વિચાર ન કર, પણ વિકલ્પ વગરના મનવાળો તું રહે, કારણ કે નિર્વિકલ્પપણે રહેવું તે જ આરાધનાનું સાધન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર તો કરી જુઓ કે એ સંજ્ઞીપણામાં આપણી પોતાની કઈ ચીજ રહેલી છે? જવાબ એજ છે કે એમાં આપણું પોતાનું કાંઈજ નથી! આપણું સંજ્ઞીપણું પારકાને આધારેજ છે. સ્વસ્વરૂપે જે સંજ્ઞીપણું આવવું જોઈએ તે હજી આપણામાં આવ્યું નથી. એકજ ભવનો જેમાં વિચાર છે તે દીર્ઘકાલિકીસંજ્ઞા છે અને એ સંજ્ઞાએ જે સંજ્ઞીપણું છે તે પારકાને આધારે રહેલું છે, ત્યારે સ્વરૂપની દૃષ્ટિએ વિચારીયે તો હજી આપણામાં સંજ્ઞીપણું નથી એવું સ્પષ્ટ માલમ પડી આવે છે ત્યારે હવે આપણે એ સંજ્ઞીપણું શી રીતે મેળવી શકાય તે પ્રશ્ન વિચારવાનોજ રહ્યો.

## ધૂળ પીલવાથી તેલ ન નીકળે.

તમે દશશેર ધૂળને ઘાણીમાં નાંખીને પીલી નાખો તો પણ ધૂળમાંથી પાશેર તેલ પણ નીકળવાનું નથી એ વાત તમે જાણો છો. ધૂળમાંથીજ તેલ કાઢવાના કોઈ ગમે તેવો મોટો સાયંટીસ્ટ જબરા અખતરા કરશે તોપણ તેના એ અખતરા ફળીભૂત થવાના નથી. તમે ગમે તેવા સંચામાં ધૂળ પીલો તો પણ તેલ નીકળતું નથી તેનું કારણ એ તે કે ધૂળમાં તેલનો સદ્ભાવજ નથી. એજ રીતે આ જગતમાં પરને સ્વરૂપે સંજ્ઞી થનારા તો સંખ્યાબંધ છે–આખું જગત છે પરંતુ સ્વરૂપે સંજ્ઞી થવાવાળા ઓછા છે. સ્વ સ્વરૂપે સંજ્ઞી તો તેઓજ થાય છે કે જેમનામાં ગળગુથીમાંજ પેલા આગળ વારંવાર કહેવાએલા સંસ્કારો પડેલા હોય જાનવરને પોતાના આત્માનો વિચાર કદીપણ આવતો નથી અથવા તો

---

બુદ્ધિવગરનો મનુષ્ય કોડીના બદલામાં સારા રત્નને–ચિંતામણિને આપે છે–આપી દે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પોતાની આત્મોન્નતિ કેમ થાય છે માટે ચિંતવન કરી શકતોજ નથી.

## આત્મભાન ક્યાં થાય છે.

પશુઓ જન્મે છે ત્યારથી તે મરણ પામે છે ત્યાં સુધી તેમને એકજ વિચાર હોય છે. શરીર, ખોરાક, ઇન્દ્રિયો, સંતાનો એવાને એવાજ વિચારો પશુઓને હોય છે આ સિવાયના બીજા કોઈપણ વિચારો તેને હોતા નથી. ગાય કદાચ સો વર્ષની થાય તો પણ એ ગાયને "હું કોણ છું? મારો આત્મા કોણ છે?" એવું વિચારી જોવાનો સમય આવતોજ નથી. અને કોઈપણ જાનવર પોતે એ પ્રશ્ન તપાસી પણ શકતો નથી કારણકે એ એની શક્તિની બહારની વાત છે! "હું કોણ છું?" એ વિચારવાનો વખત ક્યાં મળે છે તેનો ખૂબ ખ્યાલ રાખજો. આ વસ્તુ વિચારવાનો વખત જો કોઈપણ સ્થળે મળતો હોય તો માત્ર તે એકજ સ્થળે મળે છે. જે આત્મા અનાર્ય દેશમાં જન્મ્યો હોય તેવા માણસને સ્વપ્ને પણ એવો વિચાર નથીજ આવતો કે હું કોણ છું? મારે શું કરવાનું છે? અને મારી છેવટે શી ગતિ છે?

## બી ન વાવો તો ઘાસજ ઊગી નીકળે

હવે ધારો કે આપણને નીચ જાતિ નથી મળી, અધમકુળ નથી મળ્યું અને અનાર્ય દેશ પણ નથી મળ્યો. આપણે મનુષ્યભવ મેળવ્યો છે, મનુષ્યભવમાં પણ આવીને આર્યક્ષેત્ર મેળવ્યું છે, આર્યક્ષેત્રમાં આવીને ઉત્તમકુળ મેળવ્યું છે અને ઉત્તમકુળમાં આવીને ઉંચી જાતિ મેળવી છે પરંતુ શું તેટલા

- કુબુદ્ધિવાળો વગર મનથી ઘણું દુઃખ સહન કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માત્રથી ઉપલી વિચારણા આપણા અંતરમાં જાગૃત થાય છે ખરી ? અહીં એક બીજું ઉદાહરણ તમારે વિચારી જોવાની જરૂર છે. ધારો કે એક સ્થળે ઉત્તમ ભૂમિ છે. હવા ઉત્તમ છે અનુકૂળ વરસાદ વરસી ગયો છે. હળવડે જમીન સુંદર રીતે ખેડી છે અને કયારા પણ ઘણા સુંદર બનાવ્યા છે પરંતુ આવા સંયોગો છતાં પણ જો તમે એ ખેતરમાં અનાજ નજ વાવો તો શું થાય વારૂ ? જો તમે એ ખેતરમાં બીજ ન વાવો અને સારૂં પુષ્ટ અને તંદુરસ્ત બી માત્ર હાથમાં ધરીને જોયાજ કરો તો તેથી કાંઈ તમારા ખેતરમાં પાક થવાનો નથી.

## મિથ્યાત્વનો પ્રવેશ રોકો

બીજ, જમીન, હવા, વરસાદ, સંયોગ આ પાંચે ચીજ સારી હોવા છતાં જો તમે બીજ નહિ વાવશો તો તમારા ખેતરમાં કાંઈપણ પાક થશે નહિ એટલુંજ નહિ પરંતુ તેથી બીજું ભયંકર પરિણામ તો એ આવશે કે ખાલી રહેલી જમીનમાં ગમે તેવું ઘાસ ઊગી નીકળશે, તેજ પ્રમાણે પક્ષીઓની ચાંચમાંથી ગમે તેવા હલકા બીજ ત્યાં પડીને તે પણ ઊગી નીકળી તમારી આખી ભૂમિને બરબાદ કરી નાખશે. એજ પ્રમાણે આર્યક્ષેત્ર, જૈનકુળ અને ઉત્તમજાતિ મળવા છતાં પણ જો માબાપો સુયોગ્ય બીજરૂપ પેલી ત્રિવિધ ગળથુથી જો બાળકોને નહિ પાશે તો અવશ્ય યાદ રાખજો કે બાળકો પણ સારા નહિજ નીવડે એટલુંજ નહિ પરંતુ પડતર ખેતરમાં જેમ નકામું ઘાસ ઊગી નીકળે છે તેમ તેવા બાળકોના અંતરમાં પણ મિથ્યાત્વીરૂપી ઘાસ અવશ્ય ઊગીજ નીકળવાનું છે એ ખાત્રીથી માની લેજો.

---

સજ્જડ કર્મરૂપી પર્વતને ભેદવામાં સમતા એ વજ્ર સમાન છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જાનવરોને માત્ર ચાલુ ભવનોજ વિચાર છે.

વળી ખૂબ જરૂરી વાત તો એ છે કે માબાપોના હૃદયમાં પણ એ વાત પચી ગએલી હોવી જોઇએ. જૈનધર્મ સર્વથા સર્વોત્તમ સંસ્કારવાળી ચીજ છે એ વાત સોળેસોળ આના સાચી છે. માબાપોએ પેલી ગળથુથીં બચ્ચાને આપવી જોઇએ એ વાત પણ સાચી છે પરંતુ તેજ સાથે "અનાદિનો જીવ છે, ભવ પણ અનાદિનો છે અને જીવ-કર્મનો સંયોગ પણ અનાદિનો છે" એ ત્રણ વસ્તુમાં માબાપ પોતે પણ રંગાએલા હોવાજ જોઇએ. તે ન હોય તો કદી ન ચાલે. માબાપો જો વર્તમાન ભવનેજ આગળ કરીને વર્તનારા હોય તો તેની છાપ બાળકો ઉપર પડ્યા વિના કદી રહેવાની નથીજ. જાનવરો માત્ર ચાલુ ભવોનોજ વિચાર કરે છે તેને વિચારશક્તિ નથી એમ કોઈ કહેતું નથી. તેને દરેક લાગણી છે પરંતુ તેની આ બધી લાગણીઓ-ભૂખ-તરસ-રહેઠાણ પર પ્રીતિ-સંતતિ ઉપરનો પ્રેમ વગેરે સઘળું એકલા ચાલુ ભવને અંગેજ હોય છે.

## જવાબદારી સમજો

જાનવરનું જીવન જે રીતે પુરૂં થાય છે તેજ રીતે માણસ પણ જીવન પુરૂં કરતો હોય તો પછી માણસમાં અને જાનવરમાં શું ફેર બાકી રહે છે વારૂ? કાંઈજ નહિ. જીવાત્માએ સમજવાની જરૂર છે કે પોતે તો અનાદિનો છે અને પોતાને જે ભવ મળ્યો છે તે તો માત્ર એક મેળામાં જેમ એક દહાડાને માટે દુકાન મંડાય છે

---

ઉદયમાં આવેલા પાપો દુઃખનો નાશ કરે છે, જ્યારે સમતા તો સત્તામાં રહેલા ને ઉદયમાં આવેલા સંપૂર્ણ કર્મનો નાશ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવી રીતે મંડાએલી દુકાન છે. મેળો ભરાય છે ત્યારે જે સ્થાન ઉપર મેળો ભરાતો હોય ત્યાંની ખુલ્લી જમીનની પણ કિંમત વધી જાય છે. પણ એવો કયો દુકાનદાર હશે કે જે એ સ્થળે ભાડે લીધેલી દુકાનને શણગારવાની પાછળજ લાખ બે લાખ રૂપીઆ પુરા કરીને પોતાનું ખીસ્સું સાફ કરી દેશે? કોઈપણ સમજદાર દુકાનદાર પોતાની બજારમાં આવેલી રોજની દુકાનને ભોગે મેળાની દુકાનને શણગારતો કે શોભાવતો નથી અથવા ઘરના પૈસાથી મેળાની દુકાનને દીપાવવા નીકળી પડતો નથી.

## વિશ્વરૂપી મહામેળો

મોટા અફસોસની વાત છે કે આ જીવ એટલી વાત પણ સમજતો નથી. તે સમજતો નથી કે પોતે તો અનાદિનો છે અને આ ભવમાં તેણે જે બાયડી, છોકરાં, વાડી, બંગલા, બાગ, નોકર, ચાકર વગેરે મેળવ્યું છે તે સઘળી તેણે આ વિશ્વરૂપી મહામેળામાં માંડેલી દુકાનો છે કોઈપણ ડાહ્યો માણસ મેળામાં માંડેલી દુકાન પાછળ પોતે વેચાઈને ખુવાર થઈ જતો નથીજ. ત્યારે આ દુર્ભાગી જીવ પોતાના આત્મતત્વની દરકાર કર્યા વિનાજ આ મેળામાં માંડેલી દુકાનોરૂપ બૈરી છોકરાં અને ઘરબારને શણગારવાની પાછળજ ખુવાર થઈ જાય છે. આ તે જીવની અક્કલમંદી કહેવી કે મૂર્ખાઈ કહેવી? મેળાની જમીનનું ભાડું માત્ર મેળાના દિવસેજ તે પુરતું મળે છે મેળાનો દિવસ ચાલ્યો ગયો એટલે એ એ જગ્યાની

---

નહિ માતા, નહિ પિતા, સ્ત્રી અને બીજા પણ સંબંધીઓ હોવા છતાં પણ વેદવા યોગ કર્મથી ઉત્પન્ન થયેલા ભાવમાં કોઈ રક્ષણ કરનાર નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુટી બદામ પણ ઉપજતી નથી. અરે! ઉપજવાની વાત તો ઠીક છે પરંતુ કોઇને મફત બોલાવીને એ જગ્યાએ દુકાન માંડીને બેસવા કહો, અરે સામો આનો આપો, તોએ કોઈ સારો વેપારી ત્યાં બેસવા આવતો નથી.

## ગાંઠની મુડી ગુમાવી

મેળાની જમીન અલ્પ કિંમતી છતાં કોઈ મૂર્ખો વેપારી ઘરની દુકાન વેચીને એ મેળાની દુકાનનેજ શણગારવામાં લાગી જાય તો તમે એને મૂર્ખો કહેશો કે બીજું કાઈ? જરૂર તે માણસ મૂર્ખો છે. ત્યારે આત્મારૂપ સદાનો દુકાનદાર પણ લાંબો ટુંકો વિચાર ન કરતાં આ એક ભવરૂપ મેળાની દુકાનનેજ શણગારવા તત્પર થાય તો એની કિંમત પણ તમારે મૂર્ખામાંજ ગણવી કે બીજું કાંઈ? ભવ એ પણ બધા મેળાજ છે. મેળો એ જેમ સંયોગોએ ભેગો થએલો પણ વિખરાવાનો દિવસ આગળથીજ નક્કી કરી ચૂકેલો બજાર છે તેવોજ આ ભવ એ પણ મેળોજ છે. તેમાંએ પહેલાંની પણ પલ્યોપમની જિંદગી તે અપેક્ષાએ માણસની જિંદગીના સો વર્ષ એ શું. હિસાબમાં છે? કાંઈજ નહિ. છતા મૂર્ખો જીવ એ ક્ષણભંગુર મેળા માટે પોતાની ગાંઠની મુડી ગુમાવી નાખે છે તે ઘરને ભોગે આત્માને ભોગે મેળામાંની દુકાન–વિદ્યમાન ભવનોજ વિચાર કરે છે એ કેટલું દુઃખજનક છે.

## છત્રીસ હજાર દિવસનો મેળો

કોઈ સ્થળે મેળો એક દિવસનો હોય છે, કોઈ સ્થળે મેળો પાંચ દિવસનો હોય છે, તો કોઈ સ્થળે મેળો પંદર

---

પોતાના અને બીજાના સેંકડો પ્રયત્નો હોય છતાં પણ ફળ તો કર્મના ઉદય પ્રમાણે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિવસનો હોય છે આ જિંદગીએ એ હિસાબે કેટલા દહાડાનો મેળો છે તે ગણી કહાડો. હાલ માણસની જિંદગી ગણીએ તો વધારેમાં વધારે સો વર્ષની હોય છે. વરસના મહિના બાર એ હિસાબે એક માણસની જિંદગી બારસો માસની થઈ. અને મહિનાના દિવસ ત્રીસ એટલે એ હિસાબે તો બારસો માસના (૧૨૦૦×૩૦=૩૬૦૦૦) છત્રીસ હજાર દિવસ થયા. હવે વધુ સ્પષ્ટતાથી બોલીએ તો એમજ બોલવું પડે કે માણસની જિંદગી એટલે છત્રીસ હજાર દિવસનો મેળો. હવે એના પાછળ આ આત્મારૂપી દુકાનદાર ભોગ કેટલો આપે છે તેની ગણતરી કરી જુઓ. આ ગણતરી કરી જોશો એટલે આ દુકાનદાર ડાહ્યો છે કે ગાંડો તેનું માપ તમે પોતેજ તમારી જાત માટે પણ કાઢી શકશો.

## ભાડે રાખેલી દુકાન

મેળામાં દુકાનદાર ભાડુતી દુકાન રાખે છે પરંતુ એ રાખતાં પહેલાં તે આવક કેટલી થશે તેનો અડસટ્ટો બાંધે છે અને આટલી આવકે આટલું ભાડું આપવું પોસાશે એજ હિસાબે તે ભાડું આપે છે. હવે આ જીવચંદ શેઠે છત્રીસ હજાર દહાડાના મેળામાં દુકાનના ભાડાતોડાં આપીને શું બચાવ્યું હશે તેનો ખ્યાલ કરો. ભવિતવ્યતાએ તમોને મનુષ્યઆયુષ્ય, મનુષ્યગતિ, ઔદારિક શરીર, અંગોપાંગ એ સઘળું ભાડે આપ્યું છે તો ભલા માણસો એ ભાડે મળેલી ચીજનું ભાડું ચૂકવી શકાય એટલી તો કમાણી કરો. મેળામાં દુકાન ભાડે રાખે. કમાવાના લાંબાચોડા મનસુબા કરે

---

લાંબા કાળ સુધીનો રોગી, અસહિષ્ણુ, વૃદ્ધ અને યોગનું બળ ક્ષીણ થયું હોય તો પણ કર્મથી થવાવાળા ભાવોને વિચારતો પ્રાણી સમતાનો આશ્રય કરે.

અને પછી જમીન ભાડે રાખીને ભાઇસાહેબ ધંધો કરવાને બદલે ભટકતા ફરે તો તેવા અક્કલબાજખાંને કઈ દશામાં ગણશો વારૂ? હવે એ હિસાબેજ આપણે છત્રીસ હજાર દિવસવાળા મેળા માટે શરીરાદિક જે ભાડે લીધું છે તેની વાત વિચારો.

## જોખમદારી પણ જબરી છે.

છત્રીસહજાર દિવસવાળો આ મેળો જેવો લાંબોચોડો અને જબરો છે તેવીજ આ મેળાને અંગે રહેલી શરતો પણ જબરી છે. બધે તમે વેપારધંધો કરો, કમાઓ પછી તમે ભાડું ભરો એવો રિવાજ છે અહીં તો આ મેળો એવો જબ્બર છે કે તેનું આખુંજ ભાડું–છત્રીસ હજાર દિવસોનુંજ ભાડું આગળથી લઈ લેવામાં આવ્યું છે. આ ભવનું આયુષ્ય, શરીર, અંગોપાંગ, નામકર્મ એ સઘળું પહેલાં બાંધવું પડે છે એ સઘળું બાંધો તોજ તમોને અહીં બેસવા દેવામાં આવે છે. તમે જમીન પટે રાખો છો તો તમારે એ પટે રાખેલી જમીનનો પટો દર વરસે ભરવાનો હોય છે, જમીન ભાડે રાખો તો દર મહિને ભાડું ભરવાનું હોય છે આ છત્રીસ હજારીયો મેળો એવો છે કે તેમાં છત્રીસે હજાર દિવસનું ભાડું એકી સાથે લઈ લેવામાં આવ્યું છે. હવે આ ગંજાવર ભાડું, દુકાન રાખ્યા પછી તમે રઝળતા ફરો તો તમારી શી દશા થાય?

## ભાડું તો પહેલાંજ આપી દીધું છે

છત્રીસહજાર દિવસનું ભાડું ભરીને આપણે આ દુકાન

---

ઉદય પ્રમાણે જીવને વિષે જે કારણથી જ્યારે જ્યાં જેવી રીતે ભાવો થવા નિયત થયા હોય છે તેમ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાડે રાખી છે. હવે એ પટે રાખેલી દુકાનમાં કમાઈ શી થઇ છે તેનો વિચાર કરજો. તમે મેળામાં દુકાન માંડો, તમારી દુકાનમાં ચારે બાજુએ ખૂબ રમકડાં ગોઠવો, દુકાનને ખૂબ શણગારો, આખી દુકાને ઇલેક્ટ્રિક લાઈટ મૂકો અને લોકો તમારો શણગાર જોઈ તમારી પીઠ થાબડે કે, "વાહ! ફલાણા શેઠની શોભા કેવી ?" તો કહે છે કે; "યાદ રહી જાય તેવી". આટલાથીજ તમારે કલેજે થંડક થતી નથી. અરે તમારો માલ જોઇને લોકો તમારા માલને પણ ખૂબ વખાણે પણ તેથી એ તમારો શુક્રવાર વળતો નથી અથવા તો તમે રાજી થઈ જતા નથી. તમે માલ અપ–ટુ–ડેટ ગોઠવ્યો, સરસ "શો" કર્યો, લોકોએ વખાણ્યો, આગેવાનોએ સર્ટિફિકેટો આપ્યા અને ટ્રેડકોંગ્રેસે તમારી છાતીએ સારાપણાનો ચાંદ બાંધ્યો. પણ જો માલ ન ખપ્યો તો તમે જરા પણ રિઝવાના નથીજ.

## "શો" થી શો દહાડો વળ્યો ?

એજ સ્થિતિ બરાબર અહીં પણ લાગુ પડે છે. દુનિયા આપણને પૈસાવાળાને ત્યાં જન્મેલા જુએ, રંગરાગમાં મહાલતા જુએ અને ભાગ્યશાળી ગણી લે. સગાંવહાલાં પોતાનો સ્વાર્થ સાધવા પોતાને સ્નેહી ગણે, ભાઈબંધો મોજ ઉડાવવા તમોને જીગરજાન દોસ્ત કહે, બાળકો રમકડાં કે મીઠાઇ માટે બાપા કહી તમોને બાઝી પડે, તોપણ એ બધાથી તમારી પોતાની– તમારા પોતાના આત્માની કશીજ ભાજી પાકતી નથી. મેળો ભરાયો છે એ કબુલ, તમારી દુકાન સરસ છે એ કબુલ,

---

ભાવો–પદાર્થો અવશ્ય થવાવાળા છે એમ માનીને હે જીવ! આત્મ-સ્વભાવમાં જ તું સ્થિર થા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારો શો (Show) બધાને પસંદ છે એ કબુલ. પણ જો તમે કમાણી કરી હોય તોજ તમારી શોભા છે. જો તમે કમાણી ન કરી હોય તો આ બધામાં તમારી શોભા નથી તેજ પ્રમાણે ભવમાં પણ તમોએ સાચી કમાણી કરી હોય તોજ તમારી શોભા છે નહિ તો તમારી શોભા નથી. જો તમે આ ભવને અંગે કાંઇ કમાણી ન કરો તો મેળામાંથી હાથ ઘસતા નીકળનારા વેપારી જેવી દશા તમારી છે.

## એ મહારસાયણ પચાવો

જે ભવ્યાત્માને આવો વિચાર આવે છે તેજ ભવ્યાત્માને આ ભવનું મહાભયંકરપણું સમજાય છે. કર્મ દરેક ભવરૂપી દુકાન મંડાવે છે પરંતુ તે કાંઈપણ કમાણી કરાવ્યા વિનાજ એમને એમ પાછા કાઢે છે એ આપણી દયાજનક સ્થિતિ છે. આપણી આ સ્થિતિ દયાજનક છે એવો વિચાર ક્યારે આવે છે તેનો ખ્યાલ કરો. તમે અમુક મહારસાયણને પચાવી શકો તોજ તમે આ સંસારને મેળો ગણો. તોજ તમે ભવમાં મળેલી રિદ્ધિસિદ્ધિને ભાડુતી દુકાન ગણો અને ત્યારેજ તમે આ મેળાની સારહીનતાને પારખી શકો. એ મહારસાયણ શું છે તે વિચાર કરો. "જીવ અનાદિનો છે" એ તત્વ-એ મહારસાયણ જ્યારે તમોને પચી જાય ત્યારેજ તમે આ જગતને સારહીન માનીને તેના તરફ ઉદાસવૃત્તિ ધારણ કરી શકો છો તે સિવાય નહિં. આ વસ્તુ જેના આત્મામાં પચી જાય છે તે આત્મા આ મેળા ઉપર મોહ પામતો નથી અથવા તો મેળાની દુકાનને શણગારવાની પાછળ પોતાનો આત્મ-તત્વરૂપી મહામૂલ્યવાન ખજાનો પણ ખોઈ દેતોજ નથી.

---

જેમ અગ્નિ લાકડાના સમૂહને બાળે છે, તેમ બુદ્ધિશાળી સંસારને અર્થાત્ સંસારનું કારણ કર્મને બાળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ભવ એ ભાડુતી દુકાન

ભવ એ ભાડુતી દુકાન છે, મેળામાંની દુકાન છે, પરંતુ એ મેળામાંની દુકાનજ જે સાચી દુકાન ગણી લે અને એ દુકાનની પાછળ અઘળું હોમવા તૈયાર થઈ જાય તેવા બિચારા પામર પ્રાણીની શી દશા થાય? પરિણામ એજ આવે કે બજારમાંની તેની દુકાન વેચીને તે મેળામાંની દુકાન પર શણગાર ચઢાવે અને મેળો ખલાસ થઈ જતાં તેને ત્યાં બેસીને માખી મારવી પડે. પરિણામે દેવાળું જ નીકળે. ભવરૂપી મેળામાંની દુકાન પર આપણે સર્વસ્વ હોમી દેવાને માટે ત્યારેજ તૈયાર ન થઇએ કે જ્યારે મેળો ક્ષણભંગુર છે અને આપણો આત્મા કે જે એ ક્ષણભંગુર મેળામાં ભાગ લે છે તે અનાદિનો છે એ સમજીએ. આપણો જીવ અનાદિનો છે. ભવ પણ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ વાત આપણા લોહીમાં પચી જાય ત્યારેજ આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈ શકીએ છીએ તે સિવાય નહિ.

## સંજ્ઞાના ત્રણ પ્રકાર

આ ત્રણ ભાવ-આ ત્રણ વસ્તુ આત્મામાં પચી જવાથી આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈ શકીએ છીએ. જ્યારે એ રીતે આપણે સ્વસ્વરૂપે સંજ્ઞાવાળા થઈએ છીએ ત્યારે તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. હવે મૂળ વાત ઉપર આવીએ તો માલમ પડે છે કે સંજ્ઞા ત્રણ પ્રકારની થઈ. (૧) દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા (૨) હેતુવાદોપદેશિકી અને (૩) દીર્ઘકાલિકી. આ ત્રણે સંજ્ઞામાં સાચું સંજ્ઞીપણું તે માત્ર

---

ઉદય પ્રમાણે જીવને વિષે જે કારણથી જ્યારે જ્યાં જેવી રીતે ભાવો થવા નિયત થયા હોય છે તેમ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાજ છે અને જેને એ સંજ્ઞા છે તેનેજ ખરેખરા સંજ્ઞી કહી શકાય એમ છે બીજાને નહિજ. બીજી જે સંજ્ઞાઓ છે અને તે સંજ્ઞાઓથી જેઓ સંજ્ઞી છે તેઓ સાચા સંજ્ઞી નથી જ. જેમ એક પૈસો હોય તો આપણે તેને પૈસાદાર કહી શકતા નથી. તેજ પ્રમાણે આ બીજી સંજ્ઞાઓથી જે સંજ્ઞી છે તેઓ પણ સાચા સંજ્ઞી નથીજ. માત્ર જેમનામાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે તેઓજ એક માત્ર સંજ્ઞી છે. આ સંજ્ઞાવાળાનેજ આ ત્રણ તત્વો પરિણમે છે.

## આત્માની ઉન્નતિ કેમ થાય?

જે ત્રણ-તત્વો (૧) આત્મા અનાદિનો છે (૨) ભવ અનાદિનો છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો છે-આપણે વારંવાર સાંભળ્યા છે તે ત્રણ વિચારોજ આત્માને ઉન્નત બનાવે છે. એ ત્રણ વિચારોજ આત્માની અધમતાને દૂર કરે છે અને પછી આત્માના બીજા ગુણો મેળવવાને માટે આગળ વધાય છે. હવે આ ત્રણ વિચારો આત્માને કેવી રીતે ઉન્નત બનાવે છે, તેની અધમતાને કેવી રીતે ટાળે છે અને બીજા ગુણોનો પ્રકાશ કેવી રીતે એજ માર્ગે આગળ થવા પામે છે તે જોઇએ.

---

નામનો લોપ કરનારો વચનને બોલી શકતો જ નથી, સ્થાપના ન માનનારથી સંજ્ઞા-વિષય એટલે સંજ્ઞા પાડી શકાય જ નહિ અને જો દ્રવ્ય ન માને તો યત્ન કરવો નકામો છે. અર્થાત્ યત્ન નાશ પામેલ છે. અને ભાવનિક્ષેપો ન માનનારને આખું જગત્ નાશ પામેલું છે. આથી હે નાથ! નામ આદિ ચાર નિક્ષેપા માન્યા વગર કોઈને પણ ચાલે તેમ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન સાતમું

### ગૌતમસ્વામીએ સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે કર્યો ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્યશ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ કરતા થકા પ્રથમ સૂચવી ગયા કે દરેક ધર્મિષ્ઠે દરેક આત્માએ દરેક આત્માના ગુણને મેળવવાની ઈચ્છાવાળાએ અને મેળવેલા ગુણોને સર્વકાળ સ્થિર રાખવાની ભાવના રાખવાવાળાઓએ પહેલાં પોતાની સ્થિતિ સ્વરૂપ સંયોગો વિગેરે તપાસવાની જરૂર છે. દુનિયાદારીમાં જે પોતાનું સ્વરૂપ, સ્થિતિ, સંયોગો તપાસતો નથી તે મુખ્યતાએ સાધક બની શકતોજ નથી અને જો તે કદાચ સાધક બને તોપણ તેથી તે સિદ્ધિ કરી શકતોજ નથી, એજ પ્રમાણે જે પોતાના સ્વરૂપને જાણતા નથી તે પણ મુખ્યતાએ આત્મસિદ્ધિના સાધક બની શકતા નથી અને કદાચ તે સાધક બને તોપણ કાર્યની સિદ્ધિ કરી શકતા નથી. તમે જ્યારે આ વાત ધ્યાનમાં લેશો ત્યારે એક વસ્તુનો તમે નિર્ણય કરી શકશો એ નિર્ણય કરતાં પહેલાં તમારે નીચેની ગાથા વિચારવાની જરૂર છે.

दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति ॥१॥

આ ગાથા સિદ્ધાંતપક્ષના સ્થાપકો તરફથી રજુ કરવામાં આવી નથી, તેનું નિરૂપણ પૂર્વપક્ષકારોએ કર્યું છે. એ

---

ભાગ્યમાં તો બધા પોતપોતાના સ્વભાવને અનુસરનારા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગાથા આપણા સિદ્ધાંતના સંબંધમાં પ્રશ્ન કરનારાએજ કહેલી છે, પરંતુ આપણે પ્રતિવાદી તરીકે વાદીની દલીલથીજ વાદીને આપણો સિદ્ધાંત સાબીત કરી આપવા માગીએ છીએ. જૈનશાસનને હિસાબે તો પ્રશ્નકારો પણ સિદ્ધાંતનો ત્યાગ કરીને જાય એ કદી બની શકતું નથી. ફરિયાદી અથવા વાદીનો વકીલ ભલે પોતાનો પક્ષ મજબુત કરવા દલીલો કરે, પરંતુ તે દલીલો પણ કાયદાની અંદર રહીને કાયદાને માન આપીનેજ કરવાની હોય છે વાદી કે પ્રતિવાદીના વકીલની દલીલો કાયદો છોડીને હોઈ શકતી નથી. વાદી કે પ્રતિવાદીઓના વકીલો પોતાની દલીલો જો કાયદા છોડીને કરવા માંડે છે તો કોર્ટ તેમનો દલીલો કરવાનો હક રદ કરે છે. આજ કારણથી વાદી તથા પ્રતિવાદી બંનેના વકીલોને કાયદો જાણીને તેને લગતી પરીક્ષા પાસ કરવી પડે છે.

વાદી અને પ્રતિવાદી બંનેના વકીલો કાયદો જાણીને તેની પરીક્ષા પાસ કરે અને સનંદ મેળવે તોજ તેઓ કોર્ટમાં ઉભા રહી શકે છે. વાદીનો વકીલ થયો માટે તે ગમે તેમ કાયદો ભૂલીને પણ દલીલો કરે એ કદી બની શકતું નથી. બંને પક્ષના વકીલો કાયદો પાળવા બંધાએલાજ છે, તેજ પ્રમાણે જૈનશાસ્ત્રમાં જે પૂર્વપક્ષ કરનારા છે તેઓ પણ જૈનશાસન સાથે બંધાએલાજ છે. જૈનશાસ્ત્રમાં જે વસ્તુ કહી છે તે બાજુએ રહેવા દઇને જે વાત કરવા માંડે છે તેઓને તર્કાનુસારીજ કહી શકાય. વાદીઓના મુખ્યતાએ બે પ્રકાર પાડી શકાય. એક તર્કાનુસારી અને બીજા શ્રદ્ધાનુસારી. જેઓ શ્રદ્ધાનુસારી છે તેઓને તો શાસ્ત્રાધારે સમજાવી શકાય, પરંતુ

---

હે ચેતન! આ તને આશ્રીને રહેલાઓ તારા અદૃષ્ટ (કર્મ) ને ઉલ્લંઘન કરવામાં અર્થાત્ સામનો કરવામાં સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઓ તર્કાનુસારી છે તેમને તર્કથીજ સમજાવવા પડે છે. તર્કાનુસારી કદાચ એકવાર સિદ્ધાંતથી વિરૂદ્ધ બોલે તોપણ તેને તર્કથીજ સમજાવવો પડે. તેને સમજાવવા માટે શાસ્ત્ર ઉપયોગી થઈ શકતું જ નથી. તેને તો તેની કબુલાતો દ્વારાએજ સમજાવવાની જરૂર પડે છે.

ભગવાન્ શ્રીમહાવીરદેવ અને ગણધર શ્રીમાન્ ગૌતમ મહારાજા વચ્ચે બનેલો વાદવિવાદનો પ્રસંગ તમારા ધ્યાનમાં લાવો. ગણધરભગવાને મહાવીર ભગવાન્ પાસે શંકા કરી હતી તે વખતે ભગવાન્ શ્રીમહાવીરદેવે તેમને જૈનશાસ્ત્રોના પ્રમાણો આપીનેજ સમજાવ્યા ન હતા. પરંતુ તેમને ભગવાને વેદદ્વારાએ સમજાવ્યા હતા. ભગવાને ગૌતમસ્વામીની શંકા ટાળતાં કહ્યું હતું કે હું સર્વજ્ઞ છું અને હું આ તરીકે દેખું છું પરંતુ વેદનો અર્થ આ પ્રમાણે કરવો જોઈએ અને આવો અર્થ કરીએ તોજ શ્રુતિ અર્થયુક્ત લાગી શકે છે. હવે વિચારી જુઓ કે ભગવાનને આ પ્રમાણે સમજાવવાની શી જરૂર હતી ? શું ભગવાન્ મહાવીરદેવ વેદાનુસારીજ હતા અથવા તો શું તેઓ વેદ ઉપરજ આધાર રાખનારા હતા ? ના, તો પછી વિચારવાની વાત છે કે એમને વેદ આગળ કરવાની શી જરૂર પડી ? વેદનો જે વિધાતા છે જે જૈનાજૈન અને આર્યાનાર્ય શાસ્ત્રો અને મતોનો પાર પામેલો છે તેવા મહા-પુરુષ વેદને શા માટે આગળ ધરે છે ? એ ઉપરથી શું તમે એમ માની લેશો કે ભગવાન્ શ્રીમહાવીર વેદને આધારે ચાલતા હતા ?

---

હે આત્મા ! તને સુખ અને દુઃખને માટે સ્વકર્મ સિવાય-પોતાના કર્મ સિવાય શુભ કે અશુભ વિષયો સમર્થ નથી. અર્થાત્ કર્મ જ સુખ કે દુઃખ આપે છે ને વિષયો તો નિમિત્ત માત્ર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખૂબ વિચારજો કે સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવાન્ શ્રીમહાવીરદેવ એમને વેદને આધારે શા માટે જવું પડયું હતું ? વેદને પ્રમાણ માની શકાય નહિ તો પછી ભગવાનને તેને અનુસરવાની શી જરૂર હતી ? વેદની એક ઋચાનો અર્થ અનુકૂળ આવ્યો તે ઉપરથી વેદ ઉપર ઉતરી પડવાની શી જરૂર હતી અને ભગવાનને વેદનો આશ્રય લેવાની પણ શી જરૂર હતી ? આ સઘળાનું કારણ ભગવાન્ શ્રીગૌતમસ્વામીનું તર્કાનુસારિપણું જ હતું. જે શ્રદ્ધાનુસારી નથી, જે માત્ર તર્કાનુસારીજ છે તેને સમજાવવાને માટે સૌથી પહેલાં તર્કનો રસ્તો લેવોજ પડે છે. તર્કથી તેને સમજાવીને પછીજ તેને શ્રદ્ધાનુસારિપણામાં લાવી શકાય છે. ભગવાન્ શ્રીમહાવીરદેવના વર્તનમાં પણ આજ વસ્તુ રહેલી છે. તેમણે ભલે વેદાનુસારે અર્થ કર્યો પરંતુ વેદાનુસાર અર્થ કરીને પણ જીવ સાબીત કર્યો, સત્ય શું છે તે સાબીત કર્યું અને મિથ્યાપણાને સ્પષ્ટ રીતે દર્શાવી આપ્યું. વેદાનુસાર અર્થ કરીને પણ ભગવાન પોતે કાંઇ સત્ય માર્ગેથી ડગ્યા ન હતા.

હવે તમે એમ પૂછી શકો કે ગૌતમસ્વામીએ શંકા કરી તેને ભગવાન શ્રીમહાવીરદેવે જવાબ આપ્યો અને વેદની શ્રુતિદ્વારાએજ તેને સત્ય સમજાવ્યું ત્યારે તો ભગવાન્ શ્રીગૌતમસ્વામી સહેલાઈથી એવો પ્રશ્ન કરી શકે કે જો મારા મતમાં પણ આજ સત્ય છે અને તમારા મનમાં પણ આજ વસ્તુને સત્ય તરીકે સ્વીકારવામાં આવી છે તો પછી મારે તમારા મતમાં આવવાનું શું પ્રયોજન છે ? ભગવાને વેદના આધારે સત્ય સમજાવ્યું તો એ રીતે વેદની શ્રુતિમાં ગૌતમ-

---

વૈદ્ય, ઔષધ અને સેવકો કર્મની વેદનાને સંગત હોય છે. અર્થાત્ કર્મ પ્રમાણે મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વામી ભૂલ કરતા હતા તેમને ભગવાને વેદાનુસારિપણામાં દઢ કર્યા કે તેમાંથી ખસવાને માર્ગે પ્રેર્યા? ભગવાને વેદનો આધાર લઈ નેજ મહાત્મા ગૌતમસ્વામીને સમજાવ્યા એનો અર્થ સાધારણદૃષ્ટિએ તો એજ થાય કે વેદ વસ્તુ ખોટી નથી પરંતુ વેદ તો હંમેશાં સાચીજ હકીકત કહેવાવાળા છે અને જો વેદ સાચીજ હકીકત કહેવાવાળા છે તો પછી વેદમાંથી નિવૃત્ત ન થતાં તેમાં દઢ રહેવાનોજ ઉપદેશ ભગવાનના વાકયોમાંથી આડકતરી રીતે ફલિત થાય છે.

સાધારણદૃષ્ટિએ તમે એવો અર્થ ભલે ખેંચી શકો પરંતુ આગળ વિચારશો તો માલમ પડશે કે ભગવાનના ઉપદેશમાંથી આવો અર્થ નીકળતો નથી. ખરી રીતે ભગવાન્ શ્રીમહાવીરદેવના ઉપદેશનો મહાત્મા ગૌતમસ્વામી એજ અર્થ સમજ્યા હતા "કે અત્યાર સુધી હું પોતે એમ ધારતો હતો કે વેદમાં જીવાત્માના અસ્તિત્વનો અસ્વીકાર છે. મારી એ ધારણામાં ભૂલ હતી અને હું જીવાત્માના સંબંધમાં ભૂલ જ કરતો હતો, પરંતુ ભગવાન્ શ્રીમહાવીરદેવે એ સંબંધીની સાચી સ્થિતિ વેદદ્વારાજ સમજાવવા માંડી હતી અને તે સઘળું હું વેદદ્વારા સમજ્યો હતો, તેથી વેદમાં જીવાત્મા સંબંધમાં ભગવાન્ શ્રીમહાવીરદેવના વિચારોનો વિરોધ છે એમ હું ધારતો હતો પરંતુ હવે મારી ખાત્રી થઈ છે કે ભગવાન્ શ્રીમહાવીરદેવ જીવાત્માના સંબંધમાં જે વિચારો ધરાવે છે તેનો વેદમાં વિરોધ નથી પણ એજ વિચારો વેદે પણ સ્વીકારેલા છે." ગણધર ભગવાન્ ગૌતમસ્વામીજીને વેદોની કેટલીક ઋચાઓદ્વારા એમ લાગતું હતું કે "જીવ

આયુષ્ય બળવાન્ હોય ત્યારે મૃત્યુના મુખમાં ગયેલો પ્રાણી પણ લાંબો કાળ જય પામે છે–જીવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી" ચરમ તીર્થાધિપતિ ભગવાન્ શ્રીમહાવીરદેવે વેદ દ્વારાએજ ગણધર ભગવાનને સમજ પાડી અને તેથી તેમને ખાત્રી થઈ કે વેદમાં પણ જીવાત્મા સંબંધીના ભગવાન્ શ્રીમહાવીર મહારાજના વિચારોનો વિરોધ નથી.

હવે તમે આ ઉપરથી સહેજે એવી શંકા કરી બેસશો કે વેદમાં પણ વિરોધ નથી એમ કહીને ભગવાન્ શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીની શંકા ટાળી છે તો એનો અર્થ તો એજ થઇ શકે છે કે ભગવાને ગૌતમસ્વામીને વેદમાં દૃઢ કર્યા છે! તો પછી ચરમ તીર્થાધિપતિ મહાવીર મહારાજને વેદના પ્રતિપાદક કહેવા કે જૈનશાસનના પ્રતિપાદક તરીકે સ્વીકારવા? તમે એમ પણ કહી શકો કે ભગવાન્ શ્રીમહાવીરદેવે તે એક વિરોધ ટાળવો હતો કે બીજા એકચાસી વિરોધો બતાવી તેમની વેદમાંની સ્થિરતાને ક્ષીણ કરવી હતી? તમારી આ શંકાનો જવાબ સહેલો છે ભગવાન્ શ્રીમહાવીરદેવનો અહીં વેદના આધારદ્વારાજ ગૌતમસ્વામીની શંકા ટાળવાનો આશય એ હતો કે જેઓ વેદોની કેટલીક ઋચાઓની જીવવિરોધી વ્યાખ્યા કરતા હતા તે વ્યાખ્યાકારોની અપ્રમાણિકતા પ્રકટ કરવી અને ગણધર ભગવાન્ શ્રીગૌતમમહારાજને પણ એ વસ્તુ દર્શાવી આપવી કે જેઓ વેદને માનવાવાળા છે તેઓ પણ વેદની વ્યવસ્થાને જાણવાવાળા અથવા તેની વ્યાખ્યાનો સાચો અર્થ સમજવાવાળા નથી.

ભગવાન્ શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીને વેદાધાર-દ્વારાએજ સમજાવ્યા એ ઉપદેશથી એક કાંકરે બે પક્ષી

---

જો તને ધર્મની ઈચ્છા હોય તો હંમેશાં હૃદયમાં અવશ્ય-ભાવીનું સ્મરણ કરતો-ચિંતન કરતો તું વેદનાને સહન કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેવી રીતે મરે છે તે વિચારો. એક બાજુએ ભગવાન્ પોતાના ઉપદેશદ્વારાએ વેદના વ્યાખ્યાકારોની પ્રમાણિકતા તોડી નાંખે છે, બીજી બાજુએ જૈનતીર્થંકરોની સર્વજ્ઞતાનો તે ગૌતમસ્વામીને દૃઢ નિશ્ચય કરાવે છે. વિચાર કરજો કે ગૌતમસ્વામીએ ચરમ તીર્થાધિપતિ ભગવાન્ શ્રીમહાવીર મહારાજાનું સર્વજ્ઞપણું કયારથી માન્ય રાખ્યું હતું? ગૌતમમહારાજાએ કાંઈ ભગવાન્ શ્રીમહાવીરદેવનું મોઢું જોઈને તેમને સર્વજ્ઞ માની લીધા ન હતા. ગૌતમ-સ્વામીએ કહ્યું હતું કે મારા મનની વાત જો ભગવાન્ મહાવીરદેવ કહી આપે તો હું તેઓશ્રીને સર્વજ્ઞ માનવાને તૈયાર છું. જો તેઓ મારા મનની વાતો ન જાણી શકે તો હું તેઓશ્રીને સર્વજ્ઞ માની લેવાને તૈયાર નથી.

ભગવાન્ શ્રીમહાવીરદેવે ગૌતમસ્વામીજીનો સંશય પ્રકટ કર્યો એટલે ભગવાન્ ગૌતમસ્વામીએ ભગવાન્ શ્રીમહાવીર-દેવને સર્વજ્ઞ માની લીધા હતા. અને તેઓ ભગવાનના સર્વજ્ઞપણાને શરણે આવ્યા હતા. હવે જ્યારે ગણધર ભગવાન્ ગૌતમસ્વામી ભગવાન્ મહાવીરદેવને સર્વજ્ઞ માની ચૂકયા છે તો એ માની ચૂકયા પછી વેદના વ્યાખ્યાકારો ખોટા ઠરે એટલે સહજ એનું પરિણામ એજ આવશે કે વેદના વ્યાખ્યાકારો તરફ ગૌતમ ભગવાનને જે લાગણી હશે તે સઘળી નિર્મૂળ થશે. ભગવાન્ શ્રીમહાવીરદેવ જૈનોની દૃષ્ટિએ સર્વજ્ઞ ભગવાન્ હતા પરંતુ અજૈનોની દૃષ્ટિએ તો મહાવીર મહારાજાને તેઓ જાણે એક ભમતા ભૂત જેવાજ લેખતા હતા. ભગવાન્ મહાવીરદેવ રાજવંશમાં જન્મ્યા હતા

---

હે નાથ! જેના સૈનિકને બીજાથી જે પીડા થાય તેમાં નાયકની દુર્બલતા છે તો આપ કેમ નિષ્ક્રિય રહ્યા છો?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજવંશમાં જન્મ્યા છતાં તેઓ વેદવેદાંગ પંડિતો પાસે ભણ્યા ન હતા. વેદના જ્ઞાતાઓ પાસે અથવા પંડિતો પાસે તેઓ એક એકડો પણ ભણ્યા ન હતા.

મોટા થયા એટલે તેઓશ્રી રાજ્યસ્થિતિમાં પડ્યા હતા અને તે પછી ભગવાન્ ત્યાગી થયા હતા. ત્યાગી થયા એટલે અજૈનોની દૃષ્ટિએ તો તેઓ ભમતા ભૂત જેવાજ બન્યા હતા. ત્યાગી થયા પછી ભગવાન્ ગામમાં એક રાત્રિ રહેતા હતા તો નગરમાં પાંચ રાત્રિ રહેતા હતા. આમ તેઓશ્રી બધે ફરતા હતા. આ સ્થિતિમાં તમને ગુરુની પાસે બેસીને ગુરુકુળમાં રહીને ગુરુ પાસે વેદ ભણવાનો, વેદની વ્યાખ્યા જાણવાનો, મતો જાણવાનો. તે સંબંધી ચર્ચા કરવાનો અધિકારજ રહ્યો ન હતો. આવી સ્થિતિમાં ભગવાન્ ગૌતમસ્વામીને સહજ ખાત્રી થાય કે જે વેદોનો ખરેખરો અધિકારી નથી, જે કોઈની પાસે, વેદો ભણ્યા નથી તેવો આત્મા વેદની સાચી વ્યાખ્યા કરે, બીજા સામાન્ય વ્યાખ્યાકારો કરતાં પોતાનું જબરદસ્ત વ્યાખ્યાકાર તરીકેનું જ્ઞાન બતાવે તો અવશ્ય એ સઘળું કાર્ય સર્વજ્ઞતા વિના નજ બની શકે અને જ્યારે ભગવાન્ શ્રીમહાવીરદેવને હાથે આ કામ પાર પડે છે ત્યારે જરૂર તેઓ સર્વજ્ઞ હોવાજ જોઈએ.

ભગવાન્ શ્રીગૌતમસ્વામીનો સંશય ભગવાન્ મહાવીરદેવે જાણી લીધો તેટલા ઉપરથીજ ભગવાન્ ગૌતમસ્વામી તીર્થંકર મહારાજા મહાવીરદેવને સર્વજ્ઞ માની લેતાજ નથી.

---

તેં મને ઘણું આપ્યું પણ મેં તેનો ઉપયોગ કર્યો નહિ તેથી હે નાથ ! પ્રાર્થના કરું છું કે પરભવમાં હું પણ સંપૂર્ણ ઉપયોગ કરનાર થાઉં એમ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાકતાલીય ન્યાયે એ તો કદાચિત્ એમ પણ બની જાય કે ગણધર ભગવાનના મનમાં જે સંશય હોય તેજ સંશય મહાવીર મહારાજા કહી શકે, તો એટલાજ ઉપરથી ભગવાનને ગણધર મહારાજા ગૌતમસ્વામી સર્વજ્ઞ નજ માની લે. અહીં એ વાત થાય છે કે એક તો ભગવાન્ શ્રીમહાવીરદેવ ગણધર ભગવાનનો સંશય પ્રગટ કરે છે, વળી બીજી બાજુએ પોતે સાચા વેદાધિકારી હોવા વિના, વેદ વાંચ્યા વિચાર્યા વિના અથવા કોઈ ગુરુકુળમાં રહી વેદ ભણ્યા વિના વેદની વ્યાખ્યા કરે છે તે ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે ભગવાન્ શ્રીમહાવીરદેવ એ ખરેખરજ સર્વજ્ઞાનના સાચા ધણી છે અને સર્વજ્ઞ છે.

ભગવાન્ શ્રીમહાવીરદેવને ગૌતમમહારાજાએ સર્વજ્ઞ કહ્યા છે તે ભગવાનનું આખુંજ સર્વજ્ઞપણું જોઈ જાણી તેમને સર્વજ્ઞ કહ્યા અથવા સર્વજ્ઞ માની લીધા નથી પરંતુ તેમણે એ વાત જાણી હતી કે સર્વજ્ઞનું જ્ઞાન અરૂપી પદાર્થમાં હોય છે અને હું કઈ શ્રુતિનું કેવું જ્ઞાન ધરાવું છું અને એ શ્રુતિથી મને કેવો સંશય થયો છે તે તો તેજ જાણી શકે કે જે મારા એ અરૂપી સંશયને જાણતા હોય. હવે મારા એ અરૂપી સંશયને ભગવાન્ શ્રીમહાવીરદેવ જાણી શકયા છે માટે એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન્ શ્રીમહાવીરદેવ સર્વજ્ઞ છે. સામાન્ય વ્યવહારમાં પણ આપણે એજ રીતે પરીક્ષા કરીએ છીએ. ભાત રાંધવાને માટે તમે તપેલામાં ચોખા ભરો છો, તેમાં પાણી રેડો છો અને ચુલે ચઢાવો છો, પછી

---

હે સ્વામી! જો હું અયોગ્ય છું તો હવે પછી શું કરવું જોઈએ, માટે પ્રાર્થના કરું છું કે અયોગ્ય મનુષ્યોને યોગ્ય કરીને અવ્યયપદ-મોક્ષપદ આપો!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે એ ભાત તૈયાર થાય છે ત્યારે તમે તે આખી તપેલી ઉતારીને તેને તપાસતા નથી કે ભાઈ ભાત થયો કે નહિ પણ માત્ર ઉપરના બે દાણા તપાસીને તમે આખી તપેલીના ભાતને માટે અનુમાન બાંધો છો.

જો તમે એમ કહેશો કે તપેલીના ચાર દાણા ચડેલા છે તે જોઈને આખી તપેલી ચડેલી છે એવું અનુમાન કરવું મિથ્યા છે. તપેલી આખી તપાસે, તેનો એકેએક દાણો તપાસીને જુએ અને તે ચડ્યો છે એવી ખાતરી થાય ત્યારેજ આખી તપેલી ચડેલી છે એવું સ્વીકારવું જોઈએ. આ રીતે તો એવોજ અર્થ થાય કે જે સર્વજ્ઞ હોય તેજ બીજાને સર્વજ્ઞ માની શકે. તમારા મારાથી તો ભગવાનને સર્વજ્ઞ માની શકાયજ નહિ. અને આપણે તીર્થંકર ભગવાનોને અસર્વજ્ઞજ માનવા પડે. તપેલીની ઉપરના ચાર દાણા ચડેલા હોય તે ઉપરથી આખી તપેલી ચડેલી છે એમ માનીએ છીએ, તેજ પ્રમાણે ગૌતમસ્વામી પણ એમ માને કે "જે ભગવાન્ મારા આત્માના અમૂર્ત એવા જ્ઞાન, સંશય. અમૂર્ત અર્થજ્ઞાન વગેરેને જે જાણે છે તે ભગવાન્ જગતના અમૂર્ત જ્ઞાન પદાર્થને પણ જાણે છે અને તેથીજ તેઓશ્રી સાચા અર્થના જ્ઞાતા, ત્રણલોકના ધણી અને સર્વજ્ઞ છે." તો ગૌતમસ્વામીની એ માન્યતામાં શું આશ્ચર્ય હોઇ શકે?

ગણધર ભગવાન્ શ્રીગૌતમસ્વામીનું શ્રુતિજ્ઞાન, સંશય-

---

જો આજીવિકાને માટે પણ આશ્રીને રહેલા એવા સેવકના પરાજયથી સ્વામીને જ બાધા છે. તો પછી તારાં વાકયમાત્રથીજ જીવનારો એવો હું બીજાથી બાધા પામું છું તો હે નાથ! તું રક્ષણ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાન, એ સઘળી અમૂર્ત ચીજ હતી જે ભગવાન્ એ એક અમૂર્ત ચીજને જાણી શકે તે ભગવાન્ સકલ જગતના સઘળા અમૂર્ત પદાર્થ અને જ્ઞાનને જાણી શકે અને તે જાણવામાં પોતાનું સામર્થ્ય બતાવે એમાં શી નવાઈ? હવે જે ભગવાન જ્ઞાન જેવા અમૂર્ત પદાર્થને જાણે છે તે ભગવાન્ એ જ્ઞાનના આધારભૂત આત્માને પણ જાણે એ સહજ છે. એકલો ગુણજ કોઈએ જાણ્યો હોય અને તેણે ગુણીને ન જાણ્યો હોય એવું કદી બનતું નથી ગુણ જાણે છે તે ગુણીને પણ જાણેજ છે હવે ભગવાને આત્માના ગુણોરૂપ જ્ઞાનને જાણ્યું અને એ જ્ઞાનના આધારભૂત ગુણીને જાણ્યો એટલે તેમને સર્વજ્ઞ માનવામાં પછી વાંધોજ કયાં રહ્યો? ગણધર ભગવાન્ ગૌતમસ્વામીજીને વેદવ્યાખ્યાકાર તરીકે પણ ભગવાન્ સર્વજ્ઞ છે એવી ખાતરી થઇ એટલે તેમને સ્પષ્ટ જણાઈ આવ્યું કે જગતના સઘળા મનુષ્યો સર્વજ્ઞ નથી બધા મનુષ્યો તો અલ્પજ્ઞ છે પરંતુ આજ એક તીર્થાધિપતિ મહારાજ સર્વજ્ઞ છે.

હવે ગૌતમસ્વામીને ખાત્રી થઇ કે જગતના તમામ મનુષ્યો સર્વજ્ઞ નથી પરંતુ આજ મનુષ્ય સર્વજ્ઞ છે તો પછી તેમને સહજ એવો નિશ્ચય થયો કે એ સર્વજ્ઞ જે માર્ગ આચરે છે તેજ મોક્ષમાર્ગ છે. ગૌતમસ્વામીની જ્યાં ખાતરી થઇ કે ભગવાન્ જે માર્ગ લે છે તેજ સાચો માર્ગ છે એટલે તેજ ક્ષણે તેમણે ઉપવિતસંપ્રદાય–બ્રાહ્મણ–સંપ્રદાયનો પરિત્યાગ કર્યો અને તેઓ ભગવાન્ શ્રીમહાવીરદેવના ત્યાગપંથના અનુયાયી બની ગયા. ભગવાન્

---

આત્મા વડે જ્ઞાનવરણીય કર્મ વગેરે અનાભોગથી–અનુપયોગથી વેદાય છે, પણ સુખ, દુઃખ અતિસ્પષ્ટ પણે ભોગવાય છે, કારણ કે તે બહુ ઉદયવાળાં હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાવીરદેવે વેદોની જે વ્યાખ્યા કરી બતાવી તેથી ગૌતમસ્વામીને ખાતરી થઈ કે વેદોની ઉપલિતધારી બ્રાહ્મણો જે વ્યાખ્યા કરે છે તે વ્યાખ્યા સર્વથા ખોટી છે અને ભગવાન્ શ્રીમહાવીરદેવ વેદોની જે વ્યાખ્યા કરે છે તેજ સાચી છે. વેદના ગ્રંથદ્વારા જે પ્રવૃત્તિ કરવાની હતી તે આંધળાએ હાથ ફેરવી ફેરવીને ચાલવા જેવું હતું કારણ કે ત્યાં કોઇ જ્ઞાની કે સિદ્ધોને પ્રત્યક્ષ જોનારો ન હતો. હવે અહીં સર્વજ્ઞને આશ્રયે પ્રત્યક્ષ જોઇને ચાલવાનું હતું તો પછી એવો કયો માણસ હોય કે જે દેખતાની મદદ મળતી હોય તે છતાં પોતાની ખુલ્લી આંખ પણ બંધ કરીને આંધળાનોજ છેડો પકડીને તેને આશ્રયે ચાલવામાં મજા માણે ?

શાસ્ત્રદ્વારાએ જે પ્રવૃત્તિ થાય છે તે સઘળી આંધળા સરખી પ્રવૃત્તિ છે, ત્યારે સર્વજ્ઞથી થતી પ્રવૃત્તિ તે દેખતાને જોઇને ચાલવા સમાન છે. દેખવાની વસ્તુ આંખો પોતાની પાસે હોય તો કોઇપણ આત્મા તે બંધ કરીને ચાલવાનું ઈચ્છતોજ નથી, તેજ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન્ એ પ્રત્યક્ષ સઘળા જ્ઞાનને સર્વકાળને દેખનારા હોવા છતાં તેમને છોડીને વેદાશ્રયે યા ગ્રંથાશ્રયે ચાલવાનું કયો અધન્ય માણસ માની લ્યે ? સૌથી પહેલાં ભગવાનનું સર્વજ્ઞપણું નિશ્ચિત થવાની જરૂર છે. જો ભગવાનનું સર્વજ્ઞપણું સાબીત થાય, તે વસ્તુ માન્ય રહે તો પર્યાયે એ વસ્તુ પણ સાબીત થાય

---

હે સ્વામી ! જો તમે જગતને આનંદ આપનારા છો તો પછી કર્મના સમૂહથી થયેલી પીડાથી ગ્રસ્ત થયેલા અને બીજાના આશ્રયવાળા એવા મને-સેવકને કેમ આનંદ પમાડતા નથી ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે જો ભગવાન્ દેખીને ચાલનારા હતા તો આપણેજ આંધળા હતા. એકવાર આપણે આંધળા પ્રમાણે ચાલનારા હતા અને ભગવાન દેખતા હતા–સર્વજ્ઞ હતા એ વાત જ્યાં મનમાં ઠસી ગઈ કે પછી કોણ એવો મૂર્ખો હોય કે જે આટલું જાણ્યા છતાં એ દેખતાપણાનો ત્યાગ કરીને આંધળાપણાનેજ પકડી રાખે ? અને પછી પણ જે છતી આંખેય કુવો શોધે તેને તો બચાવી કોણ શકે ?

જે આત્મકલ્યાણની ઈચ્છાવાળા છે, જે પોતાના આત્માનું હિત કરવાની ભાવના છે, જે પોતાના આત્માનો ઉદય ચાહે છે તેવાઓ તો એક વાર એમ જાણી લ્યે કે શ્રીમહાવીરદેવ પોતેજ સત્યને માર્ગે ચાલનારા છે અને આપણે તો આજસુધીમાં આંધળીયાજ કરનારા હતા એટલે એક ક્ષણ પણ તે બીજે રસ્તે ચાલી નજ શકે અને તરતજ તેઓ સર્વજ્ઞ ભગવાનને અનુસરવા માટેજ તૈયાર થઈ જાય. હવે આગળ ચાલો ગણધર ભગવાન શ્રીગૌતમસ્વામી જ્યાં મહાવીર મહારાજને સર્વજ્ઞ તરીકે જાણે છે કે તેજ પળે તેઓ ત્યાગ ધારણ કરે છે. હવે ખ્યાલ કરજો કે ભગવાન્ ગૌતમસ્વામીની પ્રતિજ્ઞાને અને તેમણે અહીં ગ્રહણ કરેલા ત્યાગને શો સંબંધ હતો ? ભગવાન્ ગૌતમ સ્વામીની પ્રતિજ્ઞા તો એટલીજ હતી કે મારે તીર્થાધિપતિ મહાવીર મહારાજાનું સર્વજ્ઞપણું જાણવું છે. અને સર્વજ્ઞપણું પાછું એ રીતે જાણવું છે કે મારા મનના સંશય જો તેઓ પ્રકટ કરે–કહી શકે તોજ મારે તેમને સર્વજ્ઞ ભગવાન્ જાણવા છે, નહિ તો નહિ.

ગણધર ભગવાન્ ગૌતમસ્વામીજીની પ્રતિજ્ઞા અન્યથા

---

જેવી રીતે સમયે સમયે કર્મનો બંધ છે, તેવી રીતે ક્ષણે ક્ષણે કર્મનો ઉદય પણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન હતી. તેઓની પ્રતિજ્ઞા તો માત્ર ભગવાનને સર્વજ્ઞ જાણવા પુરતીજ હતી. સર્વજ્ઞ જાણ્યા પછી મારે ઉપવિતનો ત્યાગ કરવો, કપાળનો તિલક ભુંસી નાંખવો, ઘરબાર છોડી દેવું અને ત્યાગ લેવો એવી તેમની પ્રતિજ્ઞા હતીજ નહિ. તેમણે અલબત્ત એટલી પ્રતિજ્ઞા તો કરીજ હતી કે મારા હૃદયમાં રહેલો ગુપ્તસંદેહ કે જે મેં કોઈની પણ આગળ પ્રકટ નથી કર્યો તે મારો સંદેહ જો ભગવાન્ મહાવીરદેવ કહી શકે તો મારે ભગવાનને સર્વજ્ઞ માનવા. બસ, એ પ્રતિજ્ઞા પ્રમાણે ભગવાન્ શ્રીમહાવીરદેવે ગણધર મહારાજ ગૌતમસ્વામીનો સંશય કહ્યો. શ્રુતિની વ્યાખ્યા દર્શાવી અને પરિણામ એ થયું કે ગૌતમસ્વામીનો સંદેહ પણ ગયો, તો હવે તેમની પ્રતિજ્ઞા પ્રમાણે સીધો રસ્તો એટલોજ હતો કે તેમણે ભગવાનને 'સર્વજ્ઞ' માની લેવા હતા, પરંતુ તેથી આગળ વધીને ગૌતમસ્વામીને ઉપવિત ત્યાગવાની-તિલક ભુંસવાની અને સંસાર છોડી દેવાની શી આવશ્યકતા હતી વારૂ ?

જેઓ ચોથા અને પાંચમા ગુણસ્થાનકને વિષે આરૂઢ છે તે શ્રાવકો અને શ્રાવિકાઓ ભગવાન્ શ્રીમહાવીરદેવને અથવા તો તીર્થંકર ભગવાનોને સર્વજ્ઞ માનતા નથી ? તેઓ પણ સઘળા તીર્થંકર ભગવાનોને સર્વજ્ઞ માને છે પરંતુ તે છતાં તેમને ફરજીયાત ઘરબાર ત્યાગવાં પડતાં નથી, તેમને જગતને લાત મારી સાધુપણાનો સ્વીકાર કરવો પડતો નથી તો પછી ગણધર મહારાજને તેઓ ભગવાન્ મહાવીરદેવને સર્વજ્ઞ માની લે તેનીજ સાથે ત્યાગની શી જરૂર હતી ?

---

અવશ્ય ભોગવવા યોગ્ય પોતાના કર્મથી થયેલાં દુઃખને જાણીને-સમજીને હે જીવ ! શોક સમહને તરી જા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણધર ભગવાનને જે ભગવાન્ મહાવીરની સર્વજ્ઞતા માન્ય કરવા પુરતોજ શાસ્ત્રાર્થને માટે અવકાશ હતો. તે શાસ્ત્રાર્થ થયો એટલે તેમણે ભગવાનને સર્વજ્ઞ તરીકે માન્ય કરવા જોઈતા હતા અને ચાલતી પકડવી જોઈતી હતી, પરંતુ તેમ ન કરતા તેમણે પણ ત્યાગ સ્વીકારી લીધો એનું કારણ શું? ચોથા અને પાંચમાં ગુણસ્થાનકવાળા સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે માને છે, પરિવારમાં રહે છે, આરંભસમારંભના કામો કરે છે અને ઘેરેજ રહે છે તો ગણધરે પણ પરિવાર રાખ્યો હોત, આરંભસમારંભ રાખ્યો હોત અને સંસાર ન તજ્યો હોત તો શી આપત્તિ હતી?

ગણધર ભગવાન્ ગૌતમસ્વામીજી પરિવારમાં રહ્યા હોત તો તેથી કાંઈ તેમની પ્રતિજ્ઞા ભાંગવાની ન હતી કારણ કે પ્રતિજ્ઞા તો એટલીજ હતી કે જો ભગવાન્ શ્રીમહાવીરદેવ મારા હૃદયનું ગુહ્ય કહી આપે તો મારે તેઓશ્રીને સર્વજ્ઞ માનવા, આ પ્રમાણે ભગવાનશ્રીમહાવીરદેવે ગણધર મહારાજના હૃદયનું ગુહ્ય કહી આપ્યું હતું અને ગણધર મહારાજે ભગવાનને "સર્વજ્ઞ" માની પણ લીધા હતા અર્થાત્ અહીં પ્રતિજ્ઞા પૂરી થઈ હતી, તો પછી હવે આગળ વધીને ગણધર ભગવાનને જ્યાં તેમણે ભગવાનને સર્વજ્ઞ માન્યા કે ત્યાંજ તેજ પળે ત્યાગ લઈ લેવાની શી આવશ્યકતા હતી? જેને આધારે અત્યાર સુધી પોતાની પ્રવૃત્તિ હોય તેમનું વૃંદ એ

## આંધળાની ટોળી

આંધળાની ટોળી માલમ પડે, એ ટોળીનું અંધપણું સાબીત થાય તો પછી એવો કોણ હોય કે તે એ આંધળાની ટોળીનો

---

ભવિષ્યમાં થવાવાળું દુઃખ ચિંતાથી જતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગ કરી દેખતાની આજ્ઞા પ્રમાણે ચાલવામાં વિલંબ કરે ?

તમે એમ કહેશો કે ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા પણ ભગવાનને તો સર્વજ્ઞ માને છે પરંતુ તેમણે દીક્ષા અંગીકાર કરી નથી તો પછી ગણધર ભગવાનને શા માટે એમ કરવું પડયું હતું ? તમારી શંકા હવે તપાસો. બે માણસો એક સાથે બજારમાં જાય છે. એક માણસની પાસે પાંચસો સાતસો રૂપીઆ છે, પરંતુ બીજાની પાસે એક કાણી કોડી પણ નથી. આ બંને જણા બજારનો માલ તપાસે, ભાવતાલ કરે, માલ પસંદ કરે, પરંતુ છતાં પેલો પૈસાવાળો છે તેજ માલ ખરીદશે અને વગર પૈસાવાળો વેપાર કરવાની ઇચ્છા છતાં ખીસ્સામાં પૈસા ન હોવાથી પોતાની અશક્તિએ હાથ હલાવતો પાછો આવશે. શું આ મુફલિસ વેપાર કર્યા વિના હાથ હલાવતો પાછો ફરે તે જોઈને પેલા પૈસાવાળાએ પણ હાથ હલાવતા વગર વેપાર કર્યેજ પાછા ફરવું કે વારૂ ? મુફલિસ બજારમાંથી વ્યાપાર કર્યા વિના પાછો ફરે છે એનું કારણ વેપારની અનાવશ્યકતા નથી, પરંતુ તે મુફલિસની પૈસાની નબળાઈ એજ તેનું કારણ છે.

ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા ભગવાન્ શ્રી મહાવીરદેવને સર્વજ્ઞ તો માનેજ છે પરંતુ તે છતાં સ્થિતિ એ છે કે તેમનાથી જગતનો મોહ છૂટતો નથી અને તેઓ જગતનો મોહ છોડી શકતા નથી એટલે તેઓ ત્યાગ પણ લઈ શકતા નથી. ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળાને ગણધર ભગવાનની સાથે સરખાવીએ તો તેઓ ખાલી

---

હે પ્રાણી ! જો તારા આત્માનું કાર્ય કરવામાં તારું મન હોય તો દુઃખના સમૂહથી પીડાતો છતાં પણ તું તેને સહન કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખીસ્સાવાળા જેવા છે. શું આ ખાલી ખીસ્સાવાળા વેપાર ન કરી શકે, જગતનો મોહ ન છોડી શકે અને ત્યાગ ન લઈ શકે માટે શક્તિશાલી એવા ગણધર ભગવાને પણ પોતાની શક્તિનો સદુપયોગ ન કરવો વારૂ ? ચોથા અને પાંચમા ગુણસ્થાનકવાળા ત્યાગ ન લઈ શકે માટે ભાગ્યશાળી એવા ગણધર દેવોએ પણ ત્યાગ ન લેવો એ કદી બની શકે નહિ. ગણધર મહારાજ ગૌતમસ્વામી જ્યાં ભગવાનને સર્વજ્ઞ માને છે ત્યાં સર્વજ્ઞનો માર્ગ લેવો એ તેમની ફરજ થઈ પડે છે અને ફરજ જ્યાં ખ્યાલમાં આવે છે ત્યાં પુણ્યશાળી જીવો કોઈના કહેવાની પણ રાહ જોવા-થોભ્યા સિવાય એ ફરજ પોતે બજાવે છે.

ભગવાને કંઇ ગણધર મહારાજ ગૌતમસ્વામીને એમ નથી કહ્યું કે "હે ગૌતમ! તું મને સર્વજ્ઞ માને છે તો હવે હું જેમ કરૂં છું તેજ પ્રમાણે તું પણ કરવા મંડી જા અને વળી હું જેમ કહું તેમ પણ કરવાને માટે તૈયાર થા. પરંતુ એ કહેવાની જરૂરજ નથી પડતી. તમે તમારા પાડોશીને ઝવેરાતનો વેપાર કરીને લાખોની કમાણી કરતો દેખો તો પછી તમને એવું કહેવાની જરૂરજ નથી પડતી કે તમે પણ ઝવેરી થાઓ અને લાખો કમાવો. તમારો પાડોશી ઝવેરાતના વેપારમાં પડીને લાખો રૂપીયા કમાયો હોય અને તમારામાં ઝવેરાતનો વેપાર કરવાની શક્તિ હોય તો તમોને ઝવેરાતનો વેપાર કરો એવી સૂચના નથી આપવી પડતી. તમારી મેળેજ તમે એ ધંધો કરવા મંડી જાઓ છો. ભગવાન્ શ્રી ગણધર

---

પોતાનું કાર્ય જે ઉદય તેમાં દૈવ નિર્બલાદિની અપેક્ષા કરતું નથી-રાખતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહારાજની એક વાર ખાત્રી થઈ કે આ સઘળા ઉપવિત-ધારીઓ આજ સુધી જે વાતો કરતા હતા તે સર્વથા ખોટીજ હતી અને સાચી વાત તો ભગવાનનીજ છે. જ્યા તેમના સર્વજ્ઞપણાની ખાતરી થાય છે, જ્યાં તેમનો ત્યાગમાર્ગ સાચો છે એની ખાતરી થાય છે અને એ માર્ગને ગ્રહણ કરવાની જ્યાં પોતાનામાં સંપૂર્ણ શક્તિ પણ છે તો પછી તેઓ શા માટે પાછી પાની કરે ?

ભગવાન્ ગૌતમસ્વામી પોતે પણ સર્વજ્ઞપણાના રસિયા હતા અરે સર્વજ્ઞપણાનો આભાસ પણ તેમને પ્રિય હતો અને જ્યાં સુધી તેઓ પ્રતિબોધ પામ્યા ન હતા ત્યાં સુધી "હુંજ સર્વજ્ઞ છું, હુંજ સર્વજ્ઞ છું" એમ કહીને આનંદ પામતા હતા. હવે જ્યારે તેમને સાચું સર્વજ્ઞપણું માલમ પડે છે અને એ સર્વજ્ઞપણું અમુક રસ્તે મેળવાય છે એવી પણ જ્યાં તેઓશ્રીને ખબર પડે છે ત્યાં એ સર્વજ્ઞપણાના પરમ રસિયા શા માટે વિલંબ કરે ? જુઠો હીરો–કાચનો હીરો જોઈને જે રાજી થાય તેવાને સાચો હીરો મળે તો તેનો હરખ કેટલો વધે છે તે વિચારજો. ગણધર ભગવાન્ શ્રીગૌતમસ્વામી મહારાજા ખોટા સર્વજ્ઞપણાના પણ રસિક હતા ખોટા સર્વજ્ઞપણા ઉપર પણ તેમને અપાર પ્યાર હતો. હવે જ્યારે ખરૂં સર્વજ્ઞપણું શું છે તેમની તેઓને માહિતી થઈ, વળી એ પરમ પ્રતાપી સર્વજ્ઞપણું શી રીતે મેળવાય છે એ વાત પણ તેઓ જાણી ચૂકયા તો હવે સર્વજ્ઞપણાના રસિયા એવા ગણધર ભગવાન્ એ માર્ગ ગ્રહણ કરવામાં શા માટે વિલંબ કરે ?

---

મારનારૂં એવું દૈવ–નસીબ શક્તિશાળી કે નિર્બળ મનુષ્યનો કંઈ વિચાર કરતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવાન્ શ્રીગૌતમસ્વામીને સર્વજ્ઞની પ્રતિજ્ઞા હતી તે છતાં સર્વજ્ઞપણાની ખાતરી થતાંજ તેમણે ત્યાગમાર્ગ શા માટે ગ્રહણ કર્યો હતો તે હવે સમજી શકશો. ભગવાન્ શ્રીમહાવીરદેવમાં સર્વજ્ઞપણું હોવા છતાં તેમણે ગણધર મહારાજ ગૌતમસ્વામીને વેદદ્વારાએ સમજાવવા પડ્યા હતા તેનું કારણ પણ તેમનું તર્કાનુસારિપણુંજ હતું. ગણધર મહારાજ હજી તર્કાનુસારિપણામાંજ હતા એ જૈનસિદ્ધાત પ્રમાણે બોલનારા વર્તનારા ન હતા. તે તેમના પરંપરાગત સિદ્ધાંત માનવામાં બંધાએલા હતા. એટલું તેમનું સમાધાન તેમને તર્કને અનુસારજ આપવાનું હતું. જે શ્રદ્ધાનુસારી હોય જે શાસ્ત્રમાં શ્રદ્ધા રાખનારા હોય તેમને સમજાવવા હોય તો શાસ્ત્રને અનુસરીનેજ બોલવાનું હોય પરંતુ જે તર્કશાસ્ત્રી હોય તેને તો તર્કદ્વારાજ સમજાવવા ઘટે.

હવે મૂળ વસ્તુ પર આવીએ. ઉપરની ગાથા સિદ્ધાંતકારે કહી અથવા પ્રતિપાદી નથી. શાસ્ત્રકારની એ પોતાની ગાથા નથી, પરંતુ એ ગાથા પ્રશ્નકારની પોતાનીજ છે. પરંતુ અહીં ખૂબ યાદ રાખવાનું છે કે પ્રશ્નકાર જે સાબીત કરે છે તે પણ પ્રશ્નકાર શાસ્ત્રાનુસારી હોવાથી શાસ્ત્રોના વાકયો પ્રમાણેજ સાબીત કરે છે. હવે તમે એવી શંકા ઉઠાવશો કે જો શંકાકાર પણ શાસ્ત્રાનુસારીજ છે, શ્રદ્ધાનુસારીજ છે તો પછી અહીં પ્રશ્નોત્તરની વ્યવસ્થા કેવી રીતે રહે છે? યાદ રાખો કે માણસો કેટલીક વાર આકસ્મિક બનાવને પણ ઉઠાવીને કાર્યકારણભાવમાં ગોઠવી દે છે. સમજો કે એક ડાહ્યો માણસ

---

લાંબા કાળ સુધીનો રોગી, અસહિષ્ણુ, વૃદ્ધ અને યોગનું બળ ક્ષીણ થયું હોય તો પણ કર્મથી થવાવાળા ભાવોને વિચારતો પ્રાણી સમતાનો આશ્રય કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘરની બહાર ગયો. રસ્તામાં તેને એક ઈંટની ઠેસ વાગી. આથી બીજા કોઈને પુનઃ ઠેસ ન વાગે એમ ધારીને તે ડાહ્યા માણસે લાત મારી તે ઈંટને ખસેડી દીધી, પરંતુ ઈંટ જેવી ખસી ગઈ તેવી અંદરથી-નીચેથી એક મહોર જડી આવી. ડાહ્યામાણસે આ રીતે મહોર મળેલી જોઈને ગાંડા ભાઈએ તો સિદ્ધાંતજ બાંધી દીધો કે–

"ઈંટને લાત મારો એટલે મહોર મળશે."

ગાંડાભાઇએ એમ કહ્યું કે ઈંટને લાત મારવી એટલે ઈંટ ખસી જાય અને નીચેથી મહોર મળે, આ વાત તમે જોશો તો કાંઈ ખોટી નથી. પેલા ડાહ્યાભાઈએ ઈંટને લાતજ મારેલી કે બીજું કાંઇ ? તેણે લાત મારેલી અને તે ઉપરથી તેને મહોર પણ મળેલી પરંતુ એ ઉપરથી હંમેશને માટે કાઈ એવો નિયમ ઠરતો નથી કે લાત મારીને ઈંટ ખસેડો એટલે ઈંટને તળીએથીજ મહોર નીકળશે. પ્રશ્નકાર વસ્તુ એવી પકડે છે કે તે વસ્તુ કદાચિત્ બને એવી છે પરંતુ કદાચિત્ બને એવી વસ્તુને આગળ કરીને તે શંકા ઉઠાવે છે. એક વૈદ્યરાજ હતા. બડા વિચક્ષણ, અનુભવી પણ તેટલાજ, ઉપચારો કરવામાં પણ તેવાજ કુશળ. એક વાર એવું બન્યું કે માણસને ઝેર ચઢયું હતું. આ ઝેરના મારણ તરીકે તેમણે પેલા માણસને એક છોકરાનું મૂત્ર પાઈ દીધું. એક મૂર્ખાએ એ જોયું એટલે તેણે નિયમ ઠરાવી દીધો કેઃ "છોકરાનું જે મૂત્ર પીએ છે તે માણસ છે." આ રીતે જો તમો નિયમો બાંધવા તૈયાર થતા હો તો એમાં અમારે વાંધો છે.

---

પોતાના અને બીજાના સેંકડો પ્રયત્નો હોવા છતાં પણ ફળ તો કર્મના ઉદય પ્રમાણે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અકસ્માતથી અથવા કાકતાલીય ન્યાયે જે કાંઈ બની જાય છે તે બનાવનેજ જે સિદ્ધાંતરૂપે રજુ કરે છે તે ગંભીર ભૂલ કરે છે એમ કહેવુંજ જોઈએ. આકસ્મિક પ્રસંગે બનેલા બનાવને કાર્યકારણમાં જોડવો અને તે ઉપર સિદ્ધાંતની ભૂમિકા ઉભી કરવી એ સ્પષ્ટપણે દોષ છે અને પુર્વપક્ષકાર એ રીતે પોતની વાત રજુ કરે એ તેની ભૂલ છે, મનુષ્યે બાળકનો પેશાબ પીધો તે વાત જુઠી નથી એ સત્ય છે પરંતુ તે ઉપરથી એવો સિદ્ધાંત ઘટાવવો કે મૂત્ર પીએ તે મનુષ્ય છે એ ખોટું છે. મૂત્ર પીએ તે માણસ છે એમ કહેનારો લક્ષણને વ્યાપ્તિમાં બેસી ઘાલે છે અને તેથીજ તે ખત્તા ખાય છે, તેજ પ્રમાણે અહિં પણ પૂર્વપક્ષકાર 'सिज्झंति चरणरहिया એટલે કે ચારિત્ર વિના પણ આત્મા મોક્ષે જાય છે, એવું પ્રતિપાદન કરે છે તે ખોટું છે. મૂત્ર પીએ તેજ મનુષ્ય નથી પરંતુ રોગ થયો હોય વિષ ચઢયું હોય તો તેના પ્રતિકાર તરીકે કોઈકે ભલે મૂત્ર પીધું હોય, તેજ પ્રમાણે કોઈક આત્મા ભલે બાહ્યચારિત્ર વિના મોક્ષે ગયો હોય પરંતુ તેથી કાંઈ ચારિત્ર વિના મોક્ષ મળે છે એવો સિદ્ધાંત થઈ શકતો નથી.

ચારિત્ર વગર પણ મોક્ષે ગયાના ઉદાહરણો છે, પરંતુ તે કોઈકજ. એટલે બાહ્યચારિત્ર વગર મોક્ષે જવું એ સિદ્ધાંત ન થયો પરંતુ "ચારિત્ર વગર મોક્ષ નથી" એ સત્ય સિદ્ધાંતનો તે અપવાદજ થયો. ધારો કે તમારે સ્ટેશને જવું છે. સ્ટેશને જવા માટે તમે ઘેરથી તમારી ઘડીઆળનો ટાઈમ જોઈને નીકળ્યા પરંતુ તમારી ઘડીયાળ ખોટી હતી તેથી તમે મોડા થયા. તમને ખબર પડી કે તમે મોડા થયા છો એટલે તમે દોડયા અને સ્ટેશને પહોચ્યા. આથી તમે

---

અવશ્ય થવાવાળા ભાવો ઈન્દ્રોથી પણ રોકી શકાતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવું નથી કહી શકતા કે અમારા ગામમાં તો દોડતાજ સ્ટેશને જવાનો રિવાજ છે. તમે મોડા થયા માટે તમે દોડયા, પરંતુ સાધારણ વ્યવહાર તો એજ છે કે ગૃહસ્થો તમારા ગામમાં પણ ચાલતાજ સ્ટેશને પહોંચે છે. ગૃહસ્થોએ સભ્યતાથી ચાલતા યા વાહનમાં સ્ટેશને જવું એ તમારા ગામનો–અરે, આખા જગતનો રિવાજ છે પરંતુ તમારે માટે ખાસ પ્રસંગ હતો તેથી તમે દોડયા એટલે દોડતા સ્ટેશને જવું એ રિવાજનો અપવાદજ થયો.

એજ પ્રમાણે જ્યાં ચારિત્ર છે ત્યાંજ મોક્ષ છે અને જ્યાં ચારિત્ર નથી ત્યાં મોક્ષ પણ નથી એજ સિદ્ધાંત તો થયો પરંતુ કોઈ સંયોગોમાં કોઈ બાહ્યચારિત્ર વિના પણ સ્વર્ગે ગયા છે એ ધોરી માર્ગનો અપવાદજ થયો. હવે ચારિત્ર વિના કોણ સ્વર્ગે ગયું છે તે વિચારજો. જે ભવ્યાત્માઓને આકસ્મિક સંયોગે ત્યાગની ભાવના થઈ પરંતુ સંયોગો એવા આવીને ઉભા રહ્યા કે તેનાથી ત્યાગ ન લઈ શકાયો. એવાઓનું આયુષ્યજ પુરૂં થયું પરંતુ ચારિત્રની તીવ્રભાવના થઈ, તેને અંગે તેઓ મોક્ષવાસી બન્યા. આથી તમે એવો સિદ્ધાંત તો નજ કરી શકો કે ચારિત્ર વિના પણ મોક્ષપ્રાપ્તિ શક્ય છે. ચારિત્ર વિના મોક્ષ મળ્યો હતો એ વાત સાચી, પરંતુ મોક્ષને માટે ચારિત્રનું કામજ નથી એ તો સોળેસોળ આના જુઠી વાત છે. તમોને એકવાર ઠેસ વાગી, ઠેસ વાગવાથી ઈંટ ખસી ગઈ અને ઈંટ ખસી જવાથી તમોને મહોર મળી, માટે તમે એમ ન કહી

---

હે નાથ! લાંબા કાળથી હું તમને એકને જ આશ્રીને રહેલો છું અને મેં આપનો જ માર્ગ આદરેલો છે, પરંતુ હમણાં કર્મથી પીડાતા એવા મારે વિષે તું કેમ નિષ્ક્રિય રહ્યો છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વડાચૌટા કબુતરખાના
લોઢા ઉપાશ્રયનો જ્ઞાનભંડાર


શકો કે મહોર જોઇએ તો ઇંટ ખસેડ્યુ રહાત મારો ને મહોર મેળવો.

એક વાર તમોને ઇંટ ખસેડતાં મહોર મળી ગઈ તે ઉપરથી તમે એવો નિયમ ન બાંધી લ્યો કે જ્યારે મહોર જોઇએ ત્યારે તે આ રીતે મેળવી શકાય છે, તેજ રીતે કોઈ ભવ્યાત્મા ચારિત્ર વિના મોક્ષે ગયો હોય તો તે વાત સાચી છે, પરંતુ તેથી એવો નિયમ તો નજ ઠરાવી શકાય કે ચારિત્ર વિના મોક્ષ છે, હવે શંકાકાર કહે છે; दंसण भट्ठो.... જે જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો છે, ખસેલો છે તે જીવ મોક્ષના માર્ગથી જ ખસેલો છે. હવે વિચાર કરો કે સમ્યક્ત્વથી ખસેલો જીવ તે સમ્યક્ત્વભ્રષ્ટ કહી શકાય, પરંતુ તે મોક્ષથી પણ ખસેલો છે એ વાત તમે કયાંથી લીધી? સમ્યક્ત્વથી ભ્રષ્ટ થએલાનો મોક્ષ થતો નથી એમ કહ્યું છે એટલે એનો અર્થ એ છે કે જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થએલો છે તે આત્મા મોક્ષથી પણ ભ્રષ્ટ થએલો છે. આ વસ્તુ તમે મૂળ બાબતમાં ઉતારી જોશો તો તમોને માલમ પડશે કે જે આત્માએ જીવનું સ્વરૂપ જાણ્યું નથી, તેવો આત્મા કદાપિ પણ જીવનો સાધક અર્થાત્ જીવના સ્વયંગુણોનો સાધક પણ બની શકતોજ નથી.

જેણે જીવનું સ્વરૂપ જાણ્યું નથી તે આત્મા કદાપિ પણ સાધક બની શકવાનોજ નથી, અને એ આત્મા જો કદાચ સાધક બની જાય તો તે સાધ્યની સિદ્ધિ પણ કરી શકે નહિ. આત્મા કેવળજ્ઞાન-દર્શન-ચારિત્રવાળો છે એવી

---

હે જગત્પતિ! જગતમાં જો આત્માને પીડા કરનાર અને જ્ઞાન આદિ ગુણોને ઘાત કરનાર જ્ઞાનાવરણીય વગેરે કર્મો ન હોત તો તમારી વાણી કંઈ કરનાર થાત નહિ. અર્થાત્ જ્ઞાનાવરણીય વગેરે કર્મો છે તેથી જ તમારી વાણી સાર્થક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ એક વાર જાણુ થએલી હોવી જોઇએ. જો તમોને એવી જાણુ થએલી હોય તોજ તમો તત્પશ્ચાત્ એ ગુણોને મેળવવાનો પણ યત્ન કરી શકોને ? જેણે આત્માના એ ગુણોજ ન જાણ્યા હોય તેવો માણસ એ ગુણોને મેળવવાને માટે પ્રયત્ન પણ કેવી રીતે કરી શકે ? તેજ પ્રમાણે આત્મા એ સંપૂર્ણ જ્ઞાન અને દર્શનમય છે, એવો જો વિચાર પણ દૃઢ ન થએલો હોય તો તેવો આત્મા આત્માના એ ગુણો પ્રકટ કરવાનો વિચાર પણ ક્યાંથીજ લાવી શકે ? આત્મા આવા ભવ્ય ગુણોવાળો છે અને તેને કર્મરૂપી મેલ લાગેલો છે એ વાતની સૌથી પહેલી તો તમારી ખાતરી થવી જોઈએ. જો તમોને એ વાતની ખાતરી ન થાય, જો તમે કર્મરૂપી મેલ આત્મા ઉપર ચઢેલો છે એ વાતજ ન જાણો તો પછી તમે એ મેલને ટાળવાનો પ્રયત્ન પણ કેવી રીતે કરી શકવાના હતા ?

આત્માના ગુણો એ નિધાન છે અને એ ગુણો ઉપર એ નિધાન ઉપર કચરો પડ્યો છે, એ વાત તમોને માલમ પડવીજ જોઈએ. જો એ વાત તમોને માલમ પડે તોજ તમો એ કચરો ખસેડવાનો અને નિધાન શોધવાનો પ્રયત્ન કરોને ? જો એ વાતજ તમોને માલમ ન હોય તો તમે એવો પ્રયત્ન પણ કેવી રીતે કરી શકવાના હતા ? કચરો છે તો કચરો ખસેડો એ વસ્તુ સહજ છે, પરંતુ કચરો ખસેડ-વાને માટે તો તેજ તૈયાર થાય છે કે જેને કચરો છે એ

---

હે પ્રભુ ! જગતમાં આ જન્મ જરા ને મૃત્યુ રૂપ ત્રણે જાગૃત જો ન હોત તો જગતમાં તારા શાસનનો પ્રભાવ મહાન્ થાત નહિ. અર્થાત્ આથી જ તારા શાસનનો પ્રભાવ મહાન્ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાતની માહિતી થાય છે અને કચરા નીચે રત્ન છુપાએલું છે એ વાત જાણવામાં આવે છે. તમારા બારણામાં તમારી વીંટી પડી હોય અને તેની ઉપર ધૂળના થરના થર ચઢી ગયાં હોય, તો પણ તમે એ ઢગલાં ઉલેચવા મંડી જતા નથી. પરંતુ તમોને માલમ પડે કે એ ઢગલામાંજ વીંટી છે તો પછી તમે વગર કંહે પણ વીંટી શોધવા મંડીજ જવાના. એજ રીતે તમે આત્માના ગુણો ત્યારેજ ધારણ કરી શકો અથવા ધારણ કર્યા હોય તેને સ્થિર કરી શકો કે જ્યારે તમારી એવી ખાત્રી થાય કે આત્મા જ્ઞાનાદિ ગુણવાળો છે અને કર્મમલ અથવા કર્મરૂપી કચરો તેના ઉપર ચઢી ગએલો છે.

## તામલિતાપસની ઘોર તપશ્ચર્યા

જો તમે આત્માનું સર્વજ્ઞપણું, તેનું સર્વદર્શિપણું, તેની જ્ઞાનસ્વરૂપતા વગેરેનો નિશ્ચયજ ન કર્યો હોય, તો તમારી કેવળજ્ઞાનને લાયકની કરેલી મહેનત પણ નકામીજ જવાની. તમે કહેશો કે શું કેવળજ્ઞાનને લાયકની તપસ્યા કરી તેટલો પ્રયત્ન સેવ્યો હોય તો પણ તે નષ્ટ થાય અથવા નકામો જાય ? જવાબ એકજ મળવાનો કે "હા!" તામિલતાપસના દૃષ્ટાંતનો અહીં વિચારો કરો તામલિ તાપસે જે તપસ્યા કરી હતી તે કાંઈ નાની સુની ન હતી, એ પ્રયત્ન-એ મહેનત તો એટલી ભવ્ય હતી કે એ તપસ્યા જો આઠ સમ્યગ્દૃષ્ટિ

---

હે નાથ ! તમે ભવ્ય પ્રાણીઓને ભવના પાંજરામાંથી — સંસારરૂપ કેદખાનામાંથી મુકાવનાર કેવી રીતે ? કારણ કે તમને કાયા, વચન કે મન નથી છતાં આશ્ચર્ય છે કે તમારા ગુણો ભવ્યપ્રાણીઓને સંસારથી મુકાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવોમાં વહેંચી દીધી હોય તો તે આઠે જીવો મોક્ષે જાય. આઠ જીવો જે તપસ્યાથી–જે પ્રયત્નથી મોક્ષે જાય એવું હતું તે તપસ્યા તામલિએ એકલાએ જ કરી હતી એ તપસ્યા તે કાંઈ નાની સુની ન હતી. તેની તપસ્યાજ એવી હતી કે હંમેશા છઠ્ઠનીજ તપસ્યાજ કરવી. આપણે વરસીતપની તપસ્યા કરીએ છીએ તેટલામાં કેટલા અકળાઈ ઉઠીએ છીએ. આટલું તપ પણ આજે આપણને આકરૂં પડે છે તો તામલિથી એ તપ કેવી રીતે થયું હશે તેનો ખ્યાલ કરજો.

વળી એ તપ વરસ દિવસનું કે મહિના બે મહિનાનું પણ ન હતું, પરંતુ સાઠ હજાર વરસ સુધી તેની એવીને એવી ઉગ્ર તપસ્યા ચાલુ રહી હતી. પર્યુષણા મહાપર્વ આવે છે ત્યારે આપણે ઉલ્લાસથી એ તપ આચરીએ છીએ પરંતુ તે તપની કઠિનતા જોઇને બીજાને તે તપ રોવડાવનારૂં થાય છે. તો હવે વિચાર કરો કે તાપસ તામલિએ સાઠ હજાર વર્ષ સુધીનું તપ કેવી રીતે કર્યું હશે? તપસ્યા કરેલો જીવ તપેલા લોખંડના ગોળા જેવો હોય છે. લોખંડનો ગોળો જે વખતે અગ્નિથી તપે છે ત્યારે તે જાણે પ્રત્યક્ષ કાળસ્વરૂપ બની જાય છે અને પાણીને માટે તલપી રહે છે. પાણીનું ટીપું મળે તો તેને ચૂસી લે છે. હવા મળે તો તેને ચૂસી લે છે. ઉપર કાંઈ જીવડું પડે તો તેને પણ સ્વાહા કરી જાય છે. એજ પ્રમાણે તપસ્વી જીવો તપસ્યા કરે છે પરંતુ પારણાને દિવસે એ

---

જેમ જગતમાં વિપત્તિઓ કે દુઃખો હોવાથી ઉપકાર કરનાર મનુષ્ય સજ્જન ગણાય છે. તેમ હે તીર્થંકર ભગવાન્! જન્મ જરાઆદિ દુઃખોથી વ્યાપ્ત એવું જગત્ છે તેથી તમે બચાવનાર છો માટે પૂજ્ય છો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપસ્વી જીવોની સ્થિતિ અગ્નિથી તપેલા લોખંડના ભયંકર ગોળાના જેવીજ હોય છે.

હવે તામલિતાપસનો વિચાર કરો. તામલિતાપસની તપસ્યા આટલી જબરદસ્ત અને ભવ્ય હતી પરંતુ તે છતાં તામલિ મોક્ષને પામી શક્યો નથી. આવી ઉગ્ર તપસ્યા છતાં મોક્ષ ન મળ્યો એનું કારણ વિચારજો. તામલિની તપસ્યા એવી ઉગ્ર હતી કે જો તે આઠ ભાગે વહેંચાઈ ગઈ હોત તો આઠે સમ્યગ્દષ્ટિ આત્માઓ મોક્ષ પામી ગયા હોત. પરંતુ એ તપસ્યા તામલિને એકલાને નામે જમા થયેલી હોવા છતાં તામલિ મોક્ષે જતો નથી પરંતુ માત્ર તે બીજે દેવલોકેજ જાય છે. તામલિ મહેનત કરે છે ત્યારે આઠગણું-દામ આપે છે આઠ ગણું, પણ કામ નથી થતું આઠમા ભાગ જેટલુંએ. તામિલનું તપ આઠ ભાગે વહેંચાયું હોત તો પણ દરેક જીવને મોક્ષ મળી ગયો હોત. તો એ રીતે ફક્ત તામલિને પોતાના કુલ તપનો આઠમો ભાગ મળ્યો હોત તોપણ તેનો બેડો પાર થઈ જાત. પરંતુ તે બિચારાએ આઠગણું દામ આપ્યું છતાં આઠમા ભાગનું પણ ફલ ન મળ્યું. શું કારણ?

આઠગણું દામ આપ્યું છતાં આઠમા ભાગનું પણ ફલ નથી મળતું તેનું કારણ વિચારશો તો તમોને જણાઈ આવશે કે તામલિની આ બધી તપસ્યા તે 'વર વિનાનો વરઘોડો.'

---

દાતારની દુષ્કાળમાં દાન દેવાથી ખરી કીર્તિ થાય છે અને સુકાળમાં તો તે દાતાર બીજા જેવો જ છે. અર્થાત્ દુષ્કાળને લઈને દાતારની કીર્તિ છે તેમ જગત્ અસાર છે એમ જોઈને બુદ્ધિમાન પુરૂષો તેથી બચવા તમારો આશરો લે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## "વર વિનાનો વરઘોડો"

એના જેવી જ હતી, તમે આખો કુવો ખોદી વળો પરંતુ પાણીની શેર ઉપર ધ્યાન ન આપો તો તમે પાણીની શેર ચૂકીજ જવાના અને તમારી મહેનત પણ બરબાદજ જવાની. માટે જો તમારે કુવો ખોદવામાં તમે જે શ્રમ લો છો એ શ્રમ સફળ કરવો હોય તો તેને માટે પાણીની શેર પર ધ્યાન રાખીને કુવો ખોદવો જોઈએ અને એવી રીતે ધ્યાન રાખીને કુવો ખોદો તોજ તમારી મહેનત સફળ થાય છે નહિ તો તમારી એ સઘળી મહેનત બરબાદજ જવાની. જેમ પાણીની શેર પર ધ્યાન રાખ્યા વિના જે હૈયાફૂટ્યો કુવો ખોદે છે તેની એ મહેનત બરબાદ જાય છે. તેજ પ્રમાણે જેને જીવના સ્વરૂપનો નિશ્ચય થયો નથી, જેને જીવના કેવળ આદિ ગુણોની ખાતરી થઇ નથી, તેવો આત્મા દેખા-દેખીથી જૈનધર્મની ક્રિયાઓ કરે તો તે સર્વથા નિષ્ફળજ જાય છે અર્થાત્ મોક્ષમાં તો પરિણમતી નથી જ.

જેને જીવના સ્વરૂપનો નિશ્ચય થયો નથી, જેને જીવના કેવળ આદિ ગુણોની ખાતરી થઈ નથી, તેવો જૈનધર્મની ક્રિયા કરનારો એ પાણીની શેર ચૂકીને કુવો ખોદનારો છે. એ માણસ તત્વથી કુવો ખોદનારો છે એવું કહી શકાતું નથી. શેરને ચૂકીને કુવો ખોદનારો હોય તે પાણી નથી મેળવી શકતો અને તેને પરિણામે પશ્ચાત્તાપ કરવાનોજ

---

જો સમર્થ પુરૂષ યાચના કરનારનું પીડાથી રક્ષણ ન કરે તો તે દયા વગરનો ગણાય તો હે નાથ ! યાચના કરતા એવા મારૂં જો રક્ષણ ન કરો તો તમે કેવા દયાનિધિ ? માટે હે નાથ ! પીડાતા એવા મારૂં રક્ષણ કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમય આવી પહોંચે છે અરે! પસ્તાવોજ તેને ભાગ્યે બાકી રહે છે એટલુંજ નહિ પરંતુ લોકો તેવાને મૂર્ખોજ કહે છે. અલબત્ત શેર ચૂકીને કુવો ખોદનારાની મહેનત વૃથા જતી જોઈને તેનો ભાઈબંધ તો તેની દયા ખાય છે અને તેને બિચારો કહીને તેનો પરિશ્રમ નકામો જવા માટે તેને દિલાસો આપે છે, પરંતુ પ્રજા તો એવાને જોઈને તેને મૂર્ખો કહીને હસેજ છે, અને એવુંજ કહે છે કે મૂર્ખદાસ છે, ભાઈએ શેરનું ધ્યાન તો રાખ્યું નહિ અને નકામો કુવો ખોદવાની મહેનત કરી. એજ પ્રમાણે આત્માના ગુણો ન જાણીયે તે ગુણો આત્મામાં હોવાનો નિશ્ચય ન કરીયે અને તેવો નિશ્ચય કર્યા વિનાજ "હું મોક્ષ મેળવવા પ્રયત્ન કરૂં છું, આત્માનું કલ્યાણ કરૂં છું, ગુણસ્થાનકે ચઢું છું એવી ભાવના રાખીને કામ કર્યાજ જઈએ." તો આપણું તે સઘળું કામ પણ પાણીની શેર પર ધ્યાન રાખ્યા વિનાજ કુવો ખોદવા જેવું છે.

આંજનવાળો (ભૂગર્ભ પરીક્ષક) એમ કહે કે આ સ્થળની નીચે પચાસ હાથને છેટે ભરપટ્ટે પાણી છે એમ ધારીને આપણે ત્યાં ખોદીએ પચાસ હાથને બદલે બાવન હાથ ખોદીએ અને બાવનમેં હાથે પણ પાણી ન નીકળે તો આપણે કહીએ છીએ કે આપણી મહેનત બરબાદ ગઈ, નકામી માથાફોડ કરી. તેજ પ્રમાણે મોક્ષને માટે ઉદ્યમ કરીયે છતાં જિંદગીને છેડે આત્મા આત્મપરિણતિવાળો થયો ન હોય તો એ મહેનત નકામી ગયેલીજ

---

હે નાથ! મારા આ અપરાધોને તમે ક્ષમો–માફી આપો કે જ્યાંસુધી પાપનો નાશ ન થાય ત્યાં સુધી શત્રુપણાથી ઢંકાયેલા એવા પુણ્યને આગળ કરીને હું પ્રવૃત્તિ કરૂં છું, અર્થાત્ પુણ્ય કર્મ હોવાથી તે પણ આત્માનો શત્રુ તો છે જ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનવી. આત્મા આત્મપરિણતિવાળો થયો છે કે નહિ તે તો આપણે અત્યારે પણ જાણી શકીયે છીયે. છેલ્લી અવસ્થા ચાલતી હોય, શ્વાસ ઘુંટાતો હોય, આંચકીઓ આવતી હોય, તોપણ તે વખતે મનમાં એમ નથી થતું કે હવે આ કેદ ક્યારે પુરી થાય છે? તે વખતે પણ મોઢામાંથી એવાજ શબ્દો નીકળે છે કે "દવા લાવો. દવા લાવો." મરણની સવડ કરવાનો વિચાર સરખો કરતો નથી, પરંતુ દવા લાવો એ વાત થાય છે અને તેની સગવડ થાય છે. આ સઘળી વસ્તુ બતાવી આપે છે કે આપણા મોક્ષના યત્નો એ શેર થૂકાઇને કુંચા ખોદવા જેવા હતા.

દવા લાવો, દવા લાવોના પોકાર કરનારો જાણતો નથી કે કર્મદ્વારાએ અસંખ્ય જન્મ અને અસંખ્ય મરણ નિર્માએલાં હતાં અને તેથી લાખો પ્રયત્ન કરો તોપણ તમે ભાવી મરણને ટાળી શકવાના નથી. દેહધારી મનુષ્યો પ્રયત્નો કરે અને શુભોદય હોય તો ભાવી જન્મ ટાળી શકે છે, પરંતુ તે ભાવી મરણ તો ટાળી શકવાનોજ નથી. દેહ ધારણ કર્યો છે તો તેને માથે મોતની નોબત તો ગાજવાનીજ છે પરંતુ કર્મને ચક્કરે ચઢેલો આ માનવ પ્રાણી એ વાત ભૂલી જાય છે. ખરી રીતે જુઓ તો કેદીની કેદની મુદત પૂરી થાય ત્યારે તેને આનંદ થાય કે શોક થાય? જેલની મુદત પૂરી થાય ત્યારે જેલને જેલ માનનારો તો ખુશી થાય, લુહાર બેડી તોડવા આવે તો તેને ફૂલે વધાવી લે, પરંતુ લુહાર બેડી

---

સમ્યકત્વરૂપી રથમાં ચઢેલો, સંયમરૂપી બખ્તરથી ઢંકાયેલો એવો હું હે નાથ! તમારા પ્રભાવથી ભાવનારૂપી શસ્ત્રો વડે મહામોહરૂપી શત્રુને જીતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તોડવા આવે તેને ફૂલે વધાવી ન લેતાં, "ચાલ હરામખોર કયા તારા બાપની બેડી તોડવા આવે છે?" એમ કહીને તેને મારવા દોડે એવા કેદીને શું કહેવું? એનો એકજ અર્થ છે કે એ કેદીને જેલ એ જેલ લાગતી નથી તેને જેલ એ મ્હેલ લાગે છે.

જ્યારે અંત આવે છે. મોત સામે આંખો કાઢીને ઉભું રહે છે, ત્યારે પણ એવો વિચાર નથી આવતો કે હાશ એક જેલ પૂરી થઈ અને હવે છુટ્યા. આનો અર્થ એટલોજ છે કે આપણે ભવને કેદ નથીજ માની પરંતુ ભવને ગમ્મત કરવાનું સ્થળ માન્યું છે, અને તેથીજ ડચકાં આવતી વખતે પણ દુનિયાને દવા યાદ આવે છે. ભવ જો કેદ છે અને તે પૂરી થાય છે એ ખુશીની વાત છે એવી શું કલ્પના પણ રૂંવાડામાં આવે છે ખરી? કદી નહિ તમારૂં કાળજું એમ કહે છે ખરૂં કે મેં ભયંકર જેલ મેળવવાના ગુન્હા પર ગુન્હા કરીને તૈયાર રાખ્યા છે? નહિ. જેને કેદમાંથી નીકળીને સ્વતંત્ર થવાનું હોય, તેને કેદમાંથી છુટવામાં અફસોસ થાય છે ખરો કે? ડી. વેલેરા જેવા વિપ્લવવાદીને કારાવાસમાંથી મુક્ત થઇને પ્રમુખની ખુરસી મળવાની હોય તો તે આનંદ પામે કે છાતી કુટવા બેસે? પણ આજે તો તમે જુવો છો કે ભવરૂપી જેલ પૂરી થાય છે, ત્યારે આજના જીવો તો આનંદ પામવાને બદલે "હાયરે હાય" કહીને છાજીયા લેવા મંડે છે અને રોકકળ કરવા લાગી જાય છે.

---

હે નાથ! તમે ગમન આદિ ક્રિયા વગરના છો, રજો આદિ ગુણોથી રહિત છો અને સંસારસમુદ્રમાંથી દૂર ગયેલા છો, પણ ભવ્યોને તમારા ગુણોના સમૂહનું જે આલંબન છે તે તમારો પ્રભાવ ચમત્કાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે ધર્મી છે તે એક અંશે પણ દુર્ગતિની સંભાવનાવાળો હોઈ શકતો નથી. આ વાત તમે જ્યારે વિચારશો ત્યારે તમારી ખાતરી થશે કે આપણે કુવો ખોદવાને માટે સજ્જડ મહેનત કરીએ છીએ, પણ આપણે શેરને ભૂલેલા છીએ અને તેથીજ આપણી હાલની મહેનત ઉગતીજ નથી. પરંતુ આપણીજ મહેનત આપણુંજ કાળજું બાળે છે. આપણે પચાસ હાથને બદલે બાવન હાથ ખોદ્યું તોપણ આપણને પાણી ન મળ્યું, કારણ કે આપણે શેરને ભૂલી ગએલા છીએ આપણને શાસ્ત્રોની સાચી શ્રદ્ધા હજી થવા પામીજ નથી. મોઢે બધા કહે છે કે ભાઇ! મારા અંતરમાં તો પુરેપુરી શ્રદ્ધા છે. દરેક જણ પોતે પણ એમ માને છે કે અહા! મારા હૈયામાં તો અવશ્ય દૃઢ શ્રદ્ધા છે. હું તો જરાય શ્રદ્ધામાં કાચો નથી. બધાનાજ મગજમાં સવાશેર ડહાપણ ભરાઈ ગએલું છે, પરંતુ આત્માને અંગે વિચારશો તો તમોને માલમ પડશે કે તમે શેર ચૂકી જઇને કુવો ખોદનારા છો, અને તેથીજ આપણી ગમે તેટલી મહેનત થાય છે યા આપણે ગમે તેટલો પરિશ્રમ લઈએ છીએ તો પણ તેથી ધારેલો આશય પાર પડતો નથી.

જેઓ આત્માનું સ્વરૂપ સમજ્યા નથી, પુદ્ગલ એ આત્માની ચીજ નથી, પરંતુ પારકી ચીજ છે એ વાત જેમના મગજમાં આવી નથી અથવા આવી હોય તો પણ જેઓ એ સમજેલુંય ભૂલી ગયા છે તેઓ પરીક્ષા વખતે રડી

---

હે નાથ! જ્યાં ઉપદ્રવ છે તેવી ભૂમિમાં જઈને વનમાં રહેવાવાળા એવા તિર્યંચોને પણ આપે ઉદ્ધર્યા છતાં તમારા ચરણકમળને વિષે એકાગ્ર મનવાળા એવા મને ખેદની વાત છે કે કેમ ઉદ્ધરતા નથી? અર્થાત હે નાથ! મારો ઉદ્ધાર કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉઠવાના છે. તમે મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે આર્ટના બેચેલર (B. A.) થવા જેટલું શીખી લો અથવા તો તમે આર્ટના માસ્ટર (M. A.) થવા જેટલું શીખી લો અને પછી મેટ્રિકના માંડવામાં પરીક્ષા આપવા જાઓ, પરંતુ તેથી તમે એ જ્ઞાન પરીક્ષા વખતે સ્મૃતિમાં ન લાવી શકો તો તમે પાસ નથીજ થવાના. તમે (B. A.) સુધીનો અભ્યાસ કર્યો છે કિંવા તમે (M. A.) સુધીનો અભ્યાસ કર્યો છે તેથી તમોને પાસ કરવાજ જોઇએ એમ ધારીને તમારો પરીક્ષક તમોને પાસ કરવાનો નથી. તમે શીખેલું પરીક્ષાને વખતે યાદ કરીને તેને સુઘટિત રીતે ગોઠવીને તે જવાબ રૂપે કહી શકો તોજ તમે પાસ થઈ શકો, નહિ તો નહિ. તમારૂં જ્ઞાન એક વખતે આટલું હતું તે વાત કામ નથી આવતી. પરીક્ષક તો તમે એ જ્ઞાન જાળવી રાખ્યું છે કે નહિ તેજ જુએ છે.

## હોકાયંત્ર

પરીક્ષાના ઉમેદવાર પ્રમાણેજ તમારે પણ આત્મતત્વને જાણીને તે હંમેશાં સ્મૃતિપટલ ઉપર કાયમ રાખવાનું છે. જડ અને ચેતનના વિભાગ વખતે તમે આત્મસ્વરૂપને ન ઓળખો અને જડમાં લીન થાઓ તો તમારી જિંદગી ધૂળ થએલીજ સમજવી. સૌથી પહેલા તમે જીવના સ્વરૂપનો નિશ્ચય કરો. ચાહે જેટલા ચકાવા આવે તો પણ જરાય ફેર ન પડે એ સ્થિતિ મેળવો. દરિયામાં જ્યારે પ્રવાસીઓ પ્રવાસ

---

જે મહાન પુરૂષો છે તે મોટા દાનોને દેવાવાળા હોય છે, જ્યારે હે પ્રભુ! તમે મોટા છો તેથી તમારી પાસે મારે બીજું કંઈ માગવાની ઇચ્છા નથી માટે હે શ્રેષ્ઠ કૃપાનિધિ! તેમ કરો કે-હું મહામોહને જીતવા માટે સમર્થ થાઉં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે છે ત્યારે તેઓ ઉત્તર ્રુવની નિશાની રાખીનેજ પ્રવાસ કરે છે. સમુદ્રમાં કાંઈ ઝાડની નિશાની નથી હોતી અહીં મદદ મળે તો તે હોકાયંત્રનીજ મળે છે હોકાયંત્રની સોય નાની સરખી હોય છે પરંતુ તે બધી ગરજ સારે છે. વહાણને આડું જતું અટકાવે છે અને તે સીધા રસ્તા ઉપર રાખે છે. એજ પ્રમાણે આત્મસ્વરૂપરૂપી સોય આત્માને સીધે માર્ગે દોરે છે અને તે આત્માને આડે માર્ગે જતો રોકે છે. વહાણમાં રહેલું હોકાયંત્ર નાનું છે છતાં તેની સોય વહાણને તારે છે, તેમ આત્મતત્વની સોય પણ આત્માને તારે છે.

હોકાયંત્રની સોય વહાણને તારે છે પરંતુ એ સોય જો 'સાચી' અને 'સાજી' ન હોય તો એજ સોય વહાણને ગરદન મારે છે. ગમે તે રસ્તો સાચા તરીકે બતાવીને એ સોય વહાણને આડે રસ્તે ચઢાવી દે છે અને પરિણામે વહાણનું સત્યાનાશ નીકળી જાય છે. જેમ ત્યાં હોકાયંત્ર તેમ અહીં આ મહા ભયંકર ભવસાગરમાં જોશો તો માલમ પડશે કે : જૈનશાસન એ હોકાયંત્ર છે. અને શાસ્ત્રો તે એ જૈનશાસનરૂપી હોકાયંત્રની સોય છે. શાસ્ત્રરૂપી સોય આત્માને ઓળખાવનારી છે. તે જો ભૂલ્યા તો ગમે એટલી પ્રવૃત્તિઓ કરો, તપસ્યાઓ કરો કે ક્રિયાઓ કરો, પરંતુ તે કાંઈ પણ કામ દેતીજ નથી, માટે આ શાસ્ત્રો એ સોય સમાન હોઈ તે આત્માના આત્મતત્વને ઓળખાવે છે ત્યાં આપણી દૃઢ શ્રદ્ધા હોવી જ જોઈએ. આત્માના અને પુદ્ગલના સ્વરૂપનો નિશ્ચય

---

હે પ્રભુ! આપ સિવાય બીજો કોઈ મારૂં દુઃખ જાણતો નથી, પરંતુ તમે તો જાણતા છતાં પણ ઉપેક્ષા કરો છો. તેથી કયાં જઈને બૂમો પાડું? માટે જો મારું દુઃખ રહેશે તો હે નાથ! હે જગત્ પ્રભુ! એ તમારીજ હાનિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વાત તો અહીં હોવીજ જોઈએ. જો એનો દઢ નિશ્ચય હોય તોજ તે આધારે થતી ક્રિયાઓ ફળ આપનારી નીવડે છે. ઉત્તર ધ્રુવમાં વિષમપણાનો અવકાશ નથી, તેથીજ હોકાયંત્રની સોય ત્યાં કામ આપી શકે છે, તેજ પ્રમાણે આત્મામાં પણ વિષમપણું ન હોય તોજ ત્યાં શાસ્ત્રરૂપી સોય ભરદરીયે કામ આપી શકે છે. હવે આ આત્મા વિષમપણાથી રહિત કયારે અને કેવી રીતે બને છે તે વિચારવાનું છે. જે આત્માને આત્મા અનાદિનો છે, ભવ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ ગળથુથી પાવામાં આવી હોય તેજ આત્મા વિષમપણાથી રહિત બને છે અને એવો વિષમપણાથી રહિત બનેલો આત્મા ભવસાગરમાં હોકાયંત્રરૂપી જૈનશાસનનો આશ્રય લે છે. તે આત્મા હોકાયંત્રની સોયરૂપી જૈનશાસનના શાસ્ત્રોના મંતવ્યને આત્મામાં પચાવી શકે છે અને છેવટે મહાદુષ્કર એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. જે આત્મા આ ત્રણ વસ્તુનો નિશ્ચય કરી શકે છે તેજ આત્મા આત્માનું જે સાધ્ય છે તેને મનમાં દઢ કરી શકે છે. એ સાધ્યને દઢ કરીને તેને પ્રબળતાથી પકડી રાખી શકે છે અને છેવટે શાસ્ત્રરત રહી શાસ્ત્રાશ્રયદ્વારા ઇષ્ટસિદ્ધિને પણ પ્રાપ્ત કરીને પોતાનો આ માનવભવ સફળ કરી જાય છે.

તપસ્વી જીવો તપ કરે છે પરંતુ પારણાને દિવસે તપેલા અગ્નિના ગોળા જેવા હોય છે, ત્યારે તામલિની અવસ્થા અહીં જુદીજ હતી. તામલિ તો તપસ્યા કરતો પછી જ્યારે

---

હે નાથ ! રક્ષણવગરના આ જગતમાં તમારા કહેવાથી– તમારા વચનથી 'રક્ષણ કરનાર ધર્મ છે' એમ મેં માન્યું છે માટે મારા ઉપર દયા કરીને મને સંસારથી ઉદ્ધરવા વડે તે વાત સાચી કરો. અર્થાત્ ધર્મ રક્ષણ કરનાર છે તે વાત સાચી કરો.

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

પારણાનો દિવસ આવે ત્યારે તે દિવસે ભિક્ષાવૃત્તિ કરી લે. જંગલમાંજ રહે. જંગલમાં રહી ભિક્ષાવૃત્તિ કરે અને જે આવે તે સઘળાને એકઠું કરી નાખે હવે એ એકઠું કરેલું અન્ન પણ ખાઈ જવાની વાત ન હતી. એ અન્ન એકવીસ વખત પાણીએ ધોઈ નાંખે. એકવીસ વાર પાણી વડે જે અન્ન ધોવાઈ જાય તે અન્નમાં તે પાછળથી શું સત્ત્વ બાકી રહ્યું હોય? સત્ત્વ વિનાનું એકવીસવાર પાણીએ ધોવાએલું અન્ન તે પારણાને દહાડે ગ્રહણ કરે. આવા પારણાએ તામલિએ સાઠહજાર વરસ સુધી એ છઠ્ઠને પારણે છઠ્ઠનું ભવ્ય તપ કર્યું હતું. એ જગોએ વિરાધના વગરનું, રસ વગરનું અન્ન ભોજનમાં વાપરવું એવો નિયમ-પચ્ચક્ખાણ કર્યાં હતે તો જૈનશાસન તે તપસ્યામાં સમ્મત થતે.

તાપસ તામલિની છઠ્ઠની તપસ્યા કાંઈ પાંચ પંદર વર્ષ માટે ન હતી પરંતુ સાઠહજાર વર્ષને માટે હતી. વળી એ તપસ્યાનું પારણું એકવીસવાર ધોએલાં, ભિક્ષાથી મેળવેલાં અને ભેળાને એકત્ર કરેલા અન્નથી કરવાનું હતું. અર્થાત્ આ તપસ્યા કેટલી જબરદસ્ત હતી તેનો ખ્યાલ કરો. કલ્પનાથી જો એ તપસ્યા આઠ સમ્યકત્વધારી જીવોમાં વહેંચી દીધી હોત તો એ આઠે જીવો મોક્ષે જાત એવી એ તપસ્યા ગંભીર હતી, છતાં યાદ રાખજો કે એ તપસ્યા પણ અજ્ઞાનીઓની દૃષ્ટિએજ તપસ્યા હતી. કોઇ સ્થળે શાસ્ત્રમાં યા વ્યવહારમાં જ્ઞાન દર્શન-સમ્યકત્વ ચારિત્ર વગેરે વહેંચવાની કે વેચવાની

---

હે નાથ! તારૂં ચરિત્ર કોઈ વિચિત્ર પ્રકારનું છે, કેમકે આશ્રીને રહેલાની પણ ઉપેક્ષા કરો છો અને મન, વચન, ને કાયાએ કરીને વિરૂદ્ધતાને પામેલા એવાઓને પણ ક્ષણવારમાં ભવથી ઉદ્ધાર કરો છો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત આવી નથી. જ્ઞાન વહેંચી કે વેચી શકાતું નથી અથવા તેમાંથી પાશેર નવટાંક જ્ઞાન બીજાને આપી પણ શકાતું નથી, પરંતુ અહીં સમજવાનું એ છે કે તપનો આઠમો ભાગ તે પણ મોક્ષને લાયક ગણ્યો છે, એટલે જો કલ્પનાથી આઠ જણામાં આ તપસ્યા વહેંચી દેવાય તો તે પણ આઠે જણા મોક્ષે જાય, એવડી એ તપસ્યા વિશાળ અને જબરદસ્ત હતી.

## મોક્ષ મળવામાં માત્ર છઠ્ઠતપની ન્યૂનતા

આથી સમજવાની વાત તો એ છે કે તપસ્યા એ મોક્ષને અંગે કેટલી જરૂરી છે. શાતાવેદનીની પૂજામાં અનુત્તરની વાત ચાલે છે ત્યાં છઠ્ઠનો તપ બાકી હતો, એટલે મોક્ષે ન ગયો એમજ કહ્યું છે. ત્યાં આગળ પણ "આટલું જ્ઞાન બાકી છે, આટલું દર્શન બાકી છે, આટલો વિનય બાકી છે, છે, આટલી વૈયાવચ્ચ બાકી છે." એમ નથી કહ્યું. આથી કોઈએ એમ નથી સમજવાનું કે હું જ્ઞાનાદિકનું મૂલ્ય ઘટાડું છું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, વૈયાવચ્ચ એ વિના તો આગળ વધી શકાવાનુંજ નથી. અહીં તપસ્યા ઉપર ભાર મૂકવામાં આવે છે તેનું કારણ એ છે કે કેટલાક મૂર્ખાઓ તપસ્યાને નકામી અને દુઃખરૂપ માને છે અને મહા પાપના ઉદયથી તેને થવાવાળી ગણે છે, એટલાજ માટે તપનું મહત્વ બતાવવા અહીં તપસ્યાની આટલી મહત્તા જણાવવામાં આવે છે. છઠ્ઠની તપસ્યાની ખામીને લીધે ન્યૂનતા રહેવાથી અનુત્તર અને તે પછી મનુષ્યભવ એવા બે ભવો કરવા પડે છે. એવું

---

ઈન્દ્ર સહિત દેવતાઓના સમૂહથી પણ ભાવિભાવો અટકાવી શકાતા નથી, આથી જ ભસ્મગ્રહથી ઉત્પન્ન થયેલી શાસનની બાધાને રોકવા માટે હે નાથ! તમે પણ સમર્થ થયા નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રકારોએ કહ્યું છે. બે ભવો કરવા પડે છે. તેના કારણ તરીકે છઠ્ઠના તપના અભાવને જોડ્યો છે એ ઉપરથી મોક્ષને અર્થે જૈનશાસને (તપને) કેટલો મહત્વનો ગણ્યો છે તેની ખાતરી થાય છે.

મોક્ષને જૈનશાસને તપની અપૂર્વ આવશ્યક્તા કહી છે અને તે અહીં પુનરપિ સિદ્ધ કરવાને માટેજ અમારે આ બધું કહેવું પડે છે. કોઇ એમ કહેશે કે હજી મોક્ષે જવામાં આયુષ્ય ઓછું હતું તે કારણ કારણ હતું અને તેથીજ બીજા ભવો કરવાના કહ્યા હતા. પરંતુ જો એમ હોત તો શાસ્ત્રકારોએ એકલો ભવજ કહ્યો હોત પરંતુ તેમ નથી કહ્યું. સ્પષ્ટ રીતે એમ જણાવ્યું છે ક સાતલવ અને છઠતપ એટલું મોક્ષે જવામાં બાકી છે. એનો ચોકખો અર્થ એજ છે કે મોક્ષે જવામાં બે વસ્તુઓ બાકી હતી એક વસ્તુ તે સાતલવ અને બીજી વસ્તુ તે છઠ્ઠનો તપ. છઠ્ઠનું તપ બાકી રહી ગયું તેજ કારણ માત્રથી મોક્ષ જવામાં અંતરાય ઉભો થયો અને એ તપ કરવા માટે બે ભવ લેવા પડ્યા. આથી સ્પષ્ટ થાય કે જૈનશાસનમાં મોક્ષને માટે તપ અનિવાર્ય છે. દેવતાનો ભવ ૩૩ સાગરોપમનો હતો હતો પણ તેમાં એ જો છઠ્ઠનો તપ થયો હોત તો બે ભવો ઉડી જાત, મહાનુભાવો. આ બધાં સ્પષ્ટ ઉદાહરણો ઉપરથી મોક્ષને માટે તપ એ વસ્તુ કેટલી જરૂરી છે એ વાત તમેજ વિચારી લો.

---

શરણે આવેલાને રક્ષણ કરવામાં ઉત્તમ પુરૂષો વજ્રના પાંજરા સમાન છે, આ જે કહેવત છે તે જો સત્ય હોય તો હે પ્રભુ ! ભવથી મારૂં કેમ રક્ષણ કરતા નથી ? અર્થાત્ ભવથી મારો ઉદ્ધાર કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust